રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## ભાવનગર જિલ્લાની વર્ષ ૨૦૨૦-૨૧ની શ્રેષ્ઠ શાળા : મણાર લોકશાળા



મા. મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા અને પદાધિકારીશ્રીઓ દ્વારા સન્માન
સ્વીકારતા આચાર્યશ્રી ડાહ્યાભાઈ ડાંગર

વર્ષ: ૭૪ અંક : ૦૭ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૧

૨૬મી જાન્યુઆરીનું સણોસરા આરોગ્ય કેન્દ્રના કોરોના વોરિયર્સ ડૉ. હેતલબહેન માવાણી દ્વારા ધ્વજવંદન.
સંમેલનમાં પ્રજાસત્તાકનું અર્થઘટન સમજાવતા ડૉ. વિશાલભાઈ ભાદાણી





ગ્રામદક્ષિણામૂર્તિના વાર્ષિકોત્સવની સાદગીભરી ગૌરવપૂર્ણ ઉજવણી : તા. ૦૯-૦૧-૨૦૨૧





જીસીઈઆરટી દ્વારા આયોજિત ત્રિદિવસીય વાર્તાલેખન કાર્યશાળાને માર્ગદર્શન આપતાં
શ્રી સાંઈરામ દવે અને શ્રી રક્ષાબહેન દવે





# કોડિયું

વર્ષ : ૭૪ | ફેબ્રુઆરી : ૨૦૨૧ | અંક : ૦૭

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **ગાંધી અને વિજ્ઞાન**<br>પંકજ જોષી | ...૨૭૦ |
| ૦૨ | **કૃષિ સુધારણા કાયદા : હંગામા હૈ ક્યું બરપા!**<br>જય જયેન્દ્ર | ...૨૭૨ |
| ૦૩ | **આપણું સહિયારું ગાંધી-શમણું**<br>અરુણ દવે | ...૨૭૫ |
| ૦૪ | **મૂલ્યવર્ધનનું મહત્ત્વ અને ફાયદાઓ**<br>વીરાભાઈ ચાવડા | ...૨૭૮ |
| ૦૫ | **પુસ્તક પરિચય :વિદ્યાક્ષેત્રે વિચારયાત્રા**<br>ઈશ્વર પરમાર | ...૨૮૧ |
| ૦૫ | **કોરોનાની પરિસ્થિતિને અનલૉક કરવાની 'કી'**<br>એકતા પટેલ | ...૨૮૩ |
| ૦૬ | **ચરિત્રકાર રઘુવીર ચૌધરી**<br>કિરીટ દૂધાત | ...૨૮૪ |
| ૦૭ | **સાત સ્વર અને આઠ પ્રહરની સજ્જતા – શ્રી પ્રહર વોરા**<br>ભૂષણ ઓઝા | ...૨૮૯ |
| ૦૮ | **આદીવાસી પ્રજાના આલ્બર્ટ સ્વાઈત્ઝર : ડૉ.નવનીત ફોજદાર**<br>પ્રવિણચંદ્ર ઠક્કર | ...૨૯૩ |
| ૦૯ | **કિન્નરોના દેશમાં – ૧**<br>ભાણદેવજી | ...૨૯૫ |
| ૧૦ | **શિક્ષણ સાધના**<br>ક્ષિતિમોહન સેન | ...૨૯૮ |
| ૧૧ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૩૦૨ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)

**સંપાદક-મંડળ:**

ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
પ્રવીણ કુકડિયા
(મો. ૯૪૨૮૪૯૨૫૯૪)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


◆ **સૂચના** ◆

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ.,ડિમાન્ડડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

◆ **લેખ મોકલવા માટે** ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ **લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર** ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ **લેખકોને** ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

◆ **લવાજમ** ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૧૫૦/- |
| ડિપોઝિટ યોજના | રૂ.૧૮૦૦/- |

## તંત્રી સ્થાનેથી...

### ૨૧મી સદીમાં પ્રજાસત્તાક હોવું એટલે...

રોટી, કપડા અને મકાનની જેમ જ 'સ્વતંત્રતા' એ આપણી પાયાની જરૂરિયાત ગણાય. જો આમ હોય તો આપણે તેને પ્રાપ્ત કરવા માટે વ્યકિતગત અને સામુહિક રીતે મહેનત કરવી પડે. આજે માણસ વિવિધ પ્રકારની સ્વતંત્રતા ઝંખે છે : જેમ કે નિર્ણય, વ્યવસાય, જીવનસાથીની પસંદગી, ઇચ્છિત ધર્મ પાળવાની, સરકાર પસંદ કરવાની, અભિવ્યકિતની વગેરે. પણ વ્યકિતગત ધોરણે આવી સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે સામુહિક રીતે ઘણું બધું કરવું પડે. નહિતર એકની સ્વતંત્રતા એ બીજા માટે બંધન બની જાય ! સૌ પ્રથમ આપણે 'પ્રજા' માંથી 'જનતા' અને એમાંથી 'નાગરિક' બનવું પડે.

એક નાગરિક પોતાનાં વાણી, વર્તન અને વ્યવહાર દ્વારા સહિષ્ણુતાનું સ્થાપન કરે; કેમ કે સહિષ્ણુતા વગર જનતા-સત્તાક રાષ્ટ્રનું નિર્માણ થઈ શકતું નથી. આવા નાગરિકો સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને વૈવિધ્ય, સંવાદ, બંધુત્વ, જેવાં મૂલ્યોને જીવનના દરેક તબક્કે અમલમાં મૂકે. પણ આ હકીકતને આપણે છેલ્લાં ૭૦ વર્ષમાં અનેક વખત વાગોળી છે. તો અત્યારે એવું શું છે કે જેનાથી આપણી સ્વતંત્રતાને ખતરો છે ?

૨૧મી સદીને અનેક નામોથી ઓળખવામાં આવે છે; કોઈ તેને જ્ઞાનની સદી કહે છે, તો કોઈ તેને ટૅકનૉલૉજીની સદી. આમાં જ એક નવો સંકલ્પ ઉમેરાય છે. જેને Post-Truth Era એટલે કે અનુ-સત્ય યુગ તરીકે ઓળખવામાં આવે છે. એક બાજુ માહિતી અને ડેટાનો વિસ્ફોટ છે તો બીજી બાજુ ભળતી/જુઠ્ઠી માહિતીને રૂપકડાં આવરણોથી શણગારીને 'સત્ય' તરીકે રજૂ કરવામાં આવે છે. ધીમે ધીમે લોકો 'ન્યુઝ'ના બદલે 'ફેક-ન્યુઝ'થી ટેવાતા જાય છે. પણ આવું કોણ કરે છે ? આખી દુનિયામાં આજે પ્રથમ વખત વ્યાપારીઓ અને સત્તાધીશો પોતાનો વ્યાપાર/સત્તાનો ઈજારો કાયમી રહે એ માટે ટૅકનૉલૉજીનો ભરપુર ઉપયોગ કરી રહ્યા છે. બધાં જ માધ્યમો દ્વારા માત્ર એક સરખા જ સમાચારો આવે જેમાંથી એક એવું આભાસી ચિત્ર ઊભું થાય છે કે દેશ-દુનિયામાં માત્ર સારું જ થઈ રહ્યું છે ! સમીક્ષાત્મક રીતે વિચારવાની દૃષ્ટિ ખતમ થઈ રહી છે એવો ભય આપણી અંદર આકાર લઈ રહ્યો છે.

આજે આપણે શું ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, કેવા ઘરમાં રહેવું, કોને મત આપવો વગેરેના નિર્ણયો સોશિયલ મીડિયા અને મલ્ટીનેશનલ કંપનીઓ જ કરે તો આપણે સ્વતંત્ર કહેવાઈએ ? પ્રજાસત્તાક બનતાં પહેલાં પ્રત્યેક વ્યકિતએ સ્વ-સત્તાક બનવું પડે. જ્યાં પર-સત્તા છે ત્યાં જડતા અને બંધિયારપણું છે, સત્ય કરતાં ભ્રમનું સામ્રાજ્ય મોટું હોય અને વિદ્યા-ઉપાસનાથી પ્રાપ્ત થયેલ સમીક્ષાત્મક બુદ્ધિના ઉપયોગની કોઈ મોકળાશ જ ન રહે. સ્વ-સત્તાક વ્યકિત અને સમાજ પ્રયોગશીલ અને સર્જનશીલ હોય. પોતે આત્મનિર્ભર બનીને અન્યોને આત્મનિર્ભર બનાવવાનો પ્રામાણિક પુરુષાર્થ કરે. કોઈની આંધળી ભક્તિ ન કરે અને માત્ર નિંદા પણ ન કરે. કોઈ પણ વ્યકિત, વિચાર કે ટૅકનૉલૉજીની ગુલામી ન સાખી લે. પ્રકૃતિને જ ગુરુ માનીને સામુહિક પ્રસન્નતા નામના જીવનસાધ્યને પામવા માટે ગાંધી-ચિંધ્યાં પ્રગતિશીલ સાધનોનો ઉપયોગ કરીને વિશ્વશાંતિના સૈનિક બને.

૨૧મી સદીમાં પ્રજાસત્તાક હોવું એટલે સતર્ક રહીને અભાવ અને પ્રભાવ વગર સતત શીખતા રહેવાનું વલણ કેળવવું અને સૌના ભલા માટે મારા ભલાનું બલિદાન આપવું.

— (signature)

## ગાંધી અને વિજ્ઞાન
**પંકજ જોષી**

---

'ગાંધી અને વિજ્ઞાન? ગાંધી સંત હતા, મહાત્મા હતા એ બધું સાચું, પણ તેઓ અને વિજ્ઞાન એ બંને વચ્ચે વળી શું સંબંધ?' હાલના બુદ્ધિજીવી વર્ગમાં આજે પણ આવો પ્રશ્ન પુછાયા કરે છે. 'મહાત્મા ગાંધી લોકોને ભેગાં કરી જાણતા, ભારતની આઝાદી લાવવામાં તેમણે મદદ કરી, પણ એમની વિચારવાની પદ્ધતિ તો ઘણી અવૈજ્ઞાનિક હતી અને વિજ્ઞાનના તો તેઓ વિરોધી હતા.' આવું વિધાન પણ અવારનવાર સાંભળવા મળે છે, ખાસ કરીને દેશના ભણેલા-ગણેલા અને બુદ્ધિપ્રધાન લોકોમાં! વળી તેઓ એક ધાર્મિક વ્યક્તિ જરૂર હતા, પણ વૈજ્ઞાનિક અભિગમવાળા નહોતા અને આથી જ આજના વિજ્ઞાનયુગમાં તેમના વિચારો ઘણા અંશે અપ્રસ્તુત છે, એવું પણ કહેવાય છે. એટલું જ નહિ, ઘણાં લોકો તો ગાંધીના વિચારોને આધુનિક વિજ્ઞાનના સંદર્ભમાં સાવ પછાત પણ ગણે—ગણાવે છે.

આજે પણ ભારતના બુદ્ધિશાળી વર્ગમાં ગાંધી વિશેના આવા વિચારો અને છાપ વ્યાપક છે. પછી સંત મહાત્મા તરીકે તેઓ ભલે ગાંધીજીને માન અને આદર આપતા હોય, પણ એ તો અલગ વાત છે. આઝાદી પછી આ વિચાર અને છાપ એટલી હદે વ્યાપક થયાં છે; કે કરવામાં આવ્યા છે; કે આપણા દેશના ભાવિ ઘડતરના આર્થિક આયોજનોની વાત આવે ત્યારે, અથવા વિજ્ઞાનવિષયક નીતિઓની વાત આવે ત્યારે સરકાર, નીતિ નિર્ધારકો અને આયોજનપંચ તથા વિજ્ઞાનીઓ દ્વારા ગાંધીનું નામ ભાગ્યે જ લેવાય છે. ખરેખર તો એ બધાં કાર્યોમાં ગાંધીને પ્રસ્તુત મનાયા જ નથી અને આ રીતે, દેશની બૌદ્ધિક તથા વિજ્ઞાનવિષયક-નીતિઓ અને દેશના ભાવિ આયોજનો અને દૃષ્ટિમાં ગાંધી જાણે ગેરહાજર જ રહે છે. આ જ રીતે બીજી બાજુએ જોઈએ તો ગાંધી વિષેના અભ્યાસો અને ગાંધી-સાહિત્યમાં પણ વિજ્ઞાન વિષેની કોઈ પણ વાતનો મોટાભાગે અભાવ જોવા મળે છે.

દેશના કે દુનિયાના તંદુરસ્ત બૌદ્ધિક કે સાંસ્કૃતિક વિકાસ માટે આ પરિસ્થિતિ કદાચ ફાયદામાં નથી, એમ થોડું વિચારતાં અવશ્ય જણાશે. ખરેખર તો આલ્ડસ હક્સલીએ સૌથી પહેલાં એવું કહ્યું હતું કે 'ગાંધી અને તેમની ચળવળો અવૈજ્ઞાનિક' છે. તેમણે કહ્યું, 'ટૉલ્સટૉય અને ગાંધીવાદીઓ કહે છે કે 'વિજ્ઞાનનો ત્યાગ કરીને કુદરત ભણી પાછા વળો અને આદિમાનવની જેમ જીવો. આ સલાહની તકલીફ એ છે કે તે અમલમાં મૂકી શકાય તેવી નથી... શું અર્ધી માનવજાતિનો આપણી વિનાશ કરવો છે?' અને જવાહરલાલ નેહરુએ જાણે એની પૂર્તિ કરતાં જવાબ આપતા હક્સલીને લખ્યું કે 'ગાંધીનું આ વલણ યોગ્ય નથી અને તેમાં ભૂલો હોવાનો સંભવ છે.' પછી તો ભારતના વિજ્ઞાનવિષયક નીતિનિર્ધારકોએ તથા આયોજનકર્તાઓએ આ વાત ઉપાડી લીધી અને આ બધા વિષયોમાં ગાંધીને સાવ અસ્પૃશ્ય કરી મૂક્યા. દાખલા તરીકે, વિજ્ઞાની મેઘનાદ સાહાએ આઝાદી પછી દેશના આયોજનોની ચર્ચા કરતી વખતે રશિયાને લખેલું કે, 'તમને જેટલો આદર ટૉલ્સતૉય માટે છે એટલો જ આદર અમને પણ ગાંધીના આર્થિક અને સામાજિક વિચારો માટે છે.' ટૂંકમાં ગાંધીને ગેર-વૈજ્ઞાનિક અને પછાત વલણ ધરાવતા ચીતરવામાં આવ્યા અને દેશની આઝાદી પછીના કાળમાં આ છાપ બુદ્ધિશાળી વર્ગ અને નીતિના ઘડવૈયાઓમાં મજબૂત જ થતી કે કરાતી ગઈ છે.

પણ શું આ સાચી વાત છે? શું ગાંધી અવૈજ્ઞાનિક કે વિજ્ઞાન વિરોધી હતા? આધુનિક સમયમાં ગાંધી સામેની આ મોટામાં મોટી ટીકા છે. આ પ્રશ્ન વિષે અહીં કંઈક વિચાર કરીશું. શું ગાંધી ખરેખર યંત્રો અથવા ઉદ્યોગીકરણની વિરુદ્ધ જ હતા? અલબત્ત એ તો જાણીતું છે કે સીવવાના સંચાને ગાંધીએ 'સહુથી ઉપયોગી શોધોમાંનું એક' ગણાવેલ. વળી તેમનો રેંટિયો પણ એક યંત્ર જ હતું જેનો તેઓએ આખી જિંદગી પ્રચાર અને પ્રસાર કર્યો. આમ, એમ તો નહિ કહી શકાય કે તેઓ સંપૂર્ણપણે યંત્રવિરોધી હતા. સ્વાભાવિક રીતે જ તેમનું કહેવાનું એ હતું કે યંત્રો કેવળ સાધનો છે અને તે આપણાં માલિક બની જવાં જોઈએ નહિ. આ વાત તેઓ હંમેશાં કહેતા રહ્યા.

વળી, પોતાના આખાયે જીવન દરમિયાન ગાંધીએ અનેકવિધ યંત્રો જેવાં કે ટેલિફોન, ટેલિગ્રાફ, રેલવે, મોટરકાર, મુદ્રણકળા વગેરે અને અનેક ઉદ્યોગોનો પણ ઉપયોગ કર્યો જ હતો. તો પછી તેમની આવી વિજ્ઞાનવિરોધી હોવાની છાપ કેવી રીતે જન્મી અને વૃદ્ધિ પામી? કદાચ આનો જવાબ તેમના પુસ્તક 'હિન્દ-સ્વરાજ' દ્વારા મળી આવે, જેનું આ શતાબ્દી વર્ષ ચાલી રહ્યું છે. તેમાં તેમણે રેલવે, દવાખાનાં અથવા તો ડૉક્ટરો વિષે જે વાત કરી છે, અને જેવી રીતે કરી છે, તેને કારણે તેઓ વિજ્ઞાનવિરોધી હોય તેવી છાપ ઊભી થઈ હોય તેવું બને.

ઘણી વાર લોકો એ નથી સમજતા કે ગાંધી ખરેખર તો આધુનિક સભ્યતાના મોટા ટીકાકાર હતા, વિજ્ઞાન કે વૈજ્ઞાનિક વિચારપદ્ધતિના નહિ. કાળજીપૂર્વક જોઈએ અને તેમનાં લખાણો વાંચીએ તો તરત સ્પષ્ટ થશે કે તેમણે પશ્ચિમના વૈજ્ઞાનિક અભિગમ કે જુસ્સાની ટીકા ક્યારેય નથી કરી, પણ વિજ્ઞાનની શોધોના માનવતાની વિરોધમાં ઉપયોગની જ તેઓ વિરુદ્ધ હતા.

આ જ વાતને થોડી વિશેષ સમજવા માટે એ પ્રશ્ન કરીએ કે, ખરેખર તો વિજ્ઞાન એટલે શું? વિજ્ઞાન એટલે બ્રહ્માંડની રચના અને તેના મૂળભૂત નિયમોને સમજવાનો પ્રયત્ન. તેમાં વિશ્વ પણ આવી જાય અને આપણે પોતે પણ આવી જઈએ. વિજ્ઞાન એટલે વિશ્વના પાયામાં રહેલા સત્યની શોધ. ગાંધીએ તો વારંવાર અનેક જગ્યાએ સ્પષ્ટ કહ્યું જ છે કે તેમનું જીવન એ સત્યની શોધના અનેકાનેક પ્રયોગો સિવાય બીજું કંઈ જ નથી. આમ, વિજ્ઞાનની સીધી અને મૂળભૂત વ્યાખ્યાની દૃષ્ટિએ જોતાં તો ગાંધી વિજ્ઞાનવિરોધી હતા એમ કહેવાનો પ્રશ્ન જ આવતો નથી. પછી દરેકની પદ્ધતિ, પ્રયોગવિધિ તો જુદી જુદી હોય, તેમાં કોઈ વિરોધાભાસ નથી. વિજ્ઞાનમાં પણ અનેક વિજ્ઞાનો છે અને અનેકાનેક પદ્ધતિઓ, પ્રયોગવિધિઓ છે, વિવિધતાનો પાર નથી. મૂળ વાત એ છે કે હેતુ શુદ્ધ હોવો જોઈએ, સત્યની શોધનો જ. એ દૃષ્ટિએ જોતાં ગાંધીની બાબતમાં કોઈ શંકા છે જ નહિ.

ગાંધીએ અનેકવાર સ્પષ્ટ જ કહ્યું છે કે એક વિજ્ઞાનીની ચોક્સાઈથી તેઓ પોતાનું દરેક કર્મ કરવા અને તપાસવા માંગે છે. તેમના સત્યના પ્રયોગો માટે તેમણે એક વિજ્ઞાની પોતાના પ્રયોગ માટે માંગે તેટલી જ સૂક્ષ્મતા, આગળનો વિચાર તથા આયોજન માંગ્યાં છે અને કર્યાં છે. વળી, પરિણામો વિષે છેવટનો કોઈ દાવો નથી અને ખુલ્લા મન અને વિચાર રાખવાની આવશ્યકતા સદૈવ બતાવી છે. તેમણે અંતઃ-નિરીક્ષણ અને પરીક્ષણ પર વારંવાર અત્યંત ભાર મૂક્યો છે અને કહ્યું છે કે હું મારી જાતને તથા કાર્યોને સતત ઊંડાણથી તપાસતો રહ્યો છું અને પ્રત્યેક પરિસ્થિતિનું સૂક્ષ્મ વિશ્લેષણ કરતો રહ્યો છું. વિજ્ઞાનની પણ આ જ પદ્ધતિ અને કાર્યશૈલી હોય છે.

ખરેખર તો, અતિ સૂક્ષ્મ આંતઃ-નિરીક્ષણ અને નાનામાં નાની વિગતોમાં જવાની તૈયારી અને ટેવ એ ગાંધીની મોટામાં મોટી શક્તિ હતી. જે તેમનાં વિચારો, કાર્યો અને લખાણો જોઈએ તો દેખાઈ આવે છે કે કેવી સૂક્ષ્મતાથી તેઓ દરેક પરિસ્થિતિનું વિશ્લેષણ કર્યા પછી જ કોઈ પણ નિર્ણય લેતા.

## કૃષિ સુધારણા કાયદા : હંગામા હૈ ક્યું બરપા!

જય જયેન્દ્ર

---

અનેક પ્રકારની હાડમારી અને મુસીબતોમાંથી પાર પડતાં પડતાં આપણે સૌ વર્ષ ૨૦૨૧માં પહોંચી ગયા છીએ. ગત વર્ષે આપણને અનેક જખમો અને શીખ આપી. વિતેલા વર્ષની શીખનું સરવૈયું અને નવ વર્ષના આશાવાદ સાથે આપણે ૨૦૨૧માં વર્ષમાં પ્રવેશેલી ૨૧મી સદીમાં ડગ માંડ્યા છે. વિતેલાં વર્ષોની કેટલીક બાબતો આ વર્ષમાં આપણી સાથે આગળ વધી છે. કોરોના વાઈરસ તેમાંની પ્રમુખ બાબત છે, જેની સાથે આપણી મથામણ યથાવત છે. બીજી પ્રાસંગિક અને સાંપ્રત ચર્ચા છે દેશના પાટનગરની ભાગોળે આંદોલન કરી રહેલા જગતના તાત. આપણે સૌ જાણીએ છીએ કે છેલ્લા ઘણા દિવસોથી દિલ્હીની ભાગોળે આવેલી સિંઘુ અને ટિકરી બોર્ડર પર દેશના ખેડૂતો પોતાની કેટલીક માંગ સાથે કૃષિ સુધારણા કાયદા ૨૦૨૦ના વિરોધમાં આંદોલન કરી રહ્યા છે. આપણામાંના અનેક લોકો આ કાયદાનો અભ્યાસ કરી ચૂક્યા હશે તો કેટલાક લોકોએ માધ્યમોમાં વાંચ્યુ હશે. ખેડૂતો કેન્દ્ર સરકાર દ્વારા સંસદમાં પારિત કરવામાં આવેલા આ કાયદા પાછા ખેચવાની માંગ સાથે ધરણા પર છે. ખેડૂતો જે કૃષિ સુધારણા કાયદાનો વિરોધ કરી રહ્યા છે તેનો આટલો બધો વિરોધ કેમ ? આ પ્રશ્ન દરેક વ્યક્તિને થાય તે સ્વાભાવિક છે. જો કાયદા જગતના તાતનાં હિતો માટે છે તો આવી કડકડતી ઠંડીમાં રસ્તા વચાળે તંબુ તાણીને આપણા ખેડૂતો શા માટે સરકાર સામે બાંયો ચઢાવીને બેઠા છે ? આ પ્રશ્ન ખૂબ સ્વાભાવિક છે. આ તમામ બાબતોની ચર્ચા જ્યારે દેશમાં થઈ રહી છે ત્યારે એ જાણવું રસપ્રદ રહેશે કે આખરે આ કાયદાઓ છે શું ? અને એમાં એવી તો કઈ બાબતો છે કે ખેડૂતોને સત્તા સામે જંગે ચઢવાના દિવસો આવ્યા છે.

આપણી સંસદમાં લોકસભામાં ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ ખેડૂતોના ઉત્પાદનના વેપાર અને વાણિજ્ય (પ્રોત્સાહન અને સુવિધા) બિલ, ૨૦૨૦ અને કિંમતની ખાતરી અંગે ખેડૂતો (ઉત્થાન અને તેમનાં હિતોનું રક્ષણ)ની સમજૂતી અને કૃષિ સેવા બિલ, ૨૦૨૦ પસાર થયાં હતાં અને રાજ્યસભામાં પણ આ બિલ ૨૦મી સપ્ટેમ્બરે સરકાર દ્વારા પસાર કરવામાં આવ્યાં હતાં. સંસદમાં પસાર થયેલાં આ બિલ કાયદા તરીકે અમલમાં આવે એ પહેલાં દિવાળી બાદ દિલ્હીની સરહદો પર તણાવ વધી ગયો. સરકાર કહે છે કે બિલ ખેડૂતોની આવકને બમણી કરવા માટે એક મોટું આવશ્યક પગલું છે જ્યારે ખેડૂતોને અનેક પ્રકારની શંકાઓ છે. આ સ્થિતિમાં આ ત્રણેય બિલનો એક ટૂંકો પણ રસપ્રદ અભ્યાસ કરવા જેવો છે.

**૧. ધ ફાર્મર્સ પ્રોડ્યુસ ટ્રેડ એન્ડ કોમર્સ (પ્રમોશન એન્ડ ફેસિલિટેશન) ૨૦૨૦**

આ બિલ મુખ્યત્વે ખેડૂતોને તેમની ઉપજ કે તેમની જણસને ગમે ત્યાં અને ગમે ત્યારે વેચવાની સત્તા અને સ્વાયતતા આપવા માટે લાવવામાં આવ્યું છે. આ બિલ કાયદો બની જાય એટલે ખેડૂત માર્કેટિંગ યાર્ડ એટલે કે એ.પી.એમ.સી.માં જ પોતાની જણસ વેચવા બંધાયેલો નહીં રહે. સરકાર કહે છે એ મુજબ જેવી રીતે તમે તમારા ઘરે પશુપાલન કરો છો તો દૂધ વેચવા ફરજિયાતપણે ડેરીમાં જવાની ફરજ નથી પડતી એવી જ રીતે આ કાયદા હેઠળ ખેડૂતને પોતાના ખેતરમાં થતો પાક કોઈને પણ વેચવાની છૂટ મળશે. એટલે કે ભાલના ઘઉં મહારાષ્ટ્રમાં અને મધ્યપ્રદેશમાં કે પછી કોઈપણ જગ્યાએ વેચવા હોય તો ખેડૂત વેચી શકશે. ખેડૂત રાજ્યની અંદર કે બહારના રાજ્યમાં પોતાની જણસ વેચી શકશે.

**મુખ્ય જોગવાઈઓ :**

- નવો કાયદો એક ઈકોસિસ્ટમ ઊભી કરશે, જેમાં ખેડૂતો અને વેપારીઓને કૃષિ ઉત્પાદનનું વેચાણ અને ખરીદી કરવાની પસંદગી મળશે.

- આ કાયદો રાજ્યો વચ્ચે અને રાજ્યોની અંદર અવરોધમુક્ત વેપારને પ્રોત્સાહન આપશે. વળી, ખેડૂતો રાજ્ય કૃષિ ઉત્પાદન વેચાણ કાયદા અંતર્ગત અધિસૂચિત

બજારોના સંકુલની બહાર પણ તેમના ઉત્પાદનોનું વેચાણ કરી શકશે.

- ખેડૂતોને તેમના ઉત્પાદનનું વેચાણ કરવા બદલ કોઈ સેસ કે વેરો ભરવો નહીં પડે અને કોઈપણ પ્રકારના પરિવહન ખર્ચનું વહન નહીં કરવું પડે.

- બિલમાં ઇલેક્ટ્રોનિક રીતે સતત વેચાણ સુનિશ્ચિત કરવા માટે નાણાકીય વ્યવહાર માટેના પ્લેટફોર્મ પર ઇલેક્ટ્રોનિક ટ્રેડિંગ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

- મંડીઓ ઉપરાંત ખેતર, કોલ્ડ સ્ટોરેજ, વેરહાઉસ, પ્રોસેસિંગ યુનિટ વગેરે પર વેપાર કરવાની છૂટ આપવામાં આવી છે.

- ખેડૂતો તેમની ખેતપેદાશોનું સીધું વેચાણ કરી શકશે, જેથી તેમને સારામાં સારું મૂલ્ય મળશે અને વચેટિયાઓ દૂર થશે.

**શંકા :**

ખેડૂતોને ડર છે કે આ વ્યવસ્થા લાગુ થવાથી લાંબા ગાળે સરકાર ટેકાના ભાવે ખરીદી કરવાની બંધ કરી શકે છે. એટલે કે સરકાર કાલે ઊઠીને એવું કહી દે કે અમે તો તમને છૂટ આપી છે. તમને જ્યાં ભાવ મળે ત્યાં વેચી શકો છો, સરકારને હવે કંઈ લેવા દેવા નથી. ટૂંકમાં ખેડૂતોને ડર એવો છે કે સરકાર આ કાયદા થકી ટેકાના ભાવે થતી ખરીદી બંધ કરી અને છટકી જવા માંગે છે. ઉપરાંત ખેડૂતોને અને વેપારીઓને પણ ડર છે કે જો કૃષિ ઉત્પાદનનું વેચાણ એ.પી.એમ.સી. બજારો બહાર કરવામાં આવશે, તો એ.પી.એમ.સી.ની કામગીરી બંધ થઈ જશે. જો કે, સરકારના મતે કાયદો લાગુ થયા પછી પણ બજારો કામ કરતાં બંધ નહીં થાય, વેપાર અગાઉની જેમ જળવાઈ રહેશે. આ નવી વ્યવસ્થા અંતર્ગત ખેડૂતોને બજારો ઉપરાંત અન્ય સ્થળો પર તેમના ઉત્પાદનનું વેચાણ કરવાનો વિકલ્પ મળશે.

**૨ ધ કોમર્સ (એમ્પાવરમેન્ટ એન્ડ પ્રોટેક્શન) એગ્રીમેન્ટ ઑફ પ્રાઈસ અશ્યોરન્સ એન્ડ ફાર્મ સર્વિસીસ ૨૦૨૦**

આ કાયદા અંતર્ગત સરકાર ખેડૂતોને કરાર આધારિત ખેતી કરવા પ્રોત્સાહન આપવાની વાત છે. ટૂંક કરાર આધારિત ખેતી અને કાયદાકીય સ્વરૂપ આપવાની વાત છે. આ કાયદો લાગુ થવાથી કોન્ટ્રાક્ટ ફાર્મિંગ એટલે કે કરાર આધારિત ખેતીને રાષ્ટ્રીય ફ્રેમવર્ક મળશે. એટલે કે કાલ સવારે દેશની અને વિદેશની નામી કંપનીઓ ખેતીમાં ઝંપલાવી શકે છે અને તેઓ ખેડૂત સાથે કરાર કરશે કે તમે અમને આટલી ઉપજ આપો બદલામાં અમે તમને આટલા રૂપિયા આપીશું. સરકારના કાયદા મુજબ આ કારાર આધારિત ખેતીમાં જોખમ બંને પક્ષે રહેશે. ખેડૂત અને કરાર કરનાર વેપારી, કંપની કે હોલસેલર્સ કે રિટેલર્સ કે કોઈ વ્યક્તિ કે સંસ્થા જે કરાર આધારિત ખેતીમાં જોડાશે તે ખેડૂતના જોખમમાં બરાબરનો ભાગીદાર રહેશે.

**મુખ્ય જોગવાઈઓ :**

- નવો કાયદો ખેડૂતોને પ્રોસેસર્સ, હોલસેલર્સ, એગ્રીગેટર્સ, મોટા રિટેલર્સ, નિકાસકારો વગેરે સાથે સમજૂતી કરવા સક્ષમ બનાવશે, જેથી તેમને સ્પર્ધા કરવા સમાન તક મળશે. ખેડૂતોને પાકની લણણી અગાઉ સુનિશ્ચિત કિંમત મળશે.

- બજારમાં વધારે કિંમતના કેસમાં ખેડૂતોને લઘુતમ કિંમતથી વધારે કિંમત મેળવવાનો અધિકાર મળશે. એનાથી બજારના વલણનું જોખમ ખેડૂતને બદલે પ્રાયોજક પર રહેશે.

- અગાઉથી કિંમત નક્કી થવાને કારણે ખેડૂતોને બજારકિંમતમાં વધારા અને ઘટાડાથી રક્ષણ મળશે.

- આ ખેડૂતોને અદ્યતન ટેક્નૉલૉજી, શ્રેષ્ઠ બીજ અને અન્ય ગુણવત્તાયુક્ત કાચો માલ મેળવવા પણ સક્ષમ બનાવશે. એનાથી ખેડૂતો માટે માર્કેટિંગના ખર્ચમાં ઘટાડો થશે, પરિણામે એમની આવકમાં વધારો થશે.

- સમાધાન માટે સ્પષ્ટ સમયરેખા માટે અસરકાર રીતે વિવાદનું નિવારણ કરવા માટેની વ્યવસ્થા પ્રદાન કરવામાં આવી છે.

- કૃષિ ક્ષેત્રમાં સંશોધન અને નવી ટેક્નૉલૉજી પર ભાર મૂકવામાં આવશે

**શંકા :**

- કોન્ટ્રાક્ટ ફાર્મિંગ અંતર્ગત ખેડૂતો દબાણ હેઠળ રહેશે અને તેઓ નિર્ધારિત કિંમત મેળવી નહીં શકે.

- નાના ખેડૂતો કેવી રીતે કોન્ટ્રાક્ટ ફાર્મિંગ કરી શકશે, પ્રાયોજકો તેમની સાથે આ પ્રકારની સમજૂતી નહીં કરે.

- નવી વ્યવસ્થા ખેડૂતો માટે સમસ્યારૂપ બનશે.

- જો વિવાદ થશે તો મોટી કંપનીઓને ફાયદો થશે.

સરકારના મુજબ આ કાયદો લાગુ થયા બાદ ખેડૂત પોતાની ખેતપેદાશોની પસંદગીની વેચાણકિંમત નક્કી

કરવામાં કોન્ટ્રાક્ટ આધારિત ખેતીમાં સંપૂર્ણપણે હકદાર રહેશે. ખેડૂતને કરાર કરનાર વ્યક્તિએ ૩ દિવસની અંદર ચુકવણું પણ કરી દેવાનું રહેશે. સમજૂતી પર હસ્તાક્ષર કર્યા પછી ખેડૂતને વેપારીઓ સુધી ઉત્પાદન પહોંચાડવાની જરૂર નહીં પડે. ખરીદી કરનાર ઉપભોક્તા ખેતરમાંથી ઉપજને સીધી લઈ જશે.

**૩ એશેન્શિયલ કોમોડિટીઝ (અમેન્ડમેન્ટ) ૨૦૨૦**

ખેડૂતો જે આંદોલન કરી રહ્યા છે તેમાં કરાર આધારિત ખેતીનાં જોખમો અને ન્યૂયતમ સપોર્ટ પ્રાઇસ સાથેસાથે સૌથી વધુ ચિંતાનો વિષય ત્રીજો કાયદો છે. આ કાયદો વર્ષ ૧૯૯૫માં ભારત સરકાર દ્વારા ઘડવામાં આવેલા કાયદાની આવશ્યક ચીજ વસ્તુઓની જોગવાઈમાં ફેરફાર કરે છે. એટલે કે નવી વ્યાખ્યાત મુજબ દાળ, કઠોળ, ખાદ્ય તેલો અને તેના બીજ, ડુંગળી અને બટાકાનો સમાવેશ આવશ્યક ચીજ વસ્તુઓની યાદીમાં નહીં થાય. એટલે કે સરકાર આ ચીજોના સંગ્રહણ અને વિતરણ પર નિયંત્રણ નહીં રાખે. સરકારના મતે વર્તમાન સમયમાં આવશ્યક વસ્તુઓની યાદીના કાયદાના કારણે કોલ્ડસ્ટોરેજ, ગોદામો અને પ્રોસેસિંગ યુનિટ અને એક્સપોર્ટમાં રોકાણ ઓછું છે અને તેના કારણે ખેડૂતોને લાભ મળતો નથી.

**મુખ્ય જોગવાઈઓ :**

- આ કાયદો કોલ્ડસ્ટોરેજ અને ફૂડ સપ્લાય ચેઇનના આધુનિકીકરણમાં મદદ કરશે. તે ખેડૂતો તેમ જ ગ્રાહકો માટે પણ કિંમતોમાં સ્થિરતા જાળવવામાં મદદ કરશે.
- અનાજ, કઠોળ, તેલીબિયાં, ખાદ્યતેલ, ડુંગળી અને બટાટાને જરૂરી ચીજવસ્તુઓની સૂચિમાંથી દૂર કરવામાં આવ્યાં છે.
- આ ઉપજોના ઉત્પાદન, સ્ટોરેજ, મુવમેન્ટ, અને ડિસ્ટ્રિબ્યુશન પર સરકારી નિયંત્રણને દૂર કરવામાં આવશે.
- યુદ્ધ, કુદરતી આફત, અસાધારણ ભાવવધારા અને અન્ય સંજોગોમાં કેન્દ્ર સરકાર નિયંત્રણ પોતાના હાથમાં લેશે.

**શંકા :**

- ખેડૂતો અને ખેડૂત આગેવાનોને ચિંતા છે કે ખાદ્ય વસ્તુઓ પર સરકારી નિયંત્રણ હટી જવાના કારણે એક્સપોર્ટના ખેલાડીઓ કે તેજીવાળા ખેલાડીઓ સંગ્રહખોરી અને જમાખોરી કરશે. જેના કારણે આ ચીજોના ભાવોમાં અસ્થિરતા આવી જશે. વધુમાં ખાદ્ય સુરક્ષા નાબુદ થવાનું પણ જોખમ છે. રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર પાસે આ ઉપજોનો જથ્થો કેટલો છે તેની માહિતી નહીં હોય અને આનાથી કાળાબજારી બેફામ થઈ જશે.

જો કે, સરકારનું આયોજન એવું છે કે ગામેગામ કોલ્ડસ્ટોરેજ બનાવવાની યોજના દ્વારા આ ચીજોનો સ્ટોક થવાથી ખેડૂતોને ફાયદો થશે. વધુમાં ઉપરોક્ત બે કાયદા હેઠળ આ ઉપજો પણ ગમે ત્યાં વેચવાની છૂટ હોવાથી ખેડૂતોની આવક વધશે. ટૂંકમાં સરકાર તમામ સુધારાઓ 'સારામાં સારા' ગણાવી રહી છે અને ખેડૂતો કે નેતાઓની આશંકાને 'રાજકીય' અને 'વિકાસ વિરોધી' ગણાવી રહી છે.

**'સબ સલામત તો હંગામા હૈ ક્યું બરપા'**

ઉપરોક્ત કાયદાઓનો ટૂંકો ચિતાર આપ્યા બાદ કોઈપણ વ્યક્તિને એવું થશે કે આ તો સારી વાત છે આમાં તો ખેડૂતોનું ભલું જ છે. જો સૌનું સારું નરવું જ થવાનું છે તો હંગામા હૈ ક્યું બરપા ભાઈ? ખેડૂતોએ તો લાપસીના આંધણ મૂકવા જોઈએ અને વર્ષોની કાળી મજૂરી અને ઉપજના ઓછા ભાવ, પાક વીમા માટેના ધક્કા, દુષ્કાળ, અતિવૃષ્ટિ અને બિચારી બાપડી અવસ્થામાંથી મુક્તિનો આનંદ લેવો જોઈએ. છતાં વિરોધનો વંટોળ શા માટે? એક વાત એટલી પણ સત્ય છે કે વિરોધ કરી રહેલા ખેડૂતોમાં મોટો વર્ગ પંજાબનો છે. પંજાબ દેશનું અન્નદાતા છે, એવું કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી કારણ કે પંજાબ ખરા અર્થમાં અનાજનો ભંડાર છે. જાણકારોના મતે પંજાબમાં સરકાર એ.પી.એમ.સી. નેટવર્ક દ્વારા કુલ ખેતપેદાશોની ૯૦ ટકા ખરીદી કરે છે એટલે કે માત્ર ૧૦ ટકા જ મુક્ત બજારમાં વેચાણ થાય છે. ભારતમાં પંજાબની સરકાર ખૂબ મોટી સંખ્યામાં ઉપજોની ટેકાના ભાવે ખરીદી કરે છે. પંજાબના ખેડૂતોને ડર છે કે નવી વ્યવસ્થામાં સરકાર ખરેખર 'હાથ ઊંચા' કરી દે તો આપણું કોણ? વધુમાં એ.પી.એમ.સી.ના દલાલોને પણ પોતાના અસ્તિત્વની ચિંતા છે. ખેડૂતોની માંગ અને 'રાજહઠ' વચ્ચે કોણ નમતું મૂકશે તે તો સમય જ કહેશે પરંતુ જ્યાં સુધી આ સમસ્યાનું સમાધાન ન આવે ત્યાં સુધી સિંઘુ બોર્ડર પર ચાલી રહેલા 'કૃષિ મહોત્સવ'ને જોવા જેવો તો ખરો જ!

## ૦૩. કેળવણીના નવા આયામો

**આપણું સહિયારું ગાંધી-શમણું**
**અરુણ દવે**
arunlokbharti@gmail.com

---

ગાંધીવિચારને સમર્પિત એવી કાર્યરત સંસ્થાઓ આજે ભવિષ્યના આયોજન માટે ગંભીરતાથી વિચારી રહી છે એ અત્યંત આવકાર્ય અને અભિનંદનને પાત્ર છે. આ બહુ જ સ્તુત્ય કામ છે, કારણ કે સારું કામ કરતી કોઈપણ જૂની સંસ્થા એક ''મ્યુઝિયમ-પીસ'' બની જાય એ પહેલાં તેમાં સર્જનશીલ રૂપાંતરણ લાવીને તેનું તંદુરસ્ત આયુષ્ય વધારવું પડે!

વ્યક્તિ, પરિવાર, સમાજ, વિસ્તાર, દેશથી લઈને સમગ્ર બ્રહ્માંડ સુધીના એકમના અસ્તિત્વનું રહસ્ય તેમાં થતું સતત પરિવર્તન છે. પણ વૈચારિક પરિવર્તનની એક બહુ મોટી મર્યાદા છેઃ એમાં ભૂતકાળનાં સુખદ કચરાનો ભાર હોય છે. ઘણીવાર પરંપરાના નામે આપણે સહેલી, ઓછી મહેનત માગતી અને અવૈજ્ઞાનિક બાબતોને સાચવી રાખતા હોઈએ છીએ અને આપણા Comfort Zoneમાં જ રચ્યા-પચ્યા રહીએ છીએ. આ Comfort Zone આપણને સ્થગિત/જડ બનાવે છે. પણ પ્રકૃતિમાં જડતાનો અર્થ મૃત્યુ છે. જેમ એક કોશેટો આજીવન કોશેટો રહેતો નથી પણ એક નવું સ્વરૂપ ધારણ કરીને અંતે પતંગિયું બને છે. એમ જ કેળવણીમાં પણ 'પરિવર્તન'ને બદલે 'રૂપાંતરણ' થવું જોઈએ અને તેનું સ્વરૂપ તદ્દન નવું બનવું જોઈએ.

હવે જો આપણે 'રૂપાંતરણ'ની વાત સ્વીકારીએ તો પ્રશ્ન એ આવે કે આપણે એ રૂપાંતરણ કરવું કેવી રીતે? તો પ્રયોગશીલતા, સર્જનશીલતા અને સ્વતંત્રતા આ રૂપાંતરણના આધારસ્તંભો છે. આવતાં દસ વર્ષમાં આપણે કેવા અને કેટલા પ્રયોગો કરવા મોકળા છીએ તેની યાદી બનાવીએ. આપણી બીબાઢાળ પ્રક્રિયાઓ, કાર્યક્રમો, પદ્ધતિઓમાં સર્જનશીલતા દ્વારા ઊર્ધ્વીકરણ કરીએ. નવા અને જૂના બંને કાર્યકરોને આપણા ધ્યેયને પ્રાપ્ત કરવા માટેની એમની પોતાની પદ્ધતિઓ અમલીકૃત કરવાની સજ્જતા સાથેની સ્વતંત્રતા આપીએ.

આપણી સંસ્થાઓમાં પરંપરા અને વડીલોના આદેશ-સલાહથી કંઈ જુદું કરવાને અવિવેક અથવા પરંપરા તોડનાર ગણાવીને ક્યારેય સંશોધનાત્મક અને સર્જનાત્મક વલણોને પ્રોત્સાહિત કર્યાં જ નથી! આ સ્થગિતતા-જડતાએ આપણી સંસ્થાઓને વિશ્વસમાજથી પાછળ રાખી દીધી છે અને હવે જો આપણે સર્જનશીલ રૂપાંતરણ નહીં કરીએ તો આપણી પાસે ગમે તેવા ઉચ્ચ જીવન મૂલ્યો હશે તો પણ અપ્રસ્તુત બની જઈશું એમાં કોઈ જ શંકા નથી. ખલીલ જિબ્રાને કહ્યું છે કે ''કેળવણીએ આપણને મૂળ અને પાંખ બંને બાબતો આપવાની છે.'' પરંપરા આપણને મૂળથી જોડી રાખે છે પણ પાંખનું શું? પાંખ આપણને કાયમ નવા નવા વિચારો સ્વીકારવા અને અમલ કરવાની યોગ્યતા બક્ષે છે.

જીવનમૂલ્યો હંમેશાં શાશ્વત જ હોય છે પણ તેને સાકાર કરવા માટેનાં સાધનો, કાર્યક્રમો, પદ્ધતિઓ સાધ્ય પ્રમાણે બદલાતાં રહેવા જોઈએ. આ લૌચિકતા જે તે સમયની પરિસ્થિતિને અનુકૂળ હોવી જરૂરી છે. આપણે સાધ્ય, સાધન, પદ્ધતિ અને પરંપરા વચ્ચેનો ભેદ સમજ્યા વગર તેનો ખીચડો કરી નાખ્યો છે ! પરંપરા અને વડીલોના વિચાર-ઉપદેશ જે તે સમયના સંદર્ભે જ હોય છે. એ શાશ્વત હોય જ ન શકે. આથી જ ગાંધીજીએ પોતાના છેલ્લા વિચારને

અંતિમ ગણવાની વિનંતી કરી છે!

આપણે જે વિસ્તારમાં રહીએ છીએ તેની સંસ્કૃતિ અને સ્થાનિક પ્રકૃતિને અનૂકુળ હોય, રાષ્ટ્રીય અને વૈશ્વિક સંદર્ભે તેનું સંવર્ધન અને સમૃદ્ધિ કરતાં હોય તે પ્રકારના વિચારોને સ્વીકારવા તેમાં જ ડાહપણ છે.

યુનિવર્સિટીથી લઈને કંઈ પણ કરવું હોય તો તે કરી શકાય પણ તે શા માટે કરવું છે તેની સ્પષ્ટતા હોવી જરૂરી છે. કોઈ સાથે સરખામણી, હરીફાઈ કે વટ પાડવા કરવા થતો પ્રયત્ન લાંબા સમયે આત્મઘાતી નીવડે છે. ઉપયોગિતા-જરૂરિયાત એ પાયામાં હોવી અનિવાર્ય છે. આપણા તમામ કાર્યક્રમોને ફૂલ સાથે સરખાવીએ તો એ ફૂલોના હારનો દોરો ગાંધીવિચાર છે અને તેમાંથી ઉજાગર થતું મનુષ્યત્વ એની સુગંધ છે.

આટલી ભૂમિકા પછી મારા પૂરા ૫૦ વર્ષના અનુભવે મને નમ્રપણે એમ લાગે છે કે નીચેની બાબતો સંદર્ભે આપણે સહચિંતન કરીને આગળ વધવું જોઈએ. સંભવ છે કે કોઈ બાબતમાં સહમતી ન પણ સધાય, એવા કિસ્સામાં આપણે સંવાદ કરી શકીએ.

૦૧. આપણા બધા કાર્યક્રમો સંપૂર્ણ રીતે જરૂરિયાત-આધારિત (Need-based) હોવા જોઈએ. આ જરૂરિયાત સમજવા માટે રીતસરના વૈજ્ઞાનિક સર્વે હાથ ધરવા. વૈજ્ઞાનિક તપાસ બાદ જેની જરુરિયાત ન હોય તેને ગમે તેટલાં વર્ષોથી ચલાવતા હોઈએ તો પણ બંધ કરવા.

૦૨. કાયમી-સ્થાયી સરકારી આર્થિક સહાયમાંથી ક્રમશઃ શક્ય તેટલા વહેલા મુક્ત થવું કારણ કે તો જ આપણે પ્રયોગશીલ, સર્જનશીલ અને સ્વતંત્ર રહી શકીશું. આપણે હવે સ્વ-નિર્ભર કાર્યક્રમો તરફ આગળ વધવું જોઈએ.

૦૩. સરકાર આધારિત કોઈપણ નવા કાર્યક્રમો શરૂ ન કરવા.

૦૪. જે કામ કરીએ તે ગાંધીવિચાર આધારિત જીવનશૈલીને ઉજાગર કરતુ હોવું જોઈએ.

૦૫. નાનું, ઓછું અને ટૂંકાગાળાનું ભલે હોય પણ કામ નક્કર અને ગુણવત્તાસભર હોય.

૦૬. જે તે કામ-યોજના માટેના જો તજજ્ઞ, સમર્પિત, નિષ્ઠાવાન અને કર્મઠ કાર્યકર મળે તો જ તે શરૂ કરવા અથવા આવા યોગ્ય માણસો શોધ્યા પછી જ શરૂ કરવા. કાર્યકરોમાં જેટલું વૈવિધ્ય (ઉંમર, અભ્યાસવૃત્તિ, તજજ્ઞતા, ભાષા, પ્રદેશ) વધારે એટલી કામની ગુણવત્તા સારી.

૦૭. હવે શક્ય હોય તેટલા ટૂંકાગાળાના કાર્યક્રમો શરૂ કરવા જેથી તે પરિણામલક્ષી બને.

૦૮. શિક્ષણના ક્ષેત્રમાં વિદ્યાર્થીને આત્મનિર્ભર-સ્વાવલંબી બનાવતાં વ્યવસાયલક્ષી કાર્યક્રમો—કોર્સ જ શરૂ કરવા. આ સંદર્ભે તદ્દન નવા કોર્સ — શક્ય હોય તો આપણી સ્થાનિક જરૂરિયાતોને પોષે તેવા આપણે જાતે ઘડીએ.

૦૯. શિક્ષણમાં હવે વિષય આધારિત નહીં પણ ઘટના-આધારિત (Phenomena-based learning) અનુભવ -પ્રવૃત્તિ દ્વારા અને જીવાતા જીવન સાથે અનુબંધ સાધી આપતી શિક્ષણ પ્રણાલી અપનાવવી. વર્ગખંડમાં ભાષણ-પદ્ધતિની ગુલામીમાંથી ધીમે ધીમે નીકળી જઈએ.

૧૦. આપણે કોરોનાકાળ પછી હવે નઈ તાલીમની સંસ્થાના સમૂહ-જીવન-છાત્રાલય સંદર્ભે પુનઃ વિચારવું જોઈએ. આથી ત્રણ પ્રકારના શિક્ષણ કાર્યક્રમો યોજવા.

(અ) જેમાં છાત્રાલય ફરજિયાત હોય (છાત્રાલયયુક્ત નઈ તાલીમ)

(બ) જેમાં છાત્રાલય મરજિયાત હોય (સ્વૈચ્છિક છાત્રાલયયુક્ત નઈ તાલીમ)

(ક) ફૂલ ડે – ૧૧-૦૦ થી ૫-૦૦ની જ વ્યવસ્થા હોય (છાત્રાલયમુક્ત નઈ તાલીમ)

૧૧. આપણા તમામ કાર્યક્રમોમાં નીચેનાનું સ્થાન અવશ્ય હોયઃ

A. સંવાદ, અવલોકનો, પર્યટનો (વિદ્યાર્થીઓ, અધ્યાપકો, કાર્યકરો સૌ માટે) વગેરે.

B. લલિતકલાઓ.

C. સહશિક્ષણ.

D. ઉત્પાદક શરીરશ્રમ.

E. ૨૧મી સદી માટે જરૂરી કૌશલ્યો.

F. વ્યાયામ, યોગ, રમત-ગમત.

G. અત્યાધુનિક ટેક્નૉલૉજીનો કાર્યક્ષમ અને વિવેકપૂર્ણ ઉપયોગ.

H. સ્થાયી વિકાસ/ઈકોફ્રેન્ડલી વિચારધારા—જેમ કે આપણાં નવાં ક્વાર્ટર્સ અને અન્ય તમામ મકાનો સસ્ટેનેબલ જ હોય.

I. પ્રોફેશનલ અભિગમ.

૧૨. જરૂરિયાત-આધારિતના ગ્રામવિકાસના કાર્યક્રમોમાં પણ ટેક્નૉલૉજીનો ભરપૂર ઉપયોગ કરીને ગુણવત્તા આધારિત સ્થાયી વિકાસ સધાતો હોવો જોઈએ.

૧૩. જે તે ક્ષેત્ર કે કાર્યક્રમની સાથે જોડાયેલ લાભાર્થીઓ, શુભેચ્છકો, માર્ગદર્શકો, દાતાશ્રીઓ વગેરેની યોગ્ય ભાગીદારી.

૧૪. વહીવટી માળખું શિક્ષણ પર હાવી ન બનવું જોઈએ પણ એને પૂરક બનવું જોઈએ.

૧૫. કેટલીક નવી વિદ્યા/વિષયોમાં આપણે જંપલાવવું જોઈએ જેમ કેઃ

A. Design Thinking

- એક ફરજિયાત વિષય તરીકે.

B. Creativity and Innovation

- એક ફરજિયાત વિષય તરીકે.

C. Artificial Intelligence & Big Data

- વહીવટી અને શૈક્ષણિક પ્રક્રિયાઓ માટેની વ્યવસ્થા તરીકે.

D. Blended-Learning

- વર્ગખંડ શિક્ષણની પદ્ધતિ તરીકે.

E. Patent Filing

- સંશોધનાત્મક પડકાર તરીકે દર બે વર્ષે બે-ત્રણ પેટન્ટ ફાઈલ કરી શકીએ એ કક્ષાનું સંશોધન.

F. Collaboration

- આપણે જે ક્ષેત્રમાં ઉત્તમ કામ કરવું છે એ ક્ષેત્રના રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય તજ્જ્ઞો અને સંસ્થાઓ સાથે સક્રિય કોલાબરેશન/જોડાણ કરવું.

G. Next-Line of Leadership

- ક્ષમતાવાન પ્રતિભાને તેની ઉંમર, લાયકાત અને અનુભવથી પર જઈને તેના સામર્થ્યને આધારે યોગ્ય જવાબદારીઓ આપીને ધીમે ધીમે તૈયાર કરવી.

આ બધી જ બૌદ્ધિક પ્રક્રિયાઓને અંતે આપણી પાસે સર્વાંશે ૨૧મી સદીની નઈ તાલીમનું સ્વરૂપ હાથ લાગવું જોઈએ. આદર્શ ગાંધી-શમણું તો એ હોઈ શકે જે આજની નઈ તાલીમથી ચડિયાતું હોય. આપણે સૌ આ યાત્રામાં સાથે છીએ.

●---------●●●--------●●●---------●

મેનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, લોકભારતી, સણોસરા, મો. ૯૪૨૬૪૬૧૨૭૭

## મૂલ્યવર્ધનનું મહત્ત્વ અને ફાયદાઓ

વીરાભાઈ ચાવડા
vbchavdaahir@gmail.com

ભારત કૃષિ પ્રધાન દેશ હોવાથી રાષ્ટ્રની આવકમાં કૃષિ પેદાશોનો મોટો હિસ્સો છે. ઉત્તરોતર કૃષિ વિકાસને પરિણામે આજે ભારતમાં અનાજનું વાર્ષિક ઉત્પાદન લગભગ ૨૯૧.૯૫ મીલિયન ટને (૨૦૧૯-૨૦) પહોંચી ગયેલ છે. જો કૃષિ સંલગ્ન અન્ય પેદાશોને પણ ધ્યાનમાં લઈએ તો આ આંકડો ૪૦૦ મીલિયન ટન જેટલો થાય. આમ અનાજની બાબતમાં હવે આપણે સ્વનિર્ભર બની ગયા છીએ. પરતું જો ઉત્પાદન પછીના તબક્કા ઉપર વિચારીએ તો આ દિશામાં અપુરતી સંગ્રહ શકિત, વૈજ્ઞાનિક અભિગમ તથા ચીલાચાલુ પ્રકિયાઓને પરિણામે કુલ ઉત્પાદનના ૧૦થી ૧૫ ટન જેટલું અનાજ તથા ૩૫થી ૪૦ ટકા જેટલાં ફળ-શાકભાજી વપરાશકાર સુધી પહોંચતાં જ નથી. વળી, કૃષિ પેદાશોને તે જ સ્વરૂપમાં કે પરંપરાગત પ્રકિયા કરી ઉત્પાદિત બજારોમાં રૂપાંતરિત કરી બજારમાં વહેંચવાથી તેનું પોષણક્ષમ વળતર મળતું નથી. આમ, વિપુલ માત્રામાં કૃષિ ઉત્પાદન થવા છતાં હજી પણ કાપણી બાદ યોગ્ય રીતે પ્રકિયા ન કરવાને કારણે બગાડ રોકી શકાયો નથી અને ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળતા નથી.

અન્ય દેશોની સરખામણીએ આપણા દેશમાં પાકની કાપણી પછી તેના પ્રોસેસિંગનું પ્રમાણ બે ટકા જેટલું જ છે. વળી, ફળ, શાકભાજી, મસાલા અને ઔષધીય પાકો તથા તેલીબિયાંના પાકોના ઉત્પાદનમાં વિશ્વમાં આપણું સ્થાન ખૂબ જ ઊંચુ હોવા છતાં વિશ્વની નિકાસ બજારમાં આપણો ફાળો એક ટકા કરતાં પણ ઓછો છે. વળી, જ્યારે નવી આર્થિક નીતિને પરિણામે ખુલ્લી બજાર વ્યવસ્થામાં ટકવું જ હોય તો આપણી કૃષિ પેદાશોને યોગ્ય ગુણવત્તાવાળી બનાવટોમાં તબદીલ કરવી પડશે તથા આ માટે આપણે વૈજ્ઞાનિક અભિગમ અપનાવી પ્રોસેસિંગ દ્વારા મૂલ્યવર્ધક બનાવટોમાં આપણી કૃષિ પેદાશોને રૂપાંતરિત કરવી પડશે.

દેશમાં અત્યારે અંદાજે ૭થી ૭.૫ અબજનું કૃષિ અને કૃષિ આધારિત પેદાશો જેવી કે બાગાયત, પશુપાલન, મરઘા-બતકા પાલન અને મસ્ત્યઉદ્યોગમાંથી ઉત્પાદન મળે છે. દેશનો મોટો ભાગ એટલે કે ૬૦થી ૬૫ ટકા વસ્તી સીધી કે આડકતરી રીતે કૃષિ અને તેને સંલગ્ન ઉદ્યોગો ઉપર આધારિત છે. જો તે સૌને તંદુરસ્ત રાખવા હોય તો કૃષિ પેદાશ અને તેને સંલગ્ન તમામ ઉદ્યોગોમાંથી બનતી વસ્તુઓના પોષણક્ષમ ભાવો મળવા ખૂબ જ જરૂરી છે. આને માટે દરેક મૂલ્યવૃદ્ધિ (વેલ્યુ એડીશન) અતિઆવશ્યક છે. જેને સૌએ સમજી લેવાની ખૂબ જ જરૂર છે.

**મૂલ્યવૃદ્ધિ એટલે શું?**

મૂલ્યવૃદ્ધિ (વેલ્યુ એડીશન) એટલે મૂલ્યમાં કે કિંમતમાં વધારો કરવાની ક્રિયા. બીજી રીતે કહીએ તો કૃષિપેદાશોને બારોબાર એમને એમ ન વેચી દેતા, તેના ઉપર કોઈપણ જાતનું પ્રોસેસિંગ કે પ્રસંસ્કરણ કરી તેની કુલ કિંમતમાં જે વધારો કરી શકાય તેને મૂલ્યવૃદ્ધિ કહેવાય છે. કોઈપણ વ્યકિત, કંપની કે સંસ્થા પોતાની પ્રોડક્ટના મૂલ્યમાં વધારો કરવા માટે વિવિધ ઉપાયો હાથ ધરે છે. આવી પ્રોડક્ટને વેલ્યુ એડેડ પ્રોડક્ટ તરીકે ઓળખવામાં આવે છે.

**મૂલ્યવૃદ્ધિ શા માટે ?**

અત્યારે દરેક વસ્તુ મુકત વિશ્વબજારમાં સ્પર્ધાત્મક બની છે. વિશ્વબજારમાં ટકી રહેવા અને ઉચ્ચતમ ભાવ મેળવવા માટે વસ્તુની ગુણવત્તા જાળવવી અંત્યંત જરૂરી છે. કોઈપણ પ્રોડક્ટનું મહત્ત્વ ત્યારે જ વધે અને તેની ગુણવત્તા હોય તો જ તે બજારમાં ટકી શકે અને આંતરાષ્ટ્રીય હરીફાઈનો સામનો કરી શકે છે. દુનિયામાં દરેક પ્રોડક્ટ માટે વિવિધ ધોરણો નિયત કરવામાં આવ્યા છે, જેના લીધે ચીલાચાલુ માલને બદલે તેના ધોરણો મુજબનો માલ પેદા કરવામાં આવે તો તેના માલનો નિકાલ કરી શકાય છે. તથા આ રીતે માલની વેલ્યુ વધારીને વેલ્યુએડીશનનો લાભ મેળવી શકાય છે. પરિણામે ઉત્પાદકને ઊંચા ભાવ મળવાની

સાથે રાષ્ટ્રની ઉન્નતિમાં પણ મહત્ત્વનો ફાળો આપી શકાય છે. દેશની આર્થિક કરોડરજ્જુ એ કૃષિ જ છે અને જો કૃષિમાં આવો નૂતન અભિગમ અપનાવાય તો દેશની આર્થિક સ્થિતિ ચોક્કસ ધ્યાન ખેંચે એ રીતે સુધરી શકે એમાં કોઈ બે મત નથી. જે સ્વપ્ન આપણે સૌએ સાથે મળીને સાકાર કરવાનું છે. અને જો એ સ્વપ્ન સાકાર થાય તો આપણે સૌ ભાગ્યશાળી જ નહીં બલકે અહોભાગી કહેવાઈશું અને એ દિવસ હરિયાળી ક્રાંતિ માટેનો સુવર્ણ દિન લેખાશે.

દક્ષિણ ગુજરાતની જ વાત કરીએ તો કેરી અને ચીકુની સીઝનમાં કેરી અને ચીકુના ભાવો તળીએ બેસી જાય છે. આપણી પાસે કોઈ કોલ્ડ સ્ટોરેજ કે પ્રોસેસિંગ યુનિટ નથી. આથી તાજો માલ વેચવા સિવાય કોઈ ચારો નથી. ખેડૂતો કમાય તેનાં કરતાં અનેક ગણી રકમ વચેટિયાઓ, દલાલો કે વેપારીઓ કમાય છે. જેણે જોયું, જાણ્યું કે અનુભવ્યું નથી તેવા આ વચેટિયાઓ ખેડૂતની આવકનો/નફાનો મોટો ભાગ દલાલી કે કમીશનના રૂપમાં મેળવી લેતા હોય છે. બીજી રીતે જોઈએ તો સીઝનમાં પાણીના ભાવે વેચેલી વસ્તુ ઑફ સીઝનમાં ગ્રાહકો કે ઉપભોક્તાઓને ખૂબ જ ઊંચા ભાવે એટલે કે બેથી ત્રણ ગણા રૂપિયા આપીને ખરીદવી પડતી હોય છે. આથી ઉત્પાદકો અને ઉપભોક્તાઓ વચ્ચેની વચલી કડી વચેટિયાઓને દૂર કરવા વેલ્યુએડીશન એક અગત્યનો ભાગ ભજવી શકે તેમ છે.

**વેલ્યુએડીશનની વિવિધ રીતો :**

કૃષિ પેદાશની જાતો પ્રમાણે પાક પાક પ્રમાણે પ્રકાર અને પરિસ્થિતિ પ્રમાણે વિવિધ પ્રકારની પદ્ધતિઓ/રીતો અપનાવવામાં આવે છે.

**ગ્રેડિંગ દ્વારા મૂલ્યવૃદ્ધિ :**

કોઈપણ પ્રોડક્ટ અથવા ખેતપેદાશોનું ગ્રેડિંગ (વર્ગીકરણ) તેની જાત, કદ, વજન ગુણધર્મો વિગેરે અનેક બાબતોને ધ્યાને લઈ કરવામાં આવે છે. ગુણવત્તા, કદ, રંગ, આકાર વિગેરેના આધારે વર્ગીકરણ કરેલ ખેતપેદાશના ભાવ વધુ મળે છે. દા.ત. કેરી, કેળા, ચીકુ, ભીંડા, રીંગણ વિગેરે ફળ શાકભાજીના પાકોનું વર્ગીકરણ કરી અલગ તારવવાથી તેને ઊંચા ભાવે વેચી શકાય, ઉત્પાદકને ઇચ્છિત ભાવ મળશે અને ઉપભોક્તાને ઇચ્છિત ગુણવત્તાવાળી વસ્તુઓ મળશે.

ખેતપેદાશનું વર્ગીકરણ કરવાથી તેની ગુણવત્તા, મૂલ્ય અને ઉત્પાદક તથા ઉપભોક્તા બંન્નેનો સંતોષ વધે છે.

**પ્રોસેસિંગ દ્વારા મૂલ્યવૃદ્ધિ :**

ખૂબ જ જલદીથી બગડી જતી પ્રોડક્ટ જેવી કે દૂધ, ફળો, શાકભાજી, ફૂલો વિગેરે લાંબો સમય સાચવી શકાતાં નથી કે સંગ્રહ કરી શકાતો નથી. આથી તેને તાજેતાજાં જ વેચવા પડે છે. જેનાથી ઉત્પાદન કરનારને મંદીના સમયે પણ તે પ્રોડક્ટ મજબૂરીથી વેચી દેવી પડતી હોય છે. આથી અપેક્ષિત ભાવો મળતા નથી. આથી જો આવી ખેતપેદાશનું પ્રોસેસિંગ કરવામાં આવે તો તેના મૂલ્યમાં અનેકગણો વધારો કરી શકાય છે. ખાસ કરીને એવી સીઝન કે જયારે ફળ, શાકભાજી અને અન્ય ખેતપેદાશોનો બજારમાં ભરાવો થાય તેવા સમયે ઉત્પાદકોને તેના ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળતા નથી. એવા સમયે જો પ્રોસેસિંગ કરવામાં આવે અને તેની વિવિધ બનાવટો બનાવીને વેચવામાં આવે તો આર્થિક રીતે વધુ લાભ મેળવી શકાય છે. ખાસ કરીને બાગાયતી ખેતપેદાશો અને ડેરી ઉદ્યોગમાં પ્રોસેસિંગ અનિવાર્ય છે. પ્રોસેસિંગ કરેલ પેદાશની નિકાસ કરીને વધુ ભાવ મેળવી શકાય છે.

આમ, જો સમયાંતરે વિચારીએ તો પ્રોસેસિંગ કરવાથી ખેતપેદાશની ગુણવતા વધે છે. ખેતપેદાશોનો બગાડ થતો અટકે છે. તેના પોષણક્ષમ ભાવો મળે છે તથા ઉપભોક્તાઓને બારેમાસ જે તે પેદાશો ઉપલબ્ધ બની શકે છે. દા.ત. સીઝનમાં ૨ રૂપિયે કિલો વેચતા ચીકુ તેના પ્રોસેસિંગથી અનેકગણા મોંઘા બની શકે છે. તેવી જ રીતે સીઝનમાં કેરીમાંથી રસના બાટલા ભરવામાં આવે તો તેના ઊંચા ભાવ મળી શકે છે. સીઝનમાં પાણીના ભાવે વેચાતાં શાકભાજીનું જો પ્રોસેસિંગ કરવામાં આવે તો તેના ઊંચા ભાવ મળી શકે છે. જો સહકારી ધોરણે આવી વ્યવસ્થા થાય તો ખેડૂતોને તેમની ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળે તથા બીજી બાજુ લોકોને ઇચ્છિત સમયે ઇચ્છિત વસ્તુ મળી શકે.

**ખેતપેદાશ (પ્રોડક્ટ) પેકિંગ દ્વારા મૂલ્યવૃદ્ધિ :**

કોઈપણ ખેતપેદાશને તેની જાત, ગુણવત્તા, કદ, રંગ, ચળકાટ વિગેરે ગુણોને અનુરૂપ યોગ્ય પેકિંગમાં પેક કરવામાં આવે તો તેના ઊંચા ભાવો મળી શકે છે. યોગ્ય પેકિંગ દ્વારા પેદાશની ગુણવત્તા લાંબો સમય જાળવી શકાય છે તથા લાંબા સમય સુધી સાચવી શકાય છે. યોગ્ય પેકિંગ

કરવાથી ખેત પેદાશની હેરફેર સરળતાથી થઈ શકે છે. હેરફેર કે ટ્રાન્સપોર્ટેશન વખતે નુકશાન થતું નથી. આજના હરીફાઈના યુગમાં કોઈપણ પેદાશ માટે તેનું યોગ્ય, આકર્ષક અને ગ્રાહકને જોતજોતામાં જ ગમી જાય તેવુ પેકિંગ ખૂબ જ જરૂરી છે. જો તમારી પ્રોડક્ટની ગુણવત્તા ગમે તેટલી સારી હશે પણ જો પેકિંગ સારું નહીં હોય તો તે વસ્તુ ખરીદવામાં ગ્રાહક બે વાર વિચારશે. આથી ખેડૂતમિત્રો તમારી પેદાશોનું યોગ્ય પેકિંગ કરવાનું ક્યારેય ભૂલશો નહીં, નહીંતર સારી વસ્તુ હોવા છતા ઇચ્છિત ભાવ મેળવવામાં મુશ્કેલી પડશે.

**કોલ્ડ સ્ટોરેજ દ્વારા મૂલ્યવૃદ્ધિ :**

ફળ અને શાકભાજીનું ઉત્પાદન સીમિત હોઈ બજારમાં એક સાથે વધારે જથ્થો આવે છે. અર્થશાસ્ત્રના લૉ ઑફ ડીમાન્ડ એન્ડ સપ્લાય અંતર્ગત બજારમાં માલનો ભરાવો થવાથી તેના બજારભાવ ઘટે છે. આવા સંજોગોમાં આવા માલને કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરીને જયારે તે ઉપલબ્ધ ન હોય તેવી ઑફ સીઝનમાં બહાર કાઢીને વેચવામાં આવે તો તેના મૂલ્યમાં સારો એવો વધારો મળી શકે છે. દા.ત. ખેડા જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજમાં બટાટાનો મોટા પાયે સંગ્રહ કરીને ઑફ સીઝનમાં ખેડૂતો સારા ભાવો મેળવે છે. એવી જ રીતે દક્ષિણ ભારતમાં ફૂલો અને માછલીની ખેતીમાં કોલ્ડ સ્ટોરેજનો સક્ષમ ઉપયોગ થાય છે. દક્ષિણ ગુજરાતના કોલ્ડ સ્ટોરેજ કદાચ નિદર્શનમાં રાખવા જેવી બાબત છે. પણ કોલ્ડ સ્ટોરેજ બાગાયતી વિસ્તારમાં હોવા અનિવાર્ય છે, એવું કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. આ દિશામાં સક્રિય વિચારણા કરવાની તાતી જરૂરિયાત છે.

**મૂલ્યવૃદ્ધિના ફાયદાઓ :**

- કાપણી બાદ તથા બગાડના પ્રમાણમાં ઘટાડો થવાતી ખાદ્ય વસ્તુઓની ઉપલબ્ધતામાં વધારો થાય છે. બગાડ અટકાવાથી ઉત્પાદન અને ઉપભોક્તા બંનેને ફાયદો થાય છે.
- ઉત્પાદક અને ઉપભોક્તા બંનેને સારી વસ્તુ અને સારા લાભ મળે છે.
- ખોરાકની ઉપલબ્ધતા અને વિવિધતા વધે છે.
- પોષણક્ષમ આહાર મળે છે.
- નિકાસમાં વધારો કરી હૂંડિયામણ (વિદેશી) વધારે કમાઈ શકાય છે.
- પર્યાવરણની જાળવણી અને સમતુલા વધે છે.
- જીવનધોરણમાં સુધારો થાય છે.
- ઑફ સીઝનમાં પણ વસ્તુ ઉપલબ્ધ બને છે.
- આરોગ્યના પ્રશ્નો ઘટી શકે છે.
- ઉચ્ચ ગુણવત્તાવાળી પેદાશો મળે છે.
- આર્થિક વળતર વધુ મળે છે.
- પોસ્ટ હારવેસ્ટ લોસિસ અટકાવી શકાય છે.
- પેદાશોની સંગ્રહ શક્તિમાં વધારો થાય છે.
- પેદાશો વધુ પોષણક્ષમ, સ્વાદિષ્ટ તથા આકર્ષક બને છે.
- મૂલ્ય વર્ધક યુનિટો (કૃષિ ઉદ્યોગો) દ્વારા માનવ રોજગારીની તકો વધારી શકાય છે.
- ખેડૂતોને તેઓની ઉપજના વધારે ભાવ મળવાથી ગ્રામ્ય સ્તરે સામાજિક અને આર્થિક ધોરણો સુધારી શકાય છે.

માલની ગુણવત્તા ન હોય અથવા યોગ્ય ગુણવત્તા કે ધોરણ ધરાવતો ન હોય તો તેના સારા ભાવ મળતા નથી. હલકી ગુણવત્તાવાળો કે યોગ્ય ધારાધોરણ ન ધરાવતો હોય તેવો માલ બજારમાં ઇચ્છિત ભાવે વેચાતો નથી. તથા તેવા માલની નિકાસ પણ થઈ શકતી નથી. આથી ખેડૂત મિત્રોને ખાસ વિનંતી કે બજારમાં માત્ર ઉચ્ચ ગુણવત્તાવાળો માલ જ ખપશે, ગ્રાહકોને ગુણવત્તા સાથે કોઈ જ બાંધછોડ કરવાની ગમતી નથી. આથી આપના ઉત્પાદનની ઉચ્ચ ગુણવત્તા જાળવો અને અપેક્ષિત ઊંચા ભાવ મેળવવાની આશા રાખો. માત્ર આશા જ ન રાખો પણ મેળવો જ મેળવો. આપના માલની યોગ્ય ગુણવત્તા જાળવવા માટે યોગ્ય પ્રસંસ્કરણ ટેક્નૉલૉજી અપનાવો.

અત્યારે આપણા દેશમાં મૂલ્યવૃદ્ધિનું પ્રમાણ નજીવું જ છે. જે જથ્થા પ્રમાણે અંદાજે ૨%, મૂલ્ય પ્રમાણે ૧૦% અને કુલ ઉત્પાદનમાં આશરે ૪% કરતાં પણ ઓછા ફળોનું પ્રસંસ્કરણ થાય છે. માટે આ પ્રમાણ વધારીને ખેડૂત, ઉપભોક્તા, દેશ અને ખેતીવાડીની આર્થિક સ્થિતિ ઘણી સુધારી શકવાની ઊજળી તકો રહેલી છે. સાથે મળી સૌ આ દિશામાં વિચારીએ તો કૃષિ માટે એક મહાયજ્ઞ કર્યાનું પુણ્ય મળશે.

●---------●●●--------●●●---------●

અધ્યાપક, લોકસેવા મહાવિદ્યાલય, લોકભારતી,
સણોસરા, તા. સિહોર, મો. ૯૯૨૪૨૪૭૧૪૬

## પુસ્તક પરિચય :વિદ્યાક્ષેત્રે વિચારયાત્રા

### ઈશ્વર પરમાર

---

જર્મન નવલકથાકાર હરમન હેસની પ્રસિદ્ધ નવલકથા 'સિદ્ધાર્થ'ના નાયક સિદ્ધાર્થની કમલા (નગરવધૂ) સાથેની એ પહેલી જ મુલાકાત હતી. એ વખતે કમલાએ વાતવાતમાં તેને પૂછ્યું, 'તું શું શું કરી શકે છે?' સિદ્ધાર્થે જણાવ્યું, 'હું રાહ જોઈ શકું છું; હું ઉપવાસ કરી શકું છું અને હું વિચાર કરી શકું છું.' સિદ્ધાર્થની વિચાર કરી શકવાની આવડત થકી કમલા વિશેષ પ્રભાવિત થઈ...

વિચારી શકવું એ કેળવી શકાય તેવી વિશિષ્ટ શક્તિ છે. 'વિચાર' શબ્દનો અર્થવિસ્તાર વિશાળ છે. એના અર્થના વિસ્તારની સીમામાં ચિંતન અને મનનનો પણ સમાવેશ થઈ જાય છે. વિચારશીલ માનવ સ્વવિકાસની સીમામાં પુરાઈ રહેવાને બદલે સમગ્ર સમાજના હિતાર્થે પોતાની પસંદગીના ક્ષેત્રમાં વિચારે છે ત્યારે સમાજને સાચી દિશા અંગે જાણ થાય છે.

'વિચાર' વિશે આપણા એક પ્રખર વિચારકે ચિંતવ્યું છેઃ 'આ સૃષ્ટિમાં મનુષ્ય સિવાયના લાખો પશુ-પંખી-જીવજંતુ છે, પણ વિચારી શકવાની શક્તિ માત્ર માણસને મળેલી છે. વિચાર કરવો એટલે તોળવું, તપાસવું ને વિવેક કરવો. જે કંઈ યોગ્ય કે શ્રેયસ્કર હોય તેનો પૂર્વગ્રહ વિના સ્વીકાર કરવો. આ રીતે જોવું, અનુભવવું ને વર્તવું એ માણસાઈની કેળવણી છે.'

ઉક્ત 'વિચાર' અંગેના વિચાર કેળવણીના ક્ષેત્રે સતત વિચારતાં રહેતાં 'ગુજરાત કેળવણી પરિષદ'ના પ્રમુખ શ્રી મનસુખ સલ્લાના છે, જે આ પુસ્તકમાં પણ વ્યક્ત થયેલ છે. આમ તો સાહિત્યક્ષેત્રે એક ઉત્તમ ચરિત્રકાર, વાર્તાકાર, વિવેચક અને સંપાદક તરીકે પોંખાઈ ચૂકેલા તેઓશ્રી માણસાઈની કેળવણીના પ્રસાર માટેનો પોતાનો અંતરનાદ સર્વત્ર પડઘાવતા રહે છે. જો કે પોતે તો પોતાના વિષે એમ વિનમ્રતા સાથે લખે-કહે છે કે 'શિક્ષક હોવા સિવાયનું હું મારા માટે કલ્પી શકતો નથી.' કેળવણીના ક્ષેત્ર સંદર્ભેનું વિચાર-ચિંતન આ પુસ્તક 'પાયો અને પુનર્રચના'માં વ્યક્ત થયેલ છે. અત્રે તે પુસ્તકનો સંક્ષિપ્ત પરિચય આપવાનો મારો નમ્ર પ્રયાસ છે.

આ પુસ્તકમાં કેળવણીના વિવિધ પાસાંઓને લગતા ૪૩ જેટલા લેખો સમાવાયા છે, તેમાંથી ત્રીજા ભાગના લેખો તો લેખકે કોઈને કોઈ શૈક્ષણિક કાર્યક્રમ નિમિત્તે આપેલાં પ્રવચનોનું લેખિત સ્વરૂપ છે. એવા કોઈ નિમિત્તે લેખકને સાંભળી ચૂકેલા વાચકને વાંચતી વખતે એમની બોલાશ જરૂર સંભળાશે!

આ લેખોમાં લેખકે કેળવણીના એક યા બીજા મહત્ત્વના મુદ્દે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે, એ સાથે પોતાના મૌલિક વિચારોને એમણે ગૂંથેલ છે. એ મુદ્દાઓમાં ખરી કેળવણી, શિક્ષણના પ્રયોગો, પુસ્તક, સંચાલક-આચાર્ય-શિક્ષક-ગૃહપતિ-વાલીની સજ્જતા કે સાર્થકતા, લોકસહયોગ, બાળકેળવણી, વહીવટ, પ્રાથમિક શિક્ષણ, સ્વાયત્તતા, સરકાર, રાષ્ટ્રિયતા વગેરેનો સમાવેશ થયેલ છે.

આ પુસ્તકમાં લેખકના કેટલાંક વિધાનો શાળાઓના કૉમનરૂમમાં ચર્ચવા જેવાં છે કે ત્યાંના ફલક પર લખાવા જેવાં છે; જેમકે

- સાચી માન્યતાની પસંદગી કરતાં શીખવું એ કેળવણી છે.

● પરીક્ષા એ તો કેટલે પહોંચ્યા તેનું માપ છે, એ ધ્યેય નથી.

● સમજદાર નાગરિકના નિર્માણ માટે નઈ તાલીમનું શિક્ષણદર્શન સર્વોતમ અને સર્વકાલીન છે.

● વિદ્યાર્થીની સર્જનાત્મકતાના વિકાસ માટે રમત, યોગ, પ્રાર્થના, સાંસ્કૃતિક કાર્યક્રમ અભ્યાસક્રમના અનિવાર્ય ભાગ બનવા જોઈએ.

● આજની શિક્ષણવ્યવસ્થામાં પરિશ્રમના ગૌરવની બાદબાકી થઈ છે તે આપણા રાષ્ટ્રને ગંભીર કટોકટી તરફ ધકેલી રહી છે.

● વિદ્યાએ આજીવિકા પ્રાપ્ત કરવાની ક્ષમતા અને સમજણ બંને આપવાના છે.

● વ્યક્તિની સારપની કસોટી તો સમાજમાં જ થાય છે.

● પોતાનું ઉત્તમ અર્પણ કરવાથી સામેનામાં પણ ઉત્તમ જાગ્યું એનો આનંદ નિરાળો હોય છે.

આ પુસ્તકમાં લેખકે કેટલીક સંવેદનશીલ લેખાતી બાબતે શિક્ષણ સંદર્ભે પોતાના વિચારો પૂરી નિષ્ઠા અને નિયત સાથે દર્શાવેલ છે. જેમ કે સરકારી વહીવટ. આ બાબતે લેખકના ધારદાર અવલોકનો સરકારી તંત્રે તેમ જ પ્રજાએ ખરેખર ધ્યાને લેવા જોઈએ :

'આજની ગમે તે પક્ષની સરકાર હોય, પણ અપ્રિય થવાનું પસંદ નહીં કરે. ચાલતાને ચાલુ રાખશે. ત્યારે પ્રજાએ જાગવું પડે છે... કોઈ સરકાર ધરમૂળથી પરિવર્તન કરવા ઇચ્છે નહીં કે એવું કરવાનું જોખમ ઊઠાવે નહીં, કારણ કે સરકારનું ધ્યેય સત્તા જાળવવાનું હોય છે. સરકારને યશ મળે એમાં રસ હોય છે, મૂળભૂત બદલાવમાં નહીં. શિક્ષણ પર રાજસત્તાનો આટલો લોખંડી કાબૂ આ દેશમાં ક્યારેય ન હતો... સરકાર સામે ભીખનું તાંસળું ધરીને ઊભા રહેવાથી પ્રશ્નો નહીં ઊકલે. સરકાર વહેલી જાગે અને જરૂરી પ્રબંધ કરે તો એનો ધર્મ બજાવ્યો ગણાશે.'''

લેખકે પોતાના લેખોમાં જે કેટલાક ચિંતકોના વિચારો ઝીલેલ છે તેમાં ગાંધીજી, વિનોબા, જે. કૃષ્ણમૂર્તિ, જુગતરામ દવે, રવીન્દ્રનાથ ટાગોર, શ્રી અરવિંદ, મેડમ મૉન્ટેસૉરી, બર્ટ્રાન્ડ રસેલ, પ્લેટો, સેલ, એરિસ્ટોટલ, રૂસો અને ખાસ તો લેખક જેમનું સાન્નિધ્ય સાંપડતાં વિદ્યાક્ષેત્રે અનુભવ અને અનુભૂતિ પામ્યા તે સર્વશ્રી નાનાભાઈ ભટ્ટ, જુગતરામ દવે, મૂળશંકરભાઈ ભટ્ટ અને મનુભાઈ પંચોળી સમાવિષ્ટ છે.

આ પુસ્તકના લેખક શ્રી મનસુખ સલ્લા પોતાના લેખોમાં આરંભે જે તે પાયાની સમસ્યાને ખોલી બતાવે છે અને પછી તેના ઉકેલ માટેની સાચી દિશાનું દર્શન કરાવે છે, પુનર્રચના માટેની બ્લ્યૂ પ્રિન્ટ આપે છે. આથી આ ગ્રંથનામ ''પાયો અને પુનઃ રચના'' સાર્થક થયેલ છે, વાચક આ પુસ્તકના વાચન થકી લેખકને વિદ્યાક્ષેત્રના એક અગ્રણી મીમાંસક તરીકે જરૂર સત્કારશે.

આ પુસ્તકનું વાચન શિક્ષણક્ષેત્રે પ્રવેશી રહેલા યુવામિત્રોને તેઓને શિક્ષણક્ષેત્રના વાસ્તવનો ખ્યાલ આપવાની સાથે કેટલાક આદર્શોની ઝાંખી કરાવે છે. અધ્યાપકો અને શિક્ષકોને સિદ્ધ થવા માટેના ઉપયોગી સૂચનો કરે છે. સંચાલકો અને વાલીઓની રૂઢ માન્યતાઓમાંથી મુક્ત કરે છે. ખાસ તો યુવા-વાચકોને શિક્ષણક્ષેત્રના વાસ્તવનું દર્શન કરાવીને આદર્શોની ઝાંખી કરાવે છે. આવું વિચારપ્રધાન પુસ્તક આપનાર ચિંતક-લેખક શ્રી મનસુખ સલ્લાને આ પ્રકાશન નિમિત્તે વંદન સહ અભિનંદન પાઠવું છું.

●---------●●●--------●●●---------●

'મોરપીંછ', સિદ્ધનાથ સામે, દ્વારકા-૩૬૧૩૩૫; મો. ૯૪૨૭૨૮૪૭૪૨

## ૦૫. અભિવ્યક્તિ

### કોરોનાની પરિસ્થિતિને અનલૉક કરવાની 'કી'

એકતા પટેલ
ektapatelg@gmail.com

છેલ્લા એકાદ વર્ષથી શિક્ષણની દુનિયામાં ઑનલાઈન માહોલ જામ્યો હતો કે પછી એને આપણે એમ પણ કહી શકીએ કે જમાવવો પડ્યો હતો…, જે પણ હોય એ, પણ શિક્ષણની દુનિયાને અવનવો અનુભવ આપી ગયો અને કોરોનાની પરિસ્થિતિ વચ્ચે આ ઑનલાઈન વર્ગએ આપણને શિક્ષણથી વિમુખ નથી થવા દીધા એ વાત નોંધણીય છે, પણ કહેવાય છે ને કે…

'વર્ગખંડની ચાર દીવાલ ઓગાળી જેઓ વિશ્વને વર્ગમાં લઈ આવે તેવા ગુરુ થકી વર્ગમાં ભણવા ને શીખવાની મજા જ કંઈક ઔર હોય છે.'

આવી મજાની આતુરતાપૂર્વક રાહ જોવાતી હોય ને જયારે ઑફલાઈન વર્ગનો એ દિવસ આવી જાય ત્યારે હૃદય તો જાણે એક ધબકાર ચૂકી ગયું ને વર્ગખંડની યાદોનો કાફલો હૃદયરસ બની ઉભરાય આવ્યો. પહેલાં વર્ગખંડમાં ભણતા-શીખતા દિવસો આજે ખૂબ મીઠા લાગ્યા ને સાથે ફરી એ જ ઉત્સાહ સાથે કંઈક શીખી લેવાની લાગી તાલાવેલી… વર્ગમાં ગુરુ પાસેથી શીખતા માત્ર જ્ઞાન જ નહિ અનુભવો અને જીવનબોધ પણ પ્રાપ્ત થાય છે અને અસરકારક વર્ગવ્યવહાર દ્વારા ઘણું આપણી અંદર કેળવાતું જાય છે અને શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે આત્મીયતા સર્જાય છે અને શિક્ષણનો દોર મજબૂત બને છે. ફરી એક વાર આજે એટલી જ સહજ અસર વિદ્યાર્થી અને શિક્ષકમાં નિહાળવા મળી…

વર્ગખંડની દીવાલો ખુશી વ્યક્ત કરવા લાગી, શિક્ષક અને વિદ્યાર્થીના આત્મામાં એક અનેરો ઉમળકો અનુભવ્યો. આજે એ સરસ્વતી માના મંદિરે જઈને કેળવણીની નજીક પહોંચતા ખુશીની લાગણી થઈ આવી. એક સ્કૂલ ને કૉલેજ જાણે-અજાણે કેટલી મોટી ભૂમિકા આપણી જીવનમાં ભજવી જાય છે એનો એક અહેસાસ અસર કરી ગયો. આપણને સભ્યતા, સંસ્કૃતિ, વિનય, નમ્રતા, પરિપક્વતા એવું ઘણું ઘણું અનુભવ દ્વારા શીખવા મળે છે. આપણે સાચા અને સારાનો ભેદ સમજાવે છે. દરેક પરિસ્થિતિમાં સમતોલન કેવી રીતે જાળવવું એ આપણે ધીરે ધીરે સ્કૂલ પછી કૉલેજ એ ગાળામાં શીખતા-સમજતા થઈએ છીએ. ભલે એનો કોઈ અલગ તાસ નથી હોતો, પણ તોય એ આપણે શીખતા થઈએ છીએ કારણ કે એ માહોલ રચાય છે સરસ્વતી માતાના મંદિરમાં… જીવન જીવવાની સમજણ વિચારોમાં એક આગવી પરિભાષા શિક્ષણ થકી રોપાય છે. ધીરે ધીરે આપણે પોતાને સમજતા થઈએ છીએ અને જેમ જેમ આપણે આપણી જાતને સમજતા જઈએ છીએ એમ બીજું બધું સરળતાથી સમજાતું થઈ જાય છે અને આ ખુલવા અને ખીલવાની તક શિક્ષણરૂપી માહોલમાં મળે છે અને આ માહોલ રચવાના કાર્યમાં શાળા, કૉલેજ એ પાયાની ભૂમિકા ભજવે છે. શાળારૂપી મંદિરમાં વિધાર્થીરૂપી ફૂલ ઝળહળે છે એટલે જ કહેવાનું મન થાય છે, 'જીવન એ લોક છે અને શાળા અને કૉલેજ એને અનલૉક કરવાની કી છે.'

અંતે, જેમ મન શાંત થાય છે મંદિર જવાથી, તેમ જ હૃદય પ્રફુલ્લિત ને હળવું અનુભવાય છે વિદ્યારૂપી મંદિરમહીં….

●---------●●●--------●●●---------●

જીતપુર, બાયડ, અરવલ્લી

## ચરિત્રકાર રઘુવીર ચૌધરી
### કિરીટ દૂધાત

---

**ગતાંકથી ચાલુ...**

આપણા પ્રખર વિવેચક અને સંશોધક જયંત કોઠારીનું એક લસરકામાં ખેંચાયેલું શબ્દચિત્ર જોઈએ.

'બહુ ઓછા માણસો માટે જયંતભાઈને માન. માણસ માટે માન રાખવાની જરૂર શી? કામ જોવાનું. જે કામ નિયમસર લાગે, શાસ્ત્ર મુજબ લાગે તેને સ્વીકારવાનું. બિરદાવવું જોઈએ એવું પણ નહીં. જે હોય તે કહેવાનું. સારું-ખોટું વગેરે વિશેષણ વાપરવાથી એટલી જગા બગડે. સાચું-ખોટું કહ્યું એટલે થયું.

એ રીતે કોઈનો આભાર પણ માનવાનો નહીં. દરેકે યોગ્ય જ કરવું જોઈએ. કોઈ સારું કરે છે, આપણું ભલું ઇચ્છે છે, માટે આપણે તેનો આભાર માનીએ, એનો અર્થ એ થાય કે આપણા તરફ પક્ષપાત કરે છે, અને આપણે એના તરફ પક્ષપાત કરીએ છીએ. માટે શુભેચ્છા કે આભાર કશાની જરૂર નથી. વ્યાકરણના નિયમોમાં ભલે અપવાદ હોય પણ જયંતભાઈના વ્યવહારનું વ્યાકરણ નિરપવાદ છે. કોઈને શુષ્કતા લાગે તો લાગે પણ તટસ્થતા તો જાળવવાની જ! (૧/૧૨૧) આટલાં વાકયોમાં કોઠારીસાહેબ આપણી સમક્ષ ખડા થાય છે. પણ એથી આગળ વધીને શૈલી જુઓ. ઇતરજનના સ્વભાવમાં આ એકલ દોકલ લક્ષણ અવગુણ લાગે એટલે આમ તો એ લક્ષણોને વ્યાકરણની પરિભાષામાં નકારાત્મક વાક્ય રચનાથી વ્યક્ત કરી શકાય પણ આ બધી લાક્ષણિકતા એક સાથે કોઠારીસાહેબના સ્વભાવમાં ભેગી થાય છે જે એમને ચિકિત્સક મનોવૃત્તિના વિવેચક અને સંશોધક તરીકે ઘડનારાં પરિબળ બની રહે છે. એટલે આ પંદર વાકયોમાંથી બાર વાક્યો હકારાત્મક વાક્યરચના (affirmative sentence) છે જે જયંતભાઈના પ્રશિષ્ટ વ્યક્તિત્વને ચીંધી આપે છે. દા.ત. પહેલાં બે વાક્ય 'બહુ ઓછા માણસો માટે જયંતભાઈને માન. માણસ માટે માન રાખવાની જરૂર શી?' આ રીતે પણ લખી શકાય, 'જયંતભાઈને ખાસ કોઈ માટે માન નહોતું. માણસ માટે માન રાખવાની જરૂર જ નથી.' વિગેરે. પણ માણસને બદલે મુદ્દાથી જ મતલબ રાખવો એ સંશોધકનું પ્રાથમિક લક્ષણ છે એ અર્થમાં વાત થઈ રહી છે એટલા માટે વાક્યરચના પણ આવી છે. કેમ કે જેને અંજલિ અપાઈ રહી છે એ 'ભાષાપરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ'ના રચયિતા છે અને અંજલિ આપનારા પણ 'હિન્દી ઔર ગુજરાતી ક્રિયાધાતુઓં કા તુલનાત્મક અધ્યયન'ના કર્તા છે. વાક્યો પણ જયંતભાઈ લખતા એવાં ટૂંકા, સ્પષ્ટ અને અર્થગર્ભ. આગળ જોયું કે લેખક લા.ઠા. વિશે લખતી વખતે એમની કાવ્યવિચારણાના સ્તરે જઈને વાત કરી શકે છે તો અહીં જયંતભાઈના લેખમાં એમના સંશોધક વ્યક્તિત્વનું ગૌરવ તો કરે જ છે પણ એમની શૈલી સાથે પોતાની શૈલીનો સમન્વયે સાધીને સન્માન આપે છે. જે શૈલીએ લા.ઠા. વિશે લખાય એ રીતે ઉમાશંકર વિશે ન લખાય અને ઉ.જો. વિશે લખીએ એ રીતે કોઠારીસાહેબ વિશે ન લખાય એ સભાનતાને લીધે આ લેખોમાં પહેલી નજરે ન જડે પણ વિવિધ શૈલીઓ જોવા મળશે એ એમની ચરિત્રકાર તરીકેની સજ્જતા છે.

હવે 'સહરા...'ના લેખો તરફ આવીએ. અહીં 'સુંદરમ'નું શબ્દચિત્ર એના આરંભને કારણે જુઓ કેવું રસપ્રદ થયું છે, 'એક વાર કવિતા આસ્વાદના એક કાર્યક્રમમાં સુંદરમ સળેખમ વિશે વિસ્તારથી બોલ્યા. મને બરોબર યાદ છે કે વર્ષો પહેલાં ધ્યાન વિશે બોલતા વચ્ચે કૂતરાના ભસવા વિશે આટલી જ ગંભીરતાથી બોલેલા.' આટલે સુધીનું લખાણ કોઈપણ ચરિત્રકાર લખી શકે અને એમાંથી 'સુંદરમ'ના ભોગે હાસ્ય પણ નિપજાવી શકે. 'સુંદરમ' કોઈ ફની કેરેક્ટર છે એવું સહેલાઈથી સ્થાપિત કરી શકાય પણ રઘુવીરનો ટચ હવે આવે છે. આગળ લખે છે કે, 'એમના બોલવા પૂર્વે કે

બોલી રહ્યા પછી આપણને ક્યાંય એવું દેખાય નહીં કે સળેખમ કે કૂતરાના ભસવા વિશે વાત કરવી એ કવિતા-પાઠ કે ધ્યાન વિશે વાત કરવા કરતાં ઊતરતું કામ છે. એમના સ્વભાવમાં ક્યાંય ઓટ આવતી જ નથી. એમને શું નથી ગમતું એ ક્યારેય જાણી શકાયું નહીં. અને આ જ સુંદરમની ખૂબી છે. એ એમના 'સુંદરમ' હોવાનું પ્રમાણ છે. એમની દૃષ્ટિએ કશું ઉતરતું નથી, તુચ્છ નથી. (સહરાની...૧૩૬) સળેખમ અને કૂતરાના ભસવાથી શરૂ થયેલી વાતમાં પણ ચરિત્રકાર જો રઘુવીર હોય તો સુંદરમના વ્યક્તિત્વની ઊંચાઈનો અનુભવ કરાવી શકે. આગળ બીજો એક પ્રસંગ પણ નોંધ્યો છે. મુંબઈમાં કોઈને ત્યાં જમવા જવાનું હતું. સમય આઠ વાગ્યાનો નક્કી થયેલો પણ દસ વાગ્યા સુધી રાહ જોઈ, ભૂલી ગયા હશે એમ માનીને યજમાન દસેક વાગે બધું આટોપીને ઊંઘી ગયા. હવે વાંચો, 'એ પછી બરાબર રાતના બાર વાગ્યે 'સુંદરમ' પધાર્યા. મોડા પાડવાની લેશમાત્ર સભાનતા વિના શાંત ચિત્તે સસ્મિત! જમવાનું તો બાકી હતું જ. એ અંગે કશો સંકોચ નહીં. બધું રંધાયું, પીરસાયું અને સ્વાભાવિક રીતે જમાયું. માત્ર નિમિત્ત બનવાની રીતે. જાણકાર જાણે છે કે આંકડાનું ગણિત તો ઉપરથી લાદવામાં આવ્યું છે. સમય તો અમૂર્ત છે. એ સુંદરમથી જુદો નથી. ખરેખર તો 'સુંદરમ' છે, સમય નથી.'

ગાંધીનગર 'બૃહસ્પતિ સભા'માં ઈ.સ. ૧૯૮૨ની આસપાસ ઉમાશંકર વિશે ચંન્દ્રકાન્ત શેઠ બોલવા આવ્યા ત્યારે હર્ષદ ત્રિવેદીએ એક પ્રશ્ન પૂછેલો કે 'કવિ તરીકે ઉમાશંકર મોટા કે 'સુંદરમ'? ત્યારે ચંદ્રકાંત શેઠે જવાબ આપેલો કે 'સમયની સાથે ઉમાશંકર સતત વિકસતા રહ્યા છે એટલે એ મોટા કહેવાય.' પણ જેમણે પોતાના વ્યક્તિત્વમાંથી સમયનું પરિમાણ જ બાદ કરી દીધું છે એમને કયા માપદંડથી માપવા? એટલે રઘુવીર કહે છે, 'હવે સુંદરમને એમની અખિલાઈમાં જોવાનો સમય આવી ગયો છે.'

ઉમાશંકરના ચરિત્રમાં પહેલું વાક્ય આ રીતે છે, 'પ્રેમ પક્ષપાતી બની ન જાય અને અસ્વીકાર પૂર્વગ્રહમાં ન પરિણમે એ અંગે ઉમાશંકર સતત કાળજી રાખતાં લાગે.' પછી આગળ જતાં ઉમાશંકરના પોતાને થયેલા અનુભવોને સાર્વત્રિક બનાવીને લખે છે, 'એમને એકબે વાર મળનારને પૂછો. કહેશે- ઉમાશંકર-અભિજાત, સૌમ્ય. ઊંડે ઊંડે એમ પણ લાગ્યું હશે કે ઉમાશંકર પાસેથી આવો સ્નેહ તો માત્ર મને જ મળ્યો હશે. પણ જો તમારો સંપર્ક વધે, કામકાજ અંગે ચર્ચા થવા લાગે, તમે કહો કે જુઓ આ સંસ્થાએ આટલા વરસમાં શું કર્યું? પેલા આમ ને આ તેમ ને તમે કશું કહેતા નથી વગેરે સહજભાવે તમે કહી રહ્યા હો ત્યાં તમને દેખાયું ન હોય એવા નાના કારણથી એ ગુસ્સે થાય. અને ગુસ્સે એટલે ભાષામાં જ નહીં, ચહેરાથી પણ. તમે ખુલાસો કરવા જાવ અને તમારા કારણમાં કટાક્ષનું તત્ત્વ હોય તો તો એવા ધારદાર કટાક્ષ વરસે અને એક ક્ષણમાં જ તમને એવી પ્રતીતિ થઈ જાય કે જગતમાં માત્ર આ જ મારો સાચો દુશ્મન છે. તમે ભલાભોળા હો તો તમારા એક બે દિવસ બગડે. પણ જરા ડાંડ બની શકો તો એમનો ગુસ્સો માણી શકો... રિસાયેલાઓને મનાવવા માટે ઉમાશંકર પાસે થોડો સમય તો સિલકમાં હોય જ.' 'સિલક' શબ્દ જુઓ અહીં ઉમાશંકર સમયને પણ કરકસરથી પૈસાની જેમ વાપરતા હતા એવો કાકુ પકડી શકો. બીજું વાક્ય આગળ જતાં આવે છે કે 'હું ૧૯૫૮માં અમદાવાદ આવ્યો અને એમનો સમય મેળવતો થયો'માં 'સમય મેળવતો થયો'માં પોતાની ગરજે ઉમાશંકર પાસે માણસો જતાં, એમણે બોલાવ્યા હોય કે 'આવજોને થોડાં ગપ્પાં મારીશું એવું નહીં. પણ આગળ જ્યાં ઉમાશંકરના રૌદ્ર અભિગમ વિશે 'તમે... તમે'માં કહેવાયું છે ત્યાં અનુભવ રઘુવીરનો પોતાનો છે પણ એવા અનુભવ ઘણા બધાના છે એટલે વાત 'હું' કે 'મેં'થી નહીં પણ 'તમે'થી થઈ રહી છે. આમ પણ ઉમાશંકરની વાત હોય ત્યાં વાત કરનારે 'હું'પદ છોડીને અખિલાઈમાં વાત કરવાની હોય એવો પણ ઇશારો જોઈ શકાય!

'શબ્દની શક્તિ' એવો ઉમાશંકરનો વિવેચન સંગ્રહ તો છે જ. પણ રશિયામાં તોલ્સ્તોયની દોઢસોમી જન્મજયંતી વખતે ગયેલા અને વ્યક્તિ સ્વાતંત્ર્ય વિશે એટલી કુનેહથી કહ્યું કે 'પ્રવદા'માં એને સારી એવી જગા મળી હશે અને આ લેખક સૂક્ષ્મ રીતે આપણા તંત્રની ટીકા કરી રહ્યા છે એ પણ પકડી ન શક્યા એ બાબત કહીને રઘુવીર કહે છે, 'સત્યનિષ્ઠ થવાની હિંમત પૂરતી નથી. એને પહોંચાડવા માટે શબ્દની કળા પણ મહત્ત્વની છે.'

'મોટામાં મોટાં પદો એમની માન્યતા પામવા એમની પાસે ગયાં છે. એમણે એમાંથી શું શું સ્વીકાર્યું છે એ આપણે જાણીએ છીએ. શું શું નથી સ્વીકાર્યું એ તો માત્ર તેઓ જ જાણે છે.'

રઘુવીર એમની માર્મિક ટિપ્પણીઓ વિશે જાણીતા છે એમાંથી કેટલીક માણીએ-

૧. બક્ષીની લઘુનવલ 'પેરેલિસીસ' વિશે કહે છે, 'ભાષાપ્રયોગોની થોડીક કચાશ સાથેય 'પેરેલિસીસ'ની દર્દભરી સૂક્ષ્મતાઓ, એની અવાચક વેદના ગુજરાતી લઘુનવલના ઇતિહાસમાં વિરલ છે.'( તિ-૧, ૮૭)

૨. ચંદ્રકાંત શેઠ વિશે કહે છે કે , 'ચંદ્રકાંત એટલે કુમારયુગની કવિતાનું છેલ્લું શિખર.' (૧/૯૮)

૩. 'ખડખડાટ હસાવનારા લેખકો તો ઘણા મળ્યા છે. પણ આમ મોઢું મલકાવ્યાની ટેવ પાડે એવા તો એક દિગીશભાઈ છે.' (૧/૧૭૫)

૪. પ્રીતિ સેનગુપ્તાવાળા લેખમાં લખ્યું છે, 'તમે એક જ વ્યક્તિના માધ્યમથી આખું જગત જોવા ચાહો અને જીવનની એક દુર્ભાગી ક્ષણે એ વ્યક્તિ અપારદર્શી બની જાય અને તમે માધ્યમના વાંકે આખા જગતથી વિમુખ થઈ જાઓ એ અશક્ય નથી. અનેક દાખલામાં જોવા મળ્યું છે. (૧/૧૯૫)

૫. પીતાંબર પટેલ વિશે માર્મિક નિરીક્ષણ છે, 'એમની જેમ રઘવાયા થઈને પ્રવૃત્તિશીલ રહેતા માણસો આ દેશમાં કેટલા ઓછા છે! (૧/૨૦૮)

૬. પિનાકિન ઠાકર વિશે કહે છે, 'પિનુભાઈ, રાજેન્દ્ર બંનેને શ્રીધરાણી કૃત 'કોડિયાં'ની એકેએક કૃતિ યાદ હતી. કવિને કહેતાંઃ પુસ્તક ન મળે તો કહેજો લખી આપીશું.' (૧/ ૨૧૦-૧૧)

૭. બાલમુકુંદ દવે વિશે કહે છે કે 'કવિશ્રીએ જરૂરિયાતો જ એટલી ઓછી રાખી કે સ્વમાન અનાયાસ જળવાયું.'( ૧/૨૪૯)

૮. ઇંદુચાચા વિશે કહે છે, 'શહિદ થયા વિના શહાદતના તમામ અર્થો જીવનમાં સિદ્ધ કર્યા હોય તેનો એક દાખલો તો ઇંદુલાલ હતા જ.'(તિલક-૨/૩૯)

૯. ફોટોગ્રાફર જગન મહેતા વિશે કહે છે, 'લેખકોને ઓળખવામાં વિવેચકો ભૂલ ભલે કરે પણ જગન મહેતા એમના કેમેરાની આંખ સાથે આંખ મેળવે એટલે બિનલેખકોનું વાદળ વિખેરાઈ જાય અને લેખક હોય તે ફોકસમાં આવી જાય.(૨/૧૨૭)

૧૦. તમે ગમે તેટલા સમર્થ કે બુદ્ધિશાળી હો પણ તમારો વ્યાપક સ્વીકાર ન થાય ત્યાં સુધી તમે જાહેર જીવનમાં અસરકારક બની શકતા નથી.(૨/૨૭૩)

૧૧. પીતાંબર એટલે ઉત્સાહ. પન્નાલાલ એટલે કોઠાસૂઝ અને પેટલીકર એટલે વિવેક. (સહરા....૯)

૧૨. 'દર્શક' વિશે લખે છે, 'કઠોર પરિશ્રમ કરનાર હાથ ગુલાબ પકડતાં શીખે એમાં પણ મનુભાઈને એટલો જ રસ.'( સહરા...૪૭)

૧૩. નગીનદાસ પારેખ વિશે લખે છે, 'તમે ઉમાશંકરનો સમય બગાડી શકો નગીનદાસનો નહીં.'

(સહરા... ૪૯)

૧૪. પ્રબોધ પંડિત વિશે કહે છે, 'રોકડું પરખાવી દેવાનો અશિક્ષિતોનો દોષ તે પંડિત સાહેબના સંસ્કૃત વ્યક્તિત્વનો ગુણ.'(સહરા...૬૩)

૧૫ રાવજી પટેલ વિશે, 'કોઈપણ પ્રકારની રચનામાં ઉપમાએ એનો સાથ નથી છોડયો. સ્પર્શ કર્યા વિના સરકી જાય એ ઉપમા રાવજીની નહીં. એની ઉપમાઓ મોટે ભાગે કલ્પન બની જાય છે.'

(સહરા...૧૧૩)

તો કેટલાક રમૂજી અને કટાક્ષયુક્ત વિધાનો

★

૧. કે.કા. શાસ્ત્રીનો 'બૃહદકોશ' ઘણી ખામી વાળો છે એ અંગે એમની લાક્ષણિક શૈલીમાં કહે છે, 'શાસ્ત્રીજીએ બૃહદકોશ એકલા હાથે કર્યો. ગૂજરાત વિદ્યાપીઠ અને ભગવદગોમંડલના કોશોમાં રહેલી બધી ખાસિયતોનો એમણે સમન્વય કર્યો. નવી પેઢીના વિદ્વાનો માટે તક ખુલ્લી રાખી' (તિ-૧, ૫૬-૫૭)

૨. ટોપીવાળા વિશે લખતાં કહે છે, 'એમનો પરિચય આપતાં ડૉ. સિતાંશુ યશચંદ્રે કહેલું કે એમનામાં કુલપતિની યોગ્યતા છે. જો કે એ જુદી વાત છે કે પછી સિતાંશુભાઈ કુલપતિ થયા અને ડૉ. ટોપીવાળાએ કવિતા લખી.' (૧/

૭૯)

૩. આદિલ વિશે કહે છે, '૧૯૬૪માં મેં 'સંદર્ભ' માટે પ્રબોધ પરીખને પત્ર લખેલો... 'આદિલ' એક પ્રતિભાશાળી પશુ છે. આ પછી સુરેશભાઈ જોષીએ મને લખેલા પત્રમાં સરનામામાં મારા નામ સાથે 'પશુચિકિત્સક'ની પદવી જોડેલી. (૧/૧૬૬)

૪. દિગીશભાઈવાળા લેખમાં લખે છે, 'કેટલાક બુદ્ધિજીવીઓ અધ્યાપક હોવાથી લેખક છે.' (૧/૧૭૧)

૫. નરોત્તમ પલાણ વિશે કહે છે કે, 'અભણ ગ્રામજન કે ભણેલી મહિલાને ભેટવામાં નરોત્તમ પાછા પડતા નથી.' (૧/૧૮૫) અહીં 'નરોત્તમ' શબ્દ into inverted commaમાં નથી મૂક્યો પણ આપણે મૂકી શકીએ.

૬. ભોગીભાઈ ગાંધી વિશે કહે છે, 'ખેર, ભોગીભાઈએ દુર્બોધતા છોડી, હવે ટોપીવાળા અને રાધેશ્યામના આદર્શોનું શું થશે? એ પણ સહેલું લખવા લાગશે?' (૧/૨૫૭)

૭. 'સરિતા વિશે લખવાનો વિચાર કંઈ કેટલીયે વાર આવ્યો હશે પણ એ કવિતાનો વિષય છે એમ સમજીને છાપામાં લખવાનું ટાળ્યું હતું.' (૨/૪૪૧)

૮. 'એકવાર ગાળોના જ્ઞાનની હરીફાઈ થયેલી. ચરોત્તર જીતે કે સુરત? નગીનભાઈએ દક્ષિણ ગુજરાતનો યશ વધારી આપેલો.' (સહરાની...૫૦)

તો ક્યાંક પુસ્તકોમાં કેટલીક ક્ષતિઓ પણ રહી જવા પામી છે,

૧. વિદ્વાનોમાં 'સહરાની ભવ્યતા'ના વ્યક્તિ ચિત્રો 'તિલક કરે રઘુવીર'ના બંને ભાગનાં ચિત્રો કરતાં વધુ સઘન ગણાય છે, પરંતુ એ કમ્પ્યુટર પ્રિંટિંગમાં છપાયું છે ત્યારથી એમાં ઘણી ભૂલો પ્રવેશી છે. જૂનામાં હતી તે તો ચાલુ રહી જ છે. 'દર્શક'વાળા લેખમાં ૪૭માં પેજ પર પહેલા ફકરામાં આમ છે, 'અબ્રાહમ લિંકને ડ્રિંકવોટર માટે લખેલુંઃ લોનલી ઈઝ ધ મેન હુ અંડરસ્ટેન્ડઝ...' પણ હકીકતમાં ઉલટું છે. જોહન ડ્રિંકવોટર નામના બ્રિટિશ લેખકે ૧૯૧૮માં 'અબ્રાહમ લિંકન' નામનું નાટક લખ્યું છે એનો આ સંવાદ છે. ડ્રિંકવોટરનો જન્મ લિંકનના અવસાન પછી ૧૭ વરસે થયેલો છે એટલે લિંકને એના વિશે કશું કહ્યું હોય એ અશક્ય છે.

૨. છાપભૂલો ઘણી છે જેમ કે 'સુંદરમ'વાળા લેખમાં 'ઉઠાવ ઘણ મારી ભુજા'માં ઘણને બદલે 'ધણ' છપાઈ ગયું છે. (૧૩૬) રઘુવીરે આ લેખમાં 'સુંદરમ' પર એક કવિતા લખેલી જેનો પ્રત્યુત્તર 'સુંદરમ'એ કવિતામાં આપેલો એ કાવ્ય જૂની આવૃત્તિમાં હતું નવીમાંથી કાઢી નાખ્યું છે જે હવેની આવૃત્તિમાં સામેલ કરી લેવું જોઈએ. જયંતી દલાલવાળા લેખમાં પાનાં ૪૭ ઉપર ભગતસાહેબના લેખ 'અખાકુળનો અમદાવાદી' (જગભેરુ જયંતી દલાલ) લેખનો એક ફકરો ટાંકયો છે ત્યાં ઇન્વર્ટેડ કોમા મૂકવાનું રહી જવાથી જેને ભગતસાહેબની શૈલીનો પરિચય ન હોય એને આ ફકરો રઘુવીરનો હોય એમ લાગે.

૩. મનોજ ખંડેરિયાવાળા લેખમાં એમની પંક્તિ ટાંકી છે,

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કૈ નથી પગલાં વસંતના

પછી રઘુવીરે લખ્યું છે કે, 'બીજી પંક્તિના છેલ્લા શબ્દ પર અનુસ્વાર વધી ગયો તો ભલે, એટલો ભાર વસંત ઉપાડશે એનો વિવેચકને ખ્યાલ પણ નહીં આવે.' (તિ. - ૧/૩૦૧). આમાં રા.વિ. પાઠકે 'બૃહત પિંગળ'માં નવમા પાના ઉપર 'ઉપોદઘાત'માં ગુજરાતીમાં કોમળ અનુસ્વારની ચર્ચા કરી છે અને પાંચ અને પંચ શબ્દમાં અનુસ્વારના ભારમાં ફેર પડે છે એમ કહ્યું છે એનો આધાર લઈને કદાચ ઉત્તર આપી શકાય કે ફારસી અરૂઝમાં પગલાંને શબ્દમાં 'પગલા' પછી જુદો 'આ' લખવાની સગવડ છે એવી ગુજરાતીમાં નથી એવી ચર્ચા થઈ શકે પણ એ દિશામાં મારી ગતિ ન હોવાથી પગલાંમાં 'લા' પર અનુસ્વાર વધી જાય છે એમ ગણીને એમના સૂક્ષ્મ નિરીક્ષણને દાદ આપીએ પણ લાભશંકરવાળા લેખમાં જઈએ તો ત્યાં

'તારા મનના મિનારે, ટોળાં, અવાજ. ઘોંઘાટ,
તારી જીભના ટેરવે, ટોળાં, અવાજ ઘોંઘાટ,
તારી પાંપણના પલકારે, ટોળાં અવાજ ઘોંઘાટ,' (૧/૩૭૦)

પંક્તિઓ ટાંકી છે ત્યાં લા.ઠા. એ મૂળ પાઠમાં મિનારે/ટેરવે/પલકારે પછી ત્રણેય જગાએ ગુરુવિરામ(:) કર્યાં છે ત્યાં રઘુવીરે અલ્પવિરામ કરી નાખ્યાં છે. હજી આગળ જોઈએ તો 'ટોળાં અવાજ ઘોંઘાટ'નાં ત્રણેય આવર્તનોમાં લા.ઠા.એ કોઈ વિરામચિહ્ન નથી મૂક્યાં ત્યાં એમણે પહેલી

લીટીમાં અલ્પવિરામ, પૂર્ણવિરામ, અલ્પવિરામ. બીજી લીટીમાં ટોળાં અને ઘોંઘાટ પછી અલ્પવિરામ અને ત્રીજી લીટીમાં ઘોંઘાટ પછી અલ્પવિરામ એમ ત્રણ લીટીમાં છ ચિહ્નોની ફેરબદલ કરી દીધી છે. મનોજ ખંડેરિયાના શે'રને વાંચતી સૂક્ષ્મ દૃષ્ટિ અહીં ગેરહાજર છે.

૪. લા.ઠા.વાળા લેખમાં એ લા.ઠા.ને જવાબ આપતાં લખે છે કે 'કવિતાના ક્ષેત્રે સત્યનું મહત્ત્વ નથી અનુભૂતિનું મહત્ત્વ છે.' (૧/૩૭૧) પણ 'ત્રણ ગઝલકારો' પરના લેખમાં ગઝલમાં જ્યારે જ્યારે અદ્વૈત અને આત્મજ્ઞાનના શેરો રજૂ થાય છે એ વિશે હળવો કટાક્ષ કરતાં લખ્યું છે કે 'તો સાથે સાથે 'અંગત અનુભવ'ની —બીજા કોઈની નહીં પણ કવિની નિજી અનુભૂતિની વાત રજૂ થઈ રહી છે એવો આભાસ પણ લોકપ્રિયતા વધારે છે.'(૧/૧૬૩) તો પ્રીતિ સેનગુપ્તાવાળા લેખમાં 'સંગ્રહ'માં ગીતો અને ગઝલો નથી. તેથી શબ્દની કળા બહુ દાખલ થઈ નથી. અછાંદસ પંક્તિઓ અનુભવના ઉદગારનો આભાસ કરાવી રહે છે. (૧૯૭) આમ 'રામાયણ' અને 'મેઘનાદવધ' સંદર્ભે સત્ય નહીં પણ અનુભૂતિ મહત્ત્વની હોય તો ચીનુ મોદીની ગઝલ અને પ્રીતિ સેનગુપ્તાના અછાંદસમાં એ જ અનુભવ અને અનુભૂતિ આભાસી કેવી રીતે થઈ જાય? અહીં કાવ્યતત્ત્વ બાબતે રઘુવીરની બંને અવધારણાઓ એકબીજાની વિરોધી (વ્યક્તિલક્ષી?) છે.

૫. તિલક-૨માં ક્ષેમુ દિવેટિયાવાળા લેખમાં બીજા ફકરામાં ક્ષેમુભાઈનાં પત્ની સુધાબેન વિશે કહેવાયું છે, '...પણ એ સોળ વરસનાં હશે ત્યારે સુકુમાર હશે, પ્રીતિપાત્ર હશે. એમણે માત્ર કવિતા ગાઈ છે, લખી નથી. પણ ગુજરાતી કવિતાના ઇતિહાસમાં એમનો ફાળો છે. એમણે કવિતા લખાવી છે. સુધાબેન ગાશે માટે લાવ એના રાગમાં એક ગીત લખું એ ભાવ તો એકથી વધુ વ્યક્તિઓને થયો હશે. પણ કોઈકે સીધી સુધાબેન પર કવિતા લખી છે. સમજણથી લખી હોય કે ગેરસમજથી પણ એથી ગુજરાતી કવિતાને ફાયદો જ થયો છે. આપણા વિવેચનમાં આ પ્રકારના અભ્યાસો થતા નથી. પણ અમે કૉલેજકાળમાં આ પ્રકારની ચર્ચાને અપ્રસ્તુત નહોતા માનતા.'...(૮૭)

અભ્યાસીઓ જાણે છે કે અહીં ઇશારો નિરંજન ભગત તરફ છે. ૧૯૮૪માં 'પંખી ના જાણે'(સ્વાધ્યાયલોક, ૮/૭૪) લેખમાં ભગતસાહેબ લખે છે કે 'ત્યાં એક દિવસ સહાધ્યાયિની સુધા લાખિયા (હવે દિવેટિયા) વર્ગમાં એમના મધુર કંઠે કેશવદાસનું કાવ્ય 'મારી નાડ તમારે હાથ' ગાયું અને એની અદભૂત અસરનો અનુભવ કર્યો. આ પછી જ ગુજરાતીમાં કાવ્ય રચવાનું થયું.' અહીં ભગતસાહેબ ફોડ પાડીને નથી કહેતા પણ એમના મનમાં ચૌદમી સદીના ઇટાલિયન કવિ દાંતે અને એની પ્રેરણમૂર્તિ બિયાટ્રિસનો સંદર્ભ છે. દાંતેને નવ વરસની વયે બિયાટ્રિસને જોઈને દિવ્યપ્રેમની અનુભૂતિ થઈ જે આજીવન રહી. પછી આ અનુભૂતિને એમણે Divine Comedy નામના દીર્ઘકાવ્યમાં વાચા આપી છે. જેના ત્રીજા ભાગઁ Paradiseમાં બિયાટ્રિસની મદદથી દાંતે સ્વર્ગમાં પ્રવેશ કરે છે. એટલે ભગતસાહેબના મનમાં જે વ્યક્તિ વિશે આવો platonic સંદર્ભ હોય તેનો રઘુવીરે અહીં જે રીતે ઉલ્લેખ કરેલો છે તે મને અનુચિત લાગે છે અને આ લેખના લેખક હવે કોલેજિયન રઘુવીર નથી એટલે તિલકની હવે પછીની આવૃત્તિમાં આ ફકરા વિશે ફરીથી વિચારવું જોઈએ.

હજારેક પાનાઓમાં વિસ્તરેલાં આ ચરિત્રો વાંચ્યાં પછી વાચકને જે લાગણી થાય છે તે આ, 'એક વિદ્વાન અધ્યાપકે રમણ મહર્ષિ સમક્ષ ઈશ્વર વિશે એક કલાક રજૂઆત કર્યા પછી પોતાના જ્ઞાન અંગે પ્રમાણપત્ર માંગ્યું તો રમણ મહર્ષિએ કહેલું: 'તમે ઈશ્વર વિશે જાણો છો, ઈશ્વરને જાણતા નથી.' (૧/૨૨૭) એવું જ આ વ્યક્તિચિત્રોમાં પ્રગટ થતાં ગુજરાત વિશે કહી શકાય. હવે કોઈ ગુજરાતને ઉતારી પાડતું કશું વિવાદાસ્પદ લખે કે બોલે તો અહીં જેમની ઝાંખી થઈ છે એવાં આ મહાનુભાવોની સાખે કહી શકીશું કે તમે ગુજરાત વિશે તો જાણો છો પણ ગુજરાતને જાણતા નથી.

(રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી, ન્યુ દિલ્હી અને શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચના સંયુક્ત ઉપક્રમે તા.૨૩-૩૪ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ ભરુચ ખાતે યોજાયેલા સેમિનાર 'રઘુવીર ચૌધરી વિશેષ'માં તા.૨૪/૯/૨૦૧૯ના રોજ શ્રી રઘુવીર ચૌધરી લિખિત 'સહરાની ભવ્યતા' અને 'તિલક ભાગ ૧ અને ૨'નાં વ્યક્તિચિત્રોના આધારે આપેલા વ્યાખ્યાનને સુધારીને આ લેખ લખાયો છે.)

## સાત સ્વર અને આઠ પ્રહરની સજ્જતા – શ્રી પ્રહર વોરા

ભૂષણ ઓઝા
bhushanjoza@gmail,com

---

વાત શરૂ કરીએ એક એવી અલભ્ય ક્ષણો કે મિનિટોના વિવરણથી કે જેમાં ગુજરાતી કાવ્યસંગીતનો એક રજવાડી ઠાઠ જોવા મળે છે. ટેલિવિઝન પર રજૂ થનારો સંગીતનો સૌ પ્રથમ રીઆલીટી શૉ લઈ આવવાનો રેકોર્ડ જેના નામે અડીખમ છે, એવા નિર્માતા-નિર્દેશક શ્રી સલીલ મહેતાના એ જ રીઆલીટી શો - 'સુરીલી સરગમ' -નો ખાસ એપિસોડ. 'રજવાડું' જેવી જાજરમાન જગ્યા અને એમાં એક જ સ્ટેજ પર છે ગુજરાતી કાવ્ય સંગીતના દિગ્ગજ સ્વરકાર-ગાયકો શ્રી ક્ષેમુ દિવેટિયા, શ્રી ગૌરાંગ વ્યાસ, શ્રી રાસબિહારી દેસાઈ. સાથે છે એ સમય (૨૦૦૧)ના યુવા પેઢીના અને આજના પ્રસ્થાપિત સ્વરકાર ગાયક શ્રી નયન પંચોલી અને હા , એક ૧૨ વર્ષનો બાળકલાકાર પણ છે. રજૂ થતું ગીત છે 'આજ મેં તો મધરાતે સાંભળ્યો મોર' કવિશ્રી ઈન્દુલાલ ગાંધીના શબ્દો, સ્વરકાર શ્રી ક્ષેમુ દિવેટિયા અને આ ગીત જેની Iconic identity છે એવા શ્રી રાસભાઈ ગીતની એમના આહ્લાદી અવાજમાં માંડણી કરે છે. પ્રથમ અંતરા સુધીમાં માહોલ બની જાય છે, બીજા અંતરામાં શ્રી નયન પંચોલી જોડાય છે અને ત્રીજા અંતરામાં જોડાય છે આ ૧૨ વર્ષનો બાળક. શ્રી ક્ષેમુ દિવેટિયા ગદગદ થઈ જાય છે. એમની અને ત્યાં ઉપસ્થિત સહુની આંખમાં જોઈ શકાય છે કે ગુજરાતી કાવ્ય સંગીતના તરોતાજા પ્રહરનો ઉદય થઈ ચુક્યો છે. હા, એ જ બાળ કલાકારની માંડીને વાત કરવી છે. આજે માત્ર ૩૨ વર્ષની યુવા વયે પોતાની આગવી અને અલગ ઓળખ ઊભી કરી ચૂકેલા શ્રી પ્રહર વોરાને થોડા વિગતે જાણીએ.

૩૨ વર્ષની વ્યક્તિની ઉપલબ્ધિઓ કહેવા છેક ૨૦ વર્ષ પહેલાના ફ્લેશબેકમાં જવું પડે એ જ આ કલાકારની સજ્જતાના મજબૂત પાયાનું બયાન કરે છે. વર્તમાનની વાત તો ઘણે દૂર જશે જ, ફ્લેશબેકનો લેન્સ પણ હજી પાછો લઈ જવો પડે એવો છે. હા, પ્રહર વોરાએ સૌ પ્રથમ જાહેર Performance આપ્યું ૭ વર્ષની ઉંમરે, (તમે સાચું જ વાંચ્યું છે) અને એ પણ હિંદુ સેન્ટર, શાર્લોટ, USA ખાતે. સુયોગ જુઓ. સાત વર્ષની ઉંમરે, સાત સૂર રેલાવ્યા, સાત સમંદર પાર!!

પ્રહરના સાંગીતિક ઝહેનમાં એક ખ્યાલ સ્પષ્ટ હતો કે પરદેશમાં પહેલી ઝાલર ભલે વાગી પણ બધાના હૃદયમાં વસી જાય એવો નાદ તો દેશમાં જ વિકસાવવો છે ને ધીરેધીરે એ કળાપારખુઓ અને ગળાપારખુઓનાં કાને અને હૈયે ચડ્યો. આ એવા સ્વરસાધકો હતા જે સાચા સ્વરને થાબડી થાબડીને માંજતા. એવા જ એક સ્વર ઉપાસક, ભવન્સમાં ભૌતિક વિજ્ઞાન સાથે શુદ્ધ સંગીતની નૈસર્ગિક તાલીમ આપનાર શ્રી રાસબિહારી દેસાઈએ 'શિશુ સ્વર' શીર્ષક હેઠળ કરેલ કાર્યક્રમમાં પ્રહર વોરાએ પણ પ્રસ્તુતિ કરી. હજી ઉંમર તો ૯ વર્ષ જ હતી!

ને પછી એ બેઠો આગળ વાત કરી એ રજવાડામાં. સંગીતના એ રાજવીઓ વચ્ચે આ રાજકુમારનો ઉછેર આગળ ચાલ્યો. પોતાની અંદરના કલાકારની છબીને સૂરોથી મઢવાની ધગશ અને ધખનાને લઈ પ્રહર એના પૂર્વસુરીઓ પાસે બેસી જતો અને કહેતો કે 'મારા ગળાને જ પાટી સમજી એમાં સ્વર ઘૂંટાવો.' એનો લગાવ ગુજરાતી કાવ્ય સંગીત તરફ હતો એટલે વિધિવત અને સઘન તાલીમ સ્વર નિયોજનના બાદશાહ શ્રી ગૌરાંગ વ્યાસ પાસે લીધી.

જેને ગુણવત્તા વિષેની સભાનતા હોય અને એ મેળવવાની અને કેળવવાની તૈયારી હોય એ હંમેશાં એ ક્ષેત્રના મૂળભૂત તંતુને પહેલાં પાકો કરે. પ્રહર વોરા આ જ કુળનો કલાકાર છે. ટેક્ષટાઈલ નગરી અમદાવાદમાં જન્મ અને ઉછેર એટલે એવીય ખબર કે સારાં કાપડની એક જ ઓળખ —એનું પોત (texture). પોતાના સુરનું, ગાયિકીનું પોત મજબૂત અને મખમલી બનાવવા શુદ્ધ શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધી અને એ પણ કોની પાસે? —મેવાતી ઘરાનાના સ્વરસૂર્ય એવા પંડિત કૃષ્ણલાલ પરીખ પાસે, પૂરાં ૧૪ વર્ષ! આ ૧૪ વર્ષનો સ્વરઉપવનવાસ એવો ફળ્યો અને ભળ્યો કે આજે પ્રહર વોરા જ્યાં અને જ્યારે પણ પ્રસ્તુતિ કરે ત્યારે ઓડિયન્સમાં બેઠેલા જાણકારોને પ્રતીતિ થાય કે ''શાસ્ત્રીય સંગીતની પાક્કી તાલીમ લીધી લાગે છે''.

કોઈપણ કળા અને એમાંય સંગીત, નાટ્ય અને નૃત્ય કળામાં સફળતાનો મહત્ત્વનો એક ભાગ છે —Flair of Performance. પ્રસ્તુતિની ઢબ, આવડત અને લઢણ. આ દરેક બાબત પર વિશેષ ધ્યાન આપતી સંસ્થા એટલે શેઠ શ્રી સી. એન. વિદ્યાલય. પ્રહરનું શિક્ષણ અહીં થયું અને અહીં એને પ્રેરણા અને પ્રોત્સાહન આપનારા ઉત્તમ શિક્ષકો હતા. સુ.શ્રી માલતીબેન દેસાઈ એને સારી કવિતા શીખવાડે. એનું પઠન કઈ રીતે કરવું એ પણ. ઉપરાંત, નાટકોમાં ભાગ લેવડાવે. તો બીજી બાજુ સંગીત વિષયમાં શ્રીમતી મૃદુલાબેન પરીખ, શ્રીમતી આરતી મુનશી જેવા નીવડેલા કલાકારો પાસે ઘણું શીખવા મળ્યું. આ રીતે મંચ પર પહોંચવા માટે એણે પહેલાં receptivity સુદૃઢ કરી અને એમાંથી સુઘડ અને સઘન transmission નીપજ્યું. સંગીતના ક્ષેત્રમાં સૂર જેટલું જ સબળ પાસું હોય છે તાલ. ભાઈ પ્રહરે એ પાસું પણ સબળું કર્યું. શ્રી ઉમેશ મહેતા અને શ્રી મુંજાલ મહેતા પાસે તબલાની પણ તાલીમ લીધી.

પ્રતિબદ્ધતા, કટિબદ્ધતા, નિષ્ઠા, સૂઝ, આવડત, આત્મવિશ્વાસ — એક પ્રસ્તુતિકારમાં અપેક્ષિત બધું ભાથામાં ભેગુ થતું હતું. એક નકશીદાર ઘરેણું ઘડાતું હતું અને આ ક્ષેત્રના એવા જ પ્રતિબદ્ધ અને કટિબદ્ધ જાણકારોની નજરે પ્રહર આવવા લાગ્યો. નિર્માતા-નિર્દેશક શ્રી સલીલ મહેતાએ બાળપણથી આંગળી પકડી તે હજી હાથ ઝાલેલો જ છે. એમની આગવી સૂઝથી તૈયાર થયેલી અનેક સર્જનાત્મક મંચ પ્રસ્તુતિઓમાં અન્ય નામાંકિત કલાકારોની હરોળમાં હવે પ્રહરનેય સ્થાન મળે છે. ગુજરાતી સુગમ સંગીતના અણમોલ ગીતો હોય કે પછી ગઝલનો ગુલદસ્તો હોય કે નવરાત્રીના ગરબાની રમઝટ, પ્રહાર છવાતો ગયો. મને સાવ અંગત રીતે સ્પર્શે છે—આ જ હારમાળાની કોહીનૂરસમ કૃતિ આદ્ય કવિ શ્રી નરસિંહ મહેતાના જીવન-કવનને જીવંત કરતી પ્રસ્તુતિ 'વૃક્ષમાં બીજ તું' ના બે પદ. પ્રહર વોરા વિષે લખવાનું છે એ નક્કી થયા પછી અંદરથી અવાજ આવ્યો કે આ તો કહેવું જ! આ બહુપરિમાણીય પ્રસ્તુતિમાં પ્રહર જયારે 'જાગીને જોઉં તો જગત દીસે નહિ' અને 'સુખદુઃખ મનમાં ન આણીએ' રજૂ કરે ત્યારે એ પોતે એવો તલ્લીન હોય કે નરસિંહનો હાથ બળ્યો ત્યારનું તાદાત્મ્ય કેવું હશે એનો એહસાસ થાય. બન્ને પદ પૂરાં થાય ત્યારે અમુક ક્ષણો સુધી 'અનાહત નાદ' જળવાય જ. અહીં એ પુરવાર થાય કે પ્રસ્તુતિની સફળતા હંમેશા તાળીઓના ગડગડાટમાં જ હોય એવું નથી, વાતાવરણ અને લાગણીને થોડીવાર માટે સ્તબ્ધ કરતું મૌન પણ એટલું જ પ્રબળ હોય છે, લાજવાબ પ્રતિસાદ અને પ્રતિભાવ માટે.

ગુજરાતી કાવ્ય સંગીતના પ્રચાર અને પ્રસારના અનેક તબક્કાઓ રહ્યા. આ પ્રવૃત્તિ મુખ્યત્વે ગુજરાતના પ્રતિનિધિ શહેરો અને મુબઈમાં થવા લાગી હતી. સ્વરકાર ગાયકોની એક આખી પેઢીએ આ ક્ષેત્રે અનેક સીમાચિહ્નો હાંસલ કર્યાં. કેટલીક સંસ્થાઓ પણ નોંધપાત્ર પ્રદાન કરતી રહી, આ સુમધુર સંગીતને શ્રોતા સુધી પહોંચાડવામાં અને શ્રોતાઓને આ સંગીત સુધી લઈ આવવામાં. લોકોમાં રુચિ ઘડાતી રહી અને પ્રહર આવા જ સમયકાળમાં કિશોર અવસ્થામાં પહોંચ્યો, સ્વરસજ્જ અને ગાયનક્ષમ બનીને. અને સાહિત્ય-

કલા-સંગીત દરેકને નિકટથી જાણનારા, માણનારા અને એક સબળ મંચ સુધી ક્ષમતાસભર કલાકારોને લઈ જનારા શ્રી વિક્રમ પટેલનેય પ્રહર જડી ગયો. તો શબ્દ અને સૂરને નિતાંત પ્રેમ કરનારા અને નવોદિતોથી લઈ નામાંકિત કલાકારોને જે મન ભરીને બિરદાવીને પોતાનામાં રહેલી અમાપ સૂઝથી કાવ્ય સંગીતના જાજરમાન ઉત્સવોના આયોજન કરતા જ રહે છે, એવા કવિ–લેખક-સંચાલક–આયોજક શ્રી અંકિત ત્રિવેદીને પણ પ્રહર વોરામાં રહેલી વિશેષ યોગ્યતાઓનો તાગ આવી ગયો. શ્રી વિક્રમ પટેલ અને શ્રી અંકિત ત્રિવેદી, આ બન્ને ગુણીજનોના સહિયારા આયોજન એવા 'સમન્વય' જેવા સંગીતના જલસામાં પ્રહર ૨૦૦૫થી ગાતો રહ્યો છે અને ક્યારેક મંચની આબોહવા બાંધે તો ક્યારેક આભા સજાવે, 'રામ મઢી રે મારી રામમઢી'થી શરૂઆત થઈને પછી તો વિવિધ કૃતિઓ આ અનેરા ગાયકના ગળામાંથી નવતર શોભા લઈ શ્રોતાગણના કાન અને હૃદયમાં જણસ જેમ સાચવાવા લાગી. ઊર્મિગીત હોય કે લોકઢાળનું ગીત, ગંભીર કે હળવા મૂડની ગઝલ હોય કે રસાળ અને રમતિયાળ ગીત કે ભજન, પ્રહરે પોતે વિકસાવેલ પ્રસ્તુતિ વૈવિધ્યના ન્યાયાલયમાં સહજ જજની રૂએ યોગ્ય ન્યાય મેળવે. આમ, સંગીતની જમાવટ અને સજાવટમાં પ્રથમાથી લઈ પૂર્ણ થઈ ચૂકેલ આ મ્યુઝિકલમેનને આ ક્ષેત્રના માંધાતાઓનો આવકાર મળતો રહ્યો. સુગમ સંગીતના ઘરાના તરીકે ઓળખાય છે એવા શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય, પીઢ અને અનોખી બુલંદીના માલિક શ્રી દિલીપભાઈ ધોળકિયા અને દ્રુપદ ગાયિકીના ઉચ્ચતમ શિખર શ્રી અતુલ દેસાઈ, આ સહુનું માર્ગદર્શન મળતું રહ્યું. કાવ્ય સંગીતમાં નવતર છાપ ઊભી કરનાર ચાર દાયકાથી કાર્યરત એવા સ્વર, શબ્દ અને શ્રોતાના સેતુ સમાન શ્યામલ–સૌમિલ, આરતી મુનશીએ પણ કેટલીક બહુમૂલ્ય તક આપી પ્રહરને. 'સ્વરસેતુ'ના અનેક કાર્યક્રમોમાં એણે સ્થાન મેળવ્યું.

એક સર્વસ્વીકૃત કથન છે કે પરિપક્વતાને ઉંમર સાથે સીધો સંબંધ નથી હોતો. એવું જ બન્યું પ્રહર સાથે. વય અને મન યુવાન, પણ હુન્નરમાં પરિપક્વ થતો ગયો. ભારતીય શાસ્ત્રીય સંગીતના કલાકારોના આન, બાન અને શાન સમી એક સ્વનામધન્ય બેઠક એટલે 'સપ્તક' સંગીત સમારોહ. દર વર્ષે 1 જાન્યુઆરીથી 13 જાન્યુઆરી સુધી ચાલતી આ અપ્રતિમ ગુણવત્તાસભર યાત્રા સાતત્યના લગભગ ચાર દાયકા વટાવી ચૂકી છે, અહીં પણ પ્રહર વોરાનો કસબ પહોંચી ચૂક્યો છે. 2009ના સપ્તક સમારોહમાં માત્ર 19 વર્ષની ઉંમરે શ્રી મૌલિક શાહ–સુ.શ્રી ઈશીરા પરીખ જેવા અગ્રગણ્ય નૃત્યકારો સાથે એણે સંગત કરી. પછી તો એ સંગત એવો ઘેરો રંગ લાવી કે પ્રહર વોરાને સુખ્યાત નૃત્યવિદ કલાગુરુ પંડિત બીરજુ મહારાજ સાથે સંગત કરવાનો લ્હાવો મળ્યો.

સંગીતની જ વાત કરવાની છે ત્યારે એક ખાસ હકીકતથી ધ્યાન દોરવું જોઈએ. સંગીતના કેટલાંક પાસાં અને પરિભાષા જોઈએ તો અહીં સંવાદિતા (Harmony) અને સાજના તાલમેલ (Instrument Balancing)નું મહાત્મ્ય બહુ. એ આત્મસાત કરવા પ્રસ્તુતિ કરનારે ક્યારેક કોમળ સ્વરે જવું પડે તો ક્યારેક શ્રાવ્ય, સહ્ય અને સહજ એવા તીવ્ર સ્વરે અને સાથે સાથે આ balancing થઈ ગયું કહેવાય એની પરખ, ચીવટ અને ધીરજ પણ હોવા જોઈએ. ટૂંકમાં, નમ્રતા અને થોડી મીઠી મક્કમતા જરૂરી. આ બધા જ વ્યક્તિગત ગુણો પણ પ્રહરમાં છે. જેના જોરે હવે એ ગાયક હોવા ઉપરાંત સ્વરકાર, સ્વરસંકલનકાર અને કાર્યક્રમની સંગીત સંચલનાનો ધરોહર પણ બની ગયો છે. અહીં સુધી પહોંચ્યા પછી પણ એણે એ તકેદારી રાખી છે કે 'Earn' તો થતું રહેશે 'Learn'ની દિશાએ જવાનું ચાલુ રાખવું. રોજીંદો રિયાઝ તો હોય જ, પણ છેલ્લાં ૧૦ વર્ષથી એ મુંબઈ સ્થિત શ્રી ગૌતમ મુખર્જી પાસે Voice Groomingની પણ તાલીમ લે છે.

સંગીતકાર કે ગાયક એના શ્રોતાઓ સુધી પહોંચે છે; કાર્યક્રમો, સભાઓ, બેઠકો દરમિયાન. પણ, એમને ત્યાં કાયમી વસવાટ કરવો હોય તો બીજાં માધ્યમ પણ

અજમાવવા પડે અને એક તો છે રેકોર્ડેડ આલ્બમ્સ અને હવે આજના યુગમાં જરૂરી એવું online presence. પ્રહરના નામે શ્રી ગૌરાંગ વ્યાસના સ્વરસંચલન હેઠળ થયેલ 'નાદબ્રહ્મ' અને સંપૂર્ણ સ્વતંત્ર પ્રયાસ રૂપે 'સ્વર પ્રહર' નામના આલ્બમ્સ છે. એક વિશિષ્ટ પ્રસ્તુતિ પણ આ સમજણયુક્ત જણ લઈને આવે છે. એના શાસ્ત્રીય સંગીતના ગુરુ પંડિત કૃષ્ણકાંત પરીખની ૧૦મી પુણ્યતિથિ અને પંડિત રવિશંકરજીની ૧૦૦મી જન્મ જયંતી એક જ વર્ષમાં આવી, તો બન્ને મહાનુભાવને સૂરમય અંજલિ આપવા એણે સુરદાસના શબ્દો, પંડિત કૃષ્ણકાંત પરીખની એક એવી બંદિશ પસંદ કરી કે જે પંડિત રવિશંકરજીએ વિકસાવેલ રાગ પરમેશ્વરી પર આધારિત છે. આ ઉપરાંત તાજેતરમાં એ હિન્દી-ઉર્દૂ ગઝલના આસમાનમાં ઝળહળતા યુગલ જગજીતસિંગ–ચિત્રાસિંગની મનપસંદ ગઝલોને youtube channel પર Cover formમાં જરા અલગ અંદાઝમાં લાવી રહ્યો છે.

હજી તો ૩૨ વર્ષ થયાં છે, ત્યાં ૨૦૧૭નો યુવા સંગીતકારનો શ્રી રાવજી પટેલ એવૉર્ડ સંત શ્રી મોરારિબાપુના હસ્તે મળી ચૂક્યો છે અને કેનેડિયન પાલમિન્ટનો ખાસ એવૉર્ડ પણ. ભારતના અનેક શહેરોના સ્વરમંચ ઉપરાંત અમેરિકા, કેનેડા, ઓમાન, દુબઈ, ફિનલેન્ડ, ઓસ્તાનિયા જેવા અનેક દેશોના સ્ટેજ ગજવી ચૂક્યો છે.

પ્રહર વોરાની ઉપલબ્ધિઓ અને ઉત્તરોત્તર પ્રગતિમાં જે છોગું છે એ છે દ્વાદશ જ્યોતિર્લિંગમાં સૌ પ્રથમ જેનું નામોચ્ચરણ છે એવા 'સૌરાષ્ટ્રે સોમનાથમ ચ' દેવાધિદેવ મહાદેવના નવપલ્લવિત સ્થાનક શ્રી સોમનાથ મહાદેવમાં રજૂ થતાં લાઇટ એન્ડ સાઉન્ડ શૉનું મ્યુઝિક પણ પ્રહર વોરાનું અને ગાયન પણ એનું જ. આગળ ઉલ્લેખ કર્યો એના પુનરાવર્તનમાં એવું કહેવાય કે માત્ર ૭મે વર્ષે સાત સમન્દર પાર ગાયા પછી, અનેક સીમાડા વટાવ્યા પછી, સૂરશબ્દની ઝાલર વગાડ્યા પછી, અરબી સમુદ્ર વાટે મહાદેવનો નાદ કર્યો આ પ્રહરે. યાત્રા શાર્લોટથી સોમનાથ સુધીની.

આ એવી યુવા પ્રતિભા છે જેણે બહુ ટૂંકા ગાળામાં સંગીત ક્ષેત્રે કાઠું કાઢ્યું છે. એ માત્ર અને માત્ર સંગીતને સમર્પિત છે અને સફળતા ત્યાં જ છે જ્યાં સમર્પણ છે. આપણે સહુ આ યુવા સ્વરકાર ગાયકને આપણો ઉમળકો બતાવતા રહીએ. અપાર સંભાવનાઓ હજી છે એનામાં. એટલે એ હજી અનેક નવતર અને બળવત્તર પ્રસ્તુતિઓ આપશે જ. ને આમ જ કાવ્ય સંગીતના આઠે પ્રહર સૂરસજ્જ રાખશે આ પ્રહર.

**શ્રદ્ધાજંલિ**

- લોકભારતીના કાર્યકર શ્રી વિક્રમભાઈ દેસાઈના પિતા શ્રી રામજીભાઈ હલુભાઈ દેસાઈનું તા. ૧૨-૧૨-૨૦૨૦ રોજ ૬૮ વર્ષની વયે તેના વતન થુમથુલ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકદક્ષિણામૂર્તિ પરિવારના વર્ષો સુધી માર્ગદર્શક-વડીલ- સંચાલક રહેલા અને જાહેરજીવનમાં ઉલ્લેખનીય કામગીરીથી પોતાની એક આગવી ઓળખ ઊભી કરનાર સ્વ. શ્રી દલસુખભાઈ ગોધાણીનાં ધર્મપત્ની અજવાળીબહેન દલસુખભાઈ ગોધાણીનું લાંબી બીમારીના અંતે ૮૭ વર્ષની વયે તા. ૨૨-૦૧-૨૦૨૧ના રોજ સુરત ખાતે દુઃખદ અવસાન થયું છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## ૦૮. સંભારણાં

**આદીવાસી પ્રજાના આલ્બર્ટ સ્વાઈત્ઝર : ડૉ.નવનીત ફોજદાર**
**પ્રવિણચંદ્ર ઠક્કર**

ભૂમિકાઃ

આપણું એ પરમ સદ્ભાગ્ય છે કે ગુજરાતની પ્રજાને વિવિધ ક્ષેત્રોમાં જે રીતે પ્રતિભા સંપન્ન પુરુષો પ્રાપ્ત થયા છે તે જ રીતે આરોગ્યના ક્ષેત્રમાં પણ નિષ્કામ-આત્મભાવે સેવા કરનાર વિરલાઓ મળ્યા છે. સમર્પિત તબીબોએ ગરીબ દર્દીઓના અનારોગ્યના અંધકારને દૂર કરવા અથાગ પ્રયાસો કર્યા છે. આનંદ કે તેમના બીજી-ત્રીજી પેઢીના માનસ સંતાનો ય આજે પ્રકાશની આ પ્રજલિત મશાલ સાથે અજવાળાં પાથરવા આગળ વધી રહ્યાં છે.

આજથી પચાસ વર્ષ પૂર્વે ઈ.સ. ૧૯૬૮માં ગુજરાતની છેક સરહદે સ્થિત ધરમપુરના અંધારિયા ખૂણામાં આદિવાસીઓના આરોગ્યથી શરૂઆત કરીને સર્વાંગી ઉત્કર્ષ માટે જેમણે જેહાદ ચલાવી તે ડૉ.નવનીતભાઈ ફોજદારને ગુજરાતે સહજભાવે ડૉ.આલ્બર્ટ સ્વાઈત્ઝરની ઉપમાં આપી છે. તત્કાલીન જર્મન પ્રદેશ, અત્યારે ફ્રાંસના એક વિસ્તાર અલ્સેકમાં, જન્મેલાં-ઉછરેલાં ડૉ.સ્વાઈત્ઝર મૂળે તો તત્વચિંતક, 'જિસસ અંગેની ઐતિહાસિક શોધ' વિષય ઉપર તેમણે ઐતિહાસિક ગ્રંથ તૈયાર કરેલ, ઈમેન્યુઅલકાન્ટ અને ટોલ્સતોયથી યે પ્રભાવિત. એક દિવસ સવારે પંખીઓના મધુરગીતની સાથે સંમલિત થઈ ગયેલો ચર્ચનો ઘંટનાદ સાંભળીને આફ્રિકાના ઉપેક્ષિત વનવાસીઓના સ્વાથ્ય માટે પોતાની જાતને સમર્પિત કરી દેવાનો નિર્ણય કર્યો. આ ઉદ્દેશને પરિપૂર્ણ કરવા માટે તબીબીવિજ્ઞાનનો અભ્યાસ કરી ડૉક્ટર થયા અને પછી ઈ.સ. ૧૯૧૩માં પહોંચી ગયા તત્કાલીન, આફ્રિકાની ફ્રેંચ વસાહત ગેબન પ્રદેશમાં. 'સ્વાઈત્ઝર હોસ્પિટલ'ની સ્થાપના કરીને લાખો દર્દીઓની તંદુરસ્તી માટે જે અવર્ણનીય ભવ્ય પુરુષાર્થ કર્યો તેની નોંધ લઈને ઈ.સ.૧૯૫૨માં તેમને નોબેલ પુરસ્કારથી નવાજિત કરવામાં આવ્યા.

યોગીપુરુષઃ નવનીતભાઈ

મુંબઈ મહાનગરમાં અભ્યાસ કરી, ત્યાં એમ.ડી. નો અભ્યાસ અધવચ્ચેથી છોડીને ધરમપુર વિસ્તાર અને ત્યાંની પ્રજા સાથે એકરૂપ થઈ ગયેલા ડૉ.નવનીતભાઈના પ્રજામાં પ્રેરણાદાયી કાર્યની અહીં સંક્ષિપ્ત ચર્ચા પ્રસ્તુત છે. ગુજરાતના ડુંગરાળ, સાગ-સાદડના ગીચ જંગલોથી છવાયેલા પ્રદેશ વચ્ચે વસતી ગરીબ, અજ્ઞાન, પછાત, ઉપેક્ષિત, અંધશ્રદ્ધાથી ઘેરાયેલી, દારૂને દેવ માનતી આદિવાસી પ્રજા. પચાસ વર્ષ પૂર્વે તેમની વચ્ચે વસવાટ કરી, આ જનસંખ્યાને પોતીકી બનાવવા સેવાકાર્યના મંડાણ કરનાર પ્રાતઃસ્મરણીય યોગી એટલે ડૉ.નવનીતભાઈ (જન્મ : તા.૧૭/૧૧/૧૯૩૩ નિધન તા.૨/૫/૨૦૦૬)

મુંબઈમાં એમ.બી.બી.એસ.ના અભ્યાસ દરમિયાન વાંચેલા સર્વોદય સાહિત્ય અને 'ગાંધીજીની આત્મકથા'ની જીવની ઉપર ઊંડી અસર થતી ગઈ ઈ.સ.૧૯૬૦માં તબીબ તરીકેની પદવી મેળવી. એમ.ડી.ના પ્રથમ વર્ષે ડૉ. એરિક ફ્રોમના પુસ્તક Sane Society, શાણો સમાજમાંથી પસાર થતાં સર્વોદય વિચાર પરની શ્રદ્ધા દ્રઢીભૂત થતી ગઈ. એમ.ડી.ના આસક્તિ-મોહમાંથી મુક્ત થઈને ઈ.સ. ૧૯૬૪માં પહોંચી ગયા વડોદરા. અહીંની સર્વોદય પ્રવૃત્તિમાં ખૂંપી ગયા.

દીન-દુઃખીયાના બેલી અને મુંબઈમાં પોતાના પ્રેરણામૂર્તિ પાડોશી ડૉ.દ્વારકાદાસ જોશીએ વડનગરમાં ચરિટેબલ હોસ્પિટલ શરૂ કરેલી. તેમના નિમંત્રણથી ત્યાં દોઢેક વર્ષ સેવાઓ આપી. ઈ.સ.૧૯૬૭માં વિનોબાજીની ભૂદાન પદયાત્રા નિમિત્તે શ્રી કાંતાબહેન શાહ સાથે ધરમપુરથી ૨૨ કિ.મી. આવેલા પિંડવળ ગામે જવાનું થયું. ત્યાંના દરિદ્ર લોકોની દયનીય પરિસ્થિતિ જોઈને દ્રવિત થઈ ગયા. ગુજરાત સર્વોદય મંડળના ઉપક્રમે પિંડવળ અને

કપરાડામાં ત્યાની આશ્રમ શાળામાં બે મફત મેડિકલ કેન્દ્રો એપ્રિલ ૧૯૬૮માં શરૂ કર્યા અને પછી તો નવીનભાઈએ આ વિસ્તારને આજીવન પોતાનું થાણું બનાવી દીધું.

આ પ્રદેશમાં ૨૫ કિ.મી. ક્ષેત્રેમાં નહોતા કોઈ દાક્તર કે નહોતા કોઈ શિક્ષક. ભુવા-ભગત-દોરા-ધાગા ડામનું જ ચલણ. આદિવાસીઓના ખોરાકમાં શાકભાજી-પોષક તત્ત્વોનો સંપૂર્ણ અભાવ. દૂધ, દહીંનું નામે ય ક્યાંથી હોય? ચોમાસામાં ૧૫૦ ઈંચ વરસાદ છતાંય પીવાના પાણીનો અભાવ. ગંદા-ડહોળા-અસ્વચ્છ-પ્રદુષિત પાણીનો વપરાશ. પીવાનું પાણી યે આજ. પરિણામે કૃમિ-મરડો-ખસ-ખુજલી વ્યાપક. અહીંનો મહા રોગ ક્રોનિક મેલેરિયા, કુષ્ઠરોગ, ટી.બી.નું પ્રમાણ ઠીકઠીક. વિટામિન 'એ'ની ઉણપથી રતાંધળાપણાનું વિસ્તરણ. તે સમયે ધરમપુર તાલુકો દેશનો વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટો તાલુકો પણ આર્થિક, સામાજિક દ્રષ્ટિએ છત્તીસગઢના બસ્તર પ્રદેશ કરતાંયે બદતર.

નિરહંકારી, નિર્લેપ નવનીતભાઈનું કામ કપરું હતું. તે સમયે ધૂળિયા-કાચા સર્પાકાર રસ્તા. ધરમપુરથી એક જ એસ.ટી. બસ પિંડવળ આવે. ચોમાસાના ચાર મહિના બંધ. નવનીતભાઈને બસમાં ઘણીવાર ઊભા ઊભા જવાનું. બસ ન હોય ત્યારે ચાલતા જાય. પોતે સવારે ચાર વાગે ઊઠી જાય. એલ્યુમિનિયમના મોટા તપેલામાં ઈન્જેક્શન માટેની સીરિંજો-સોય ઉકાળીને તૈયાર રાખે. તેમનું દવાખાનું શરૂ થાય સવારે પાંચ વાગે. દર્દીને ઝોળીમાં નાંખી તેના સગા-સંબંધી આખી રાત ડુંગરાઓ ચડતાં-ઉતરતાં સવારે આવી પહોંચે. નવનીતભાઈ તેમને લાગણીભીના શબ્દોથી આવકારે. પરિવારના ખબરઅંતર પૂછે. નિરાંતે તપાસે. અંધશ્રદ્ધા અને વ્યસનમાંથી મુક્ત થવાની સમજણ આપે અને પછી દર્દી પંદર દિવસની દવા વિના મૂલ્યે લેતા જાય. બપોર પછી પહોંચી જાય દૂર દૂર આવેલા ઝૂંપડે ઝૂંપડે. કુટુંબ સાથે ગોષ્ઠિ કરે. સ્નેહનો તંતુ બાંધે અને પછી દવાઓ-વિટામિન એની ગોળીઓ આપે. થોડા વર્ષો પછી ઈ.સ. ૧૯૭૪/૭૫માં મુળે મુંબઈના હરવિલાસબહેન —કાંતાબહેન — કાંતિભાઈ શાહ પણ ભગવાન બુદ્ધના મૈત્રી-કરુણા-મુદિતા-ઉપેક્ષાનો શાંતિમય-ક્રાંતિમય ઝીલી, આત્મસાત્ કરી અહીં સ્થાયી થયા. આ ચારેય સેવકોએ ૧૮ એપ્રિલ ૧૯૭૫માં સ્થાપના કરી 'સર્વોદય પરિવાર ટ્રસ્ટ'ની.

હવે નવનીતભાઈ દવાઓની સાથે જરૂરિયાતવાળાઓને રાહતદરે અનાજ આપવા કાર્ડનું વિતરણ કરતા જાય. નળિયા આપવા માટે નોંધણી કરે. સારવારનું કામ તો વ્યાપક હતું. ખસ-ખુજલી માટે તો આખા ગામની સામૂહિક સારવાર કરવી પડે. એટલે મોટા ડ્રમમાં મલમ ભરીને લઈ જવાના. ગામમાં કેમ્પ કરીને દરેકને તે આપવાના. નવનીતભાઈ એકલા તો કેમ પહોંચી વળે? એટલે ગામના સ્થાનિક યુવાનોને તેમણે તૈયાર કર્યા. સર્વ સામાન્ય રોગો-ઉપચાર અંગે તેમને પ્રાથમિક જ્ઞાન પૂરું પાડવા અવૈધિક તાલીમી કાર્યક્રમો શરૂ કર્યા. યુવકોએ સ્થાનિક સારવારની જવાબદારી સંભાળી લીધી. દર્દીઓને વિશેષ માવજત માટે જ પિંડવળ જવું પડે. ૧૯૮૬ના પ્રારંભે દરરોજ ચાર-પાંચ દર્દીઓ જ હોય. ચાર વર્ષ પછી દર મહિને ૬૫ ગામના ૧૨૦૦ દર્દીઓ આવવા માંડ્યા. આ સેવાયજ્ઞની સુવાસથી પ્રેરાઈને અનેક સખી દાતાઓ સક્રિય સહયોગ પૂરાં પાડતા રહ્યા. નવનીતભાઈ દિવંગત થયા છે. અત્યારે પિંડવળ ગામે સરકારી રેફરલ હોસ્પિટલ સક્રિય છે.

**સર્વોદય પરિવાર ટ્રસ્ટ :**

સર્વોદય પરિવાર ટ્રસ્ટે, નવનીતભાઈની સેવાઓને પરિણામે પ્રારંભ કર્યો આરોગ્યના કાર્યક્રમોથી પણ સૌ ટ્રસ્ટીઓ-વડીલો ઉત્સુક હતા આ વિસ્તારની પ્રજાના સર્વાંગી ઉત્થાન માટે. તેથી સરકારી ગ્રાંટ વિના લોક આધારિત ધોરણ ૧ થી ૯ ના બાળકો માટે છાત્રાલય સાથે સર્વોદય વિદ્યાલયની સ્થાપના થઈ. અનાજ વિતરણ માટે અનાજ બેંક, ઝૂંપડાના છાપરાં ઢાંકવા નળિયાં વિતરણ, અંબર કેન્દ્રો વગેરે અનેકવિધ પ્રવૃત્તિઓ વિકસતી થઈ. અહીંથી ૨૦ કિ.મી. દૂર આવેલા ખડકી ગામે સગર્ભા માતાની સાર-સંભાળ માટે જાગૃતિમૂલક કાર્યક્રમો, દાયણ બહેનોની તાલીમ, ખેતી-સુધારણા, જળ સંગ્રહ, નર્સરી, ગ્રામવન, શિક્ષણ, વારલી ચિત્ર તાલીમ કેન્દ્ર, સમૂહ લગ્ન જેવી પ્રવૃત્તિઓ વેગવાન બનતી જાય છે.

## ૯. જીવનશૈલી...

### કિન્નરોના દેશમાં – ૧

**ભાણદેવજી**

---

**ગતાંકથી ચાલુ...**

રિક્ચાંગ-પિયોથી કાલ્પા બહુ દૂર નથી. ભારત-તિબેટ રાજમાર્ગ પર પાંવારી નામનું સ્થાન છે. આ પાંવારીથી રિક્ચાંગ-પિયો ૭ કિ.મી. છે અને રિક્ચાંગ-પિયોથી કાલ્પા ૧૩ કિ.મી. છે. રસ્તો સરસ છે. અમે જાણે નીકળ્યા તેવા જ પહોંચી ગયા. કાલ્પા બહુ મોટું ગામ છે. ગામની વચ્ચે એક ચોક છે. આ ચોક સુધી જ વાહનો જઈ શકે. અમારી મોટર પણ આ ચોકમાં ઊભી રહી.

શું છે આ કાલ્પા ?

કાલ્પા કિન્નોરપ્રદેશનું એક ઘણું પ્રાચીન ગામ છે. મધ્યયુગમાં કિન્નોરપ્રદેશમાં અનેક નાના-નાના રાજાઓ અને તેમનાં નાનાં-નાનાં રાજ્યો હતાં. તે કાળે કાલ્પા એક નાના રાજયની રાજધાની પણ રહી ચૂક્યું છે. કાલ્પા જૂના હિન્દુસ્તાન-તિબેટ માર્ગ પર વસેલું છે. હવે આ રાજમાર્ગનું સ્વરૂપ બદલાયું છે. તદનુસાર આ રાજમાર્ગ પાંવારીમાંથી પસાર થાય છે. પાંવારીથી કાલ્પાનું સીધું અંતર બહુ નથી, પરંતુ મોટરમાર્ગે આ અંતર ૨૦ કિ.મી. છે. હિમાચલપ્રદેશની રાજધાની સિમલાથી કાલ્પા ૨૬૦ કિ.મી. દૂર છે. કાલ્પા સમુદ્રથી ૨૭૫૯ મીટર ઊંચાઈ પર વસેલું છે. તદનુસાર શિયાળામાં હિમવર્ષા થાય છે. દેવદારનાં ગાઢ જંગલો વચ્ચે વસેલું આ ઐતિહાસિક ગામ કાલ્પા બહુ સુંદર વિસ્તારમાં વસેલું સુંદર ગામ છે. સામે જ સતલજના સામા કિનારે કિન્નોર-કૈલાસ પર્વતમાળા અને તદંતર્ગત કિન્નોર શિવલિંગનાં દર્શન થાય છે.

આ રમણીય ગામ કાલ્પાનું મૂળ નામ 'ચીને' છે. 'ચીને' શબ્દનો અર્થ 'પવિત્ર સ્થાન' છે. કાળાંતરે આ 'ચીને' શબ્દનું રૂપ 'ચીની' બની ગયું.

લૉર્ડ ડેલહાઉઝી ઈ.સ. ૧૮૫૦માં અહીં આવેલા. અહીંનાં હવાપાણીથી પ્રભાવિત થઈને તેઓ થોડો સમય અહીં રહ્યા. આ વખતે 'ચીને'માં એક કૉલોની બની. આ 'કૉલોની' શબ્દનું કિન્નોરી રૂપાંતર 'કાલ્પા' બની ગયું છે. તદનુસાર ત્યારથી આ ગામ માટે 'કાલ્પા' શબ્દનો પ્રયોગ થવા માંડ્યો. આમ છતાં આ વિસ્તારના સ્થાનિક લોકો આ ગામને 'ચીને' તરીકે જ ઓળખે છે.

કાલ્પામાં એક સુંદર ગોમ્પા છે. કાલ્પાના ચોકમાં મોટર મૂકીને અમે પગપાળા જ ચાલ્યા, કારણ કે આ વિસ્તાર મંદિરવિસ્તાર છે અને તેથી આ વિસ્તારમાં વાહનોને પ્રવેશ નથી. વાહનોને પ્રવેશ ન હોય તો ભલે ન હોય, પરંતુ અમારા પગને તો પ્રવેશ છે ને ! પગ અમારું સૌથી પ્રાચીન, સૌથી ઉત્તમ અને સર્વદા હાથવગું સાધન છે-વાહન છે. અમે તે વાહન પગ પર બેસીને આગળ ચાલ્યા. આ પ્રાંગણમાં બીજાં પણ મંદિરો છે. અમે પ્રથમ ગોમ્પામાં ગયા.

ગોમ્પામાં પ્રવેશ કરતાં જ મન પ્રસન્ન થઈ ગયું. સ્વચ્છ, સુંદર, પવિત્ર પરિવેશ છે. સામે જ વિશાળ કદની ત્રણ મૂર્તિઓ છે. તેમની સામે અનેક દીપકો પ્રજ્વલિત છે. જમણી બાજુએ એક લામા બેઠા છે. તેમનો પાઠ ચાલે છે. અમે ભગવાન બુદ્ધને પ્રણામ કરીને ઊભા રહ્યા. લામાએ સ્મિતપૂર્વક અમારું સ્વાગત કર્યું અને ઇશારાથી બેસવા કહ્યું. તેમનો પાઠ ચાલુ રહ્યો. એક નવયુવાને આવીને અમને આસન આપ્યાં. અમે બેઠા.

લામાનો પાઠ પૂરો થયો. હવે અમારી વાતચીત શરૂ થઈ.

લામાજીએ અમને સમજાવ્યું કે આ ત્રણ મૂર્તિઓમાં વચ્ચે છે તે ભગવાન બુદ્ધની મૂર્તિ છે. તેમની ડાબી બાજુ જે મૂર્તિ છે તે ગુરુ પદ્મસંભવની મૂર્તિ છે. જમણી બાજુ જે મૂર્તિ છે તે અવલોકિતેશ્વર બુદ્ધની મૂર્તિ છે.

અમે પ્રશ્ન પૂછ્યો અને તદનુસાર લામાએ અમને આ ગોમ્પાનો ઇતિહાસ કહ્યો. ભારતમાંથી મહાગુરુ પદ્મસંભવ દ્વારા બૌદ્ધ ધર્મ તિબેટમાં ગયો છે. બૌદ્ધ ધર્મની પ્રધાન બે શાખા હતી - હીનયાન અને મહાયાન. તિબેટમાં બૌદ્ધ ધર્મ એક નવું સ્વરૂપ ધારણ કરે છે. તે શાખાનું નામ છે વજ્રયાન.

તિબેટમાં વજયાન બૌદ્ધ ધર્મની પ્રતિષ્ઠા થયા પછી બૌદ્ધ ધર્મની આ શાખા ભારતના કેટલાક વિસ્તારમાં આવે છે. હિમાચલપ્રદેશનો ઉત્તરીય વિસ્તાર, લડાખ, નેપાલનો ઉત્તરીય વિસ્તાર, સિક્કિમ, ભૂતાન આદિ વિસ્તારમાં જે બૌદ્ધ ધર્મ છે તે તિબેટથી પાછો આવેલો વજયાન બૌદ્ધ ધર્મ છે. આ વજયાન શાખાના ગુરુ પદ્મસંભવ છે અને ધાર્મિક વડા દલાઈ લામા છે.

દસમી સદીમાં પશ્ચિમ તિબેટના ગુગેના નિવાસી મહાનુવાદક રત્નભદ્ર બૌદ્ધ ધર્મના અભ્યાસ માટે નાલંદા આવે છે. ત્યાર પછી તેઓ હિમાલયના ઉત્તરી વિસ્તારમાં ફરે છે. તેમણે અસંખ્ય સ્તૂપો અને એકસો આઠ ગોમ્પાઓનું નિર્માણ કર્યું-કરાવ્યું છે. કિન્નોરમાં પણ તેમના દ્વારા બૌદ્ધ ધર્મનો પ્રચાર-પ્રસાર થયો અને ગોમ્પાઓનું નિર્માણકાર્ય પણ થયું છે. કાલ્પાનો આ ગોમ્પા ગુરુ રત્નભદ્રે સ્થાપેલા ગોમ્પામાંનો એક છે.

ઈ. સ. ૧૯૫૯માં કાલ્પામાં મહાન આગ લાગી. અહીંનાં મકાનો અને ગોમ્પાઓ મહદંશે લાકડાનાં હોય છે. આ મહાઆગમાં અનેક અન્ય મકાનોની સાથે કાલ્પાનો આ પ્રાચીન ગોમ્પા પણ બળીને ભસ્મ થઈ ગયો. ત્યારપછી ગામલોકોએ સાથે મળીને તે જ સ્થાને તેવા જ ગોમ્પાનું નવનિર્માણ કર્યું છે. અમે જ્યાં બેઠા છીએ તે આ નવનિર્મિત ગોમ્પા છે.

આ ગોમ્પામાં વર્તમાનમાં જે પ્રતિષ્ઠિત છે તે ભગવાન બુદ્ધની આરસની પ્રતિમા તે વખતના કૉંગ્રેસપ્રમુખ માનનીય શ્રી ઉછરંગરાય ઢેબર અને ધર્મદેવ શાસ્ત્રીએ સંયુક્ત રીતે ભેટ આપેલ છે.

આ ગોમ્પામાં ભગવાન બુદ્ધનાં વચનોની 'કંજુર' નામની સો પોથીઓ પણ છે. કાલ્પાના જ 'મચિનસ' નામના પરિવારે આ સો પોથીઓ ગોમ્પાને અર્પણ કરેલ છે.

આ બૌદ્ધ ગોમ્પાની બાજુમાં થોડાં વર્ષ પહેલાં એક ભવ્ય સ્તૂપનું નિર્માણ થયું છે.

લામા જે ધર્મગ્રંથનો પાઠ કરી રહ્યા હતા તે બોધિભાષામાં છે અને સંભવતઃ તિબેટિયન લિપિમાં મુદ્રિત છે. તે તો અમે ન સમજી શકીએ, પરંતુ લામાએ અમને બીજું એક પુસ્તક બતાવ્યું : બર-દો-થોસ-ડોલ : Bardo-Thodol (Tribetan Book Of The Dead) નો હિન્દી અનુવાદ!

આ ગ્રંથની રચના ગુરુ પદ્મસંભવે કરી છે. મૂળ તિબેટિયન ભાષામાં અને અંગ્રેજીમાં તો હવે આ ગ્રંથ ઉપલબ્ધ છે, પરંતુ હિન્દી અનુવાદ મેં પહેલી વાર જોયો. મેં આ પુસ્તક રસપૂર્વક જોયું. મારો આ ગ્રંથમાં આવો રસ જોઈને તેમણે પુનઃ પુસ્તક પોતાના હાથમાં લીધું અને મને ભાવપૂર્વક ભેટ આપ્યું. તેમણે ના તો કહી, પરંતુ મેં થોડું ધન તેમના ટેબલ પર મૂક્યું. તેમણે મને બીજું એક પુસ્તક પણ બતાવ્યું - મિલારેપાના જીવનચરિત્રનો હિન્દી અનુવાદ. પુસ્તક તો એ પણ મને ગમી ગયું, પરંતુ મીઠા ઝાડનાં મૂળ ન કપાય અને આંગળી આપે તેનો પોંચો ન પકડાય ! મેં મારો રસ મનમાં જ રાખ્યો અને તેમને આ પુસ્તક પણ મને આપી દેવા માટે મજબૂર ન કર્યા.

અમારો સત્સંગ ચાલુ છે તે દરમિયાન એક બહેન અમારા બધા માટે ચા લઈને આવ્યાં. જેઓ ચાના રસિયા છે તેમણે ચા લીધી અને મારા જેવા બાકીનાઓએ માત્ર પાણી.

અમારા આ સત્સંગના ક્રમમાં મેં આ ધર્મપુરુષ લામાને એક વાત કહી :

''હિન્દુ ધર્મના ગ્રંથોમાં ભગવાનના ચોવીસ અવતારોની કથા છે. આ ચોવીસમાંના અંતિમ અવતાર તો ભાવિ અવતાર છે કલ્કિ ! પરંતુ થઈ ગયેલા ૨૩ અવતારોમાં અમે ભગવાન બુદ્ધને ભગવાનના ૨૩મા અવતાર તરીકે સ્વીકારીએ છીએ, અર્થાત્ અમે હિન્દુઓ ભગવાન બુદ્ધને ભગવાનના અવતાર તરીકે સ્વીકારીએ છીએ !''

બૌદ્ધધર્મદર્શનમાં ભગવાન કે ભગવાનના અવતારોનો કોઈ સ્વીકાર નથી.

મારું આ અવતારકથન સાંભળીને આ ધર્મપુરુષના ચહેરા પર સ્મિત પથરાઈ ગયું. મને તેમનો ચહેરો અને ચહેરા પરનું સ્મિત સાત્ત્વિક લાગ્યાં. આ ચહેરો મોંગોલ ચહેરો નથી, આર્ય ચહેરો લાગે છે !

થોડી વાર અટકીને વિવાદ કરવાના ભાવથી નહીં, પરંતુ મત અભિવ્યક્ત કરવાના ભાવથી તેમણે કહ્યું : ''પ્રત્યેક માનવી જે બને છે તે પોતાનાં કર્મો થકી અને પોતાની સાધના થકી બને છે, કોઈની કૃપાથી નહીં !''

તેમણે એક સાદા સરળ વિધાન દ્વારા મારા ભગવાન, ભગવાનના અવતાર અને ભગવાનની કૃપાના સિદ્ધાંતનો છેદ ઉડાડી દીધો ! મારી પાસે તેમના આ વિધાનનો પ્રતિવાદ કરી શકાય તેવી દલીલો છે - સમર્થ દલીલો છે, પરંતુ મેં

દલીલો ન કરી. દલીલો ક્યાંય પહોંચાડતી નથી. તેમની રીતે તેઓ બરાબર છે. તેઓ ભગવાન બુદ્ધને અનુસરે છે અને અમે ભગવાન શ્રીકૃષ્ણને અનુસરીએ છીએ. બંને માર્ગ વચ્ચે ભિન્નતા છે, પરંતુ વિરોધ નથી ! જીવનનું સ્વરૂપ એવું અગાધ, અફાટ અને રહસ્યપૂર્ણ છે કે તેમાં પરસ્પર-વિરોધી લાગતી બાબતોને પણ યથોચિત સ્થાન છે. અનંતને પામવાના અનંત માર્ગ છે, તો વિરોધ કોનો કરવો ? તેઓ પણ દલીલો કરવાના સ્વભાવના હોય તેમ લાગતું નથી. અમારે તો સત્સંગ કરવો છે, વિવાદ નહીં.

તેમણે મને ભાવપૂર્વક અને ઔપચારિક નહીં, સાવ સાચુકલું નિમંત્રણ આપ્યું : ''તમે અહીં આવીને રહી શકો !''

મને નિમંત્રણ તો ગમ્યું, પરંતુ ગમતું બધું જ બની જાય તેમ તો નથી ને !

અન્યોન્ય વંદન કરીને અમે તેમની વિદાય લીધી.

આ બૌદ્ધ ગોમ્પાની બાજુમાં જ બીજાં મંદિરો પણ છે.

કાલ્પાગામની મધ્યમાં ગામદેવતા નરેણસ (નારાયણ) બિરાજમાન છે. હિમાચલ પ્રદેશની એવી ધાર્મિક પરંપરા છે કે પ્રત્યેક ગામને પોતાના ગામદેવતા હોય છે. તદનુસાર આ નરેણસદેવ આ કાલ્પાગામના દેવતા છે. આ ઉપરાંત આ દેવાલય-પરિસરમાં બીજાં બે મંદિરો પણ છે. એક દુર્ગામંદિર છે, જેમાં દુર્ગાદેવી બિરાજમાન છે અને બીજું વિષ્ણુમંદિર છે, જેમાં ગુપ્ત વિષ્ણુદેવતા બિરાજમાન છે. આ ગુપ્ત વિષ્ણુદેવતાનું મંદિર ખાસ પ્રસંગે બે-ત્રણ વર્ષે એક જ વાર ખૂલે છે.

કાલ્પાગામના દેવાલય-પરિસરમાં એક મોટું પ્રાંગણ છે. બધા પ્રકારના ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક કાર્યક્રમોનું આયોજન આ પ્રાંગણમાં થાય છે. દેવાલયની સામે પ્રાંગણ અને પ્રાંગણનો આ રીતે ધાર્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમો માટે પ્રયોગ - આ પરંપરા હિમાલયમાં લગભગ સર્વત્ર છે.

કાલ્પામાં એક બહુ પ્રસિદ્ધ વાવ હતી. કાલ્પાનાં અનેક ગીતોમાં આ વાવના ઉલ્લેખો જોવા મળે છે. થોડાં વર્ષ પહેલાં જ આ પુરાણપ્રસિદ્ધ વાવને બંધ કરી દેવામાં આવી છે. કાલ્પાગામની આજુબાજુ કાલ્પાગામની કેટલીક નાનીનાની વસાહતો પણ છે. આ બધાંને સાથે લેતાં કાલ્પાનો વિસ્તાર ખૂબ મોટો છે. યાદ રહે, કાલ્પા એક વાર આ સમગ્ર કિન્નોર જિલ્લાનું મુખ્ય મથક હતું અને ભાંગ્યુંભાંગ્યું તોય ભરૂચ !

કાલ્પાગામમાં એક ચોક છે. આ ચોકમાંથી ચાર રસ્તા નીકળે છે. ઉપરનો રસ્તો કંડા જાય છે. એક રસ્તો કાલ્પા તહેસીલ ભવન તરફ જાય છે. ત્રીજો રસ્તો કાલ્પા બસસ્ટેન્ડ તરફ જાય છે અને ચોથો રસ્તો બૌદ્ધ વિહાર તરફ જાય છે.

કાલ્પા બૌદ્ધોનું ગામ છે. આમ છતાં હવે થોડા હિન્દુઓ પણ વસ્યા છે. જે બૌદ્ધો છે તેઓ પણ દુર્ગા આદિ હિન્દુ દેવ-દેવીઓની પૂજા-ઉપાસના કરે છે, અર્થાત્ તેઓ અડધા બૌદ્ધ અને અડધા હિન્દુ છે. ધાર્મિક એખલાસ ખૂબ છે.

સૌથી મુખ્ય વાત એ છે કે આ કાલ્પામાં કિન્નર પ્રજા વસે છે. કિન્નર એક રસિક પ્રજા છે. નાચ-ગાન તો આ કિન્નરલોકોની નસનસમાં લોહીની સાથે જ વહે છે.

કાલ્પામાં શું છે ? કાલ્પામાં શું દર્શનીય છે ?

વાંકીચૂકી શેરીઓ, કલ્લોલ કરતાં બાળકો, સવાર-સાંજ શાળાએ જતાં-આવતાં વિદ્યાર્થીઓ, છળકપટથી સો ગાઉ દૂર ભોળા-ભલા લોકો, પગથિયા-સ્વરૂપનાં ખેતરોમાં કામ કરતી સુંદર યુવતીઓ, કાનોમાં પુષ્પો પરોવીને ગીતો ગાતા અને નૃત્ય કરતા કિન્નરલોકો, દેવદારનાં ગાઢ જંગલો, સફરજનથી લચી પડેલા બગીચા, સામે

હિમાચ્છાદિત કિન્નોર-કૈલાસ-પર્વતમાળા, કિન્નોર-પર્વતમાળા સાથે અટખેલિયાં કરતાં વાદળો, બૌદ્ધ ધ્વજા લહેરાવતાં મકાનો, બૌદ્ધ વિહારમાંથી બહાર આવતો મંત્રોચ્ચારનો ધ્વનિ, વિશેષ અવસર પર દેવાલયના પ્રાંગણમાં સાંજથી સવાર સુધી ચાલતી નૃત્યો અને ગીતોની રમઝટ !

उत्सवप्रिया हि जनाः ।

તદનુસાર બધા માનવો ઉત્સવપ્રિય છે, પરંતુ કિન્નરપ્રજાની તો વાત જ જુદી છે ! કિન્નરપ્રજા ઊજવે છે તેટલા ઉત્સવો વિશ્વની કોઈ પ્રજામાં નહીં હોય. વર્ષમાં ૩૬૫ દિવસોમાં કિન્નરપ્રજા એકસો ઉત્સવો ઊજવે છે !

આ કિન્નરપ્રજા છે અને આ કિન્નરોનો દેશ છે !

●---------●●●--------●●●---------●

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૯૮૮

## શિક્ષણ સાધના
### ક્ષિતિમોહન સેન

---

પોતાના પુત્રના જન્મસમયે જે વાણી કબીરે ઉચ્ચારી હતી તે જ આપણા ઘરમાં પુત્રજન્મ સમયે ઉચ્ચારવી શું ઉચિત નથી? આપણાં સંતાનો શું અહદનાં મુસાફર, અનંતના યાત્રી નથી? જેમ કોઈ જાત્રાળુ ધર્મશાળામાં રાતવાસો કરે ત્યારે તે ધર્મશાળા તેને માટે 'તીર્થ' તરફ જવાનું એક પગથિયું માત્ર છે, તેમ આપણું આ જીવન પણ પરબ્રહ્મ તરફ પ્રયાણ કરવાનું એક સાધન છે. આપણે આપણાં બાળકોને લૂગડાં-લત્તાં અને ઘરેણાં-ગાંઠાંથી શણગારીએ છીએ; પણ આપણે વિચારવું જોઈએ કે, આપણા આ કાર્યથી તેમના આખા જીવનનું જે કાંઈ આચરણીય સત્ય હોય તે તરફ તેઓ આગળ ધપી શકે છે કે નહિ. ખાસ કરીને જ્યારે ભગવાને એ સાધકબાળકને આપણા ઘરને આશરે પાઠવ્યું ત્યારે તેના જીવનના મુખ્ય ધ્યેયને અનુકૂળ થવાની આપણી પવિત્ર ફરજ છે. તેનું સઘળું શિક્ષણ, તેની આખી જીવનયાત્રા એવાં હોવાં જોઈએ કે, તે સમજી શકે કે આ ઘર, આ સંસાર અંતિમ લક્ષ્ય નથી. હજુ ઘણું બાકી છે. એ બાકીની દિશામાં તેના જીવનની પરિપૂર્ણતાનો માર્ગ છે. ત્યારે શું આપણે એ તીર્થયાત્રી-સાધકને લક્ષ્યભ્રષ્ટ કરીશું?

એક વાર એક બાઉલ સાધકને મેં પૂછ્યું: 'આપ ગૃહસ્થ કેમ થતા નથી? ગાર્હસ્થ્ય ધર્મમાં આપને કોઈ જાતના વાંધો છે?' તેમણે કહ્યું: 'મારા ઘરમાં જે સાધકો આવે તે બધાને ઈશ્વર તરફ પ્રયાણ કરવા પ્રતિદિન પ્રેરી શકું એવી મારી સાધના નથી. મારા ઘરમાં જન્મતાં બાળકોને જે હું કોઈ મહાન ધ્યેય તરફ જવાને સહાયભૂત બની ન શકું તો મારું ઘર તેમને માટે એક કારાગાર જેવું ગણાય. જે તીર્થયાત્રી મારે ઘેર આવે તેને પરમ લક્ષ્યતીર્થે લઈ જવાને બહાને સ્નેહ, આદર અને સ્વાર્થ-બુદ્ધિ દ્વારા મારી પોતાની આજીવિકા માટે અન્નધનની ઇચ્છાથી જે તેને લક્ષ્યભ્રષ્ટ કરું તો તે ઘર માત્ર કારાગાર તો શું, પરંતુ તેથી યે અધમ સ્થાન બને. તેનું પ્રાયશ્ચિત્ત હજારો નામજપથી, માળા-તિલકથી કે પૂજા, આચાર, નિયમથી થઈ શકે નહિ. તેથી જ હું બ્રહ્મતીર્થના યાત્રાળુને માટે સંસારાશ્રમરૂપી ધર્મશાળા ખોલતો નથી.

'વળી સંતાન માબાપની આત્મતૃપ્તિનાં જ માત્ર સાધન નથી. જેમ રાજા પોતાનાં વૈભવ અને સત્તાનું પ્રદર્શન કરવાને રાજ્યધ્વજ ફરકાવે છે તેમ સંતાનો પોતાના વૈભવ અને ઐશ્વર્યના પ્રદર્શનનાં સાધન નથી. પ્રત્યેક ઘરે બાળક-સાધક હણાય છે. તેની હત્યા કરીને પુષ્ટ પશુની પૂજા થાય છે. પોતાના ઐશ્વર્યની સ્થાપના કરવા માબાપ બાળકને ધ્વજદંડ તરીકે વાપરે છે.'

ત્યારે હવે જે ભારતની રીતે શિક્ષણનો અર્થ કરું તો આ થાય: બાળકમાં જે દેવતા વસે છે તેનો આવિષ્કાર કરવો. સમુદ્રનું જળ જેમ આકાશમાર્ગે જઈ નદી દ્વારા પાછું સમુદ્રમાં ભળે છે, તેમ પરબ્રહ્મ પોતે માનવમાં પ્રવેશીને પાછા પરબ્રહ્મરૂપે આવિષ્કૃત થાય છે, અસીમમાંથી ઉત્પન્ન થયેલી ગંગા જેમ સમસ્ત જગતનાં પાપ, તાપ અને મલિનતાને દૂર કરીને, સર્વત્ર નવીન પ્રાણનો સંચાર કરીને, સંસારની સેવા કરતી કરતી પાછી અસીમમાં જઈને મળે છે, તેમ પ્રત્યેક મનુષ્ય જગતનું આપમેળે કલ્યાણ કરતો કરતો અસીમને માર્ગે આગળ ધપે છે. જહ્નુ મુનિએ સમસ્ત જગતની એ ગંગાને પોતાના શરીરમાં સમાવી એ જગતનો મોટો અપરાધ હતો; તેથી અંતે પોતાના શરીરમાંથી તેને મુક્ત કરવી પડી. તેવી જ રીતે આપણે પણ આપણાં સ્વાર્થનાં બંધનોમાંથી સાધકને મુક્તપ્રવાહ કરવો જોઈશે.

દરેક બીજમાં પુરાતન વનસ્પતિની પહેલાંની પ્રાણ-ધારા પુનઃ પ્રવેશ કરે છે. પરંતુ જો એ બીજ સ્વજીવનને વિદીર્ણ ના કરે તો તેમાં રહેલો પ્રાણ પ્રગટી શકે નહિ. એવી

જ રીતે આપણા ઘરમાં જે બાળક આવે છે તેને મુક્ત કરવાને પોતાના હૃદયને વિદીર્ણ કરીને તેનું દ્વાર મુક્ત કરવું જોઈએ. પણ બીજ જો બીજાંકુરને પ્રગટવા ન દે તો તે પ્રાણહંતા ગણાય, તેમ જે નિત્ય જીવનને પ્રગટવા ન દે તે પણ પુત્રહંતા ગણાય.

ત્યારે આ પ્રત્યેક ઘર શું પુત્રહંતાનું સ્થાન નથી? માબાપ પોતાનાં સુખ તેમ જ ઐશ્વર્યને પ્રગટ કરવાને માટે શું પુત્રહંતા બનતાં નથી? તેથી જ તે બાઉલે છેવટે કહ્યું: 'હું પુત્રહંતા થાઉં એ ભયથી જ ગૃહસ્થ થતો નથી. હજુ મારી સાધના પૂર્ણ થઈ નથી કે જેથી પુત્રને મુક્ત કરી શકું.'

આજકાલ તો બાળકમાં રહેલા દેવતાને ઓળખી તેને મુક્ત માર્ગ આપવાને બદલે આપણા દરેક મંદિરમાં તેના દેહની પૂજા થાય છે. શંકરના પોઠિયાની પૂજા થાય છે અને શંકરનું અપમાન કરવામાં આવે છે! દેહની પૂજા તે વાહનની પૂજા જેવી જ ગણાય. વાહનની પૂજા પણ અલબત થવી જોઈએ, પરંતુ દેવતાનો અનાદર કરીને નહીં. દેવતાના આવિષ્કાર દ્વારા દેહનો અત્યાચાર દૂર થવો જોઈએ.

જ્યાં સુધી રાજાનો પરિચય ના થાય ત્યાં સુધી રાજ-પુરુષોનો અત્યાચાર થાય છે. અરે, તેનાં કૂતરાં-બિલાડાં પણ આપણું અપમાન કરે છે! પરંતુ જેવી રાજાની પિછાન થઈ કે તરત જ બધાં સમજી જાય છે કે આ વ્યક્તિ રાજાની પાસે બેસવાને લાયક છે. પછી તેમનો અત્યાચાર ટકી શકતો નથી.

માનવમાં જેનો આવિષ્કાર કરવાનો છે તે પોતે છે પરબ્રહ્મ. બાઉલનું ગાન છેઃ

तोमार पथ ढेके छे मन्दिरे मस्जिदे ॥
तोमार डाक शुनि सांइ चलते ना पाइ ।
रूइरव्ये दांडाय गुरुते मोरशिदे ॥
तोर दुवारेइ नानान ताला, पुराण कोरान तसवी माला।
भेख पखइत प्रधान ज्वाला कैंदे मदन मरे खेदे ॥

(ભાવાર્થ : તારા માર્ગ મંદિરો અને મસ્જિદોએ ઢાંકી દીધો છે. હે સ્વામી, તમારો સાદ તો સાંભળું છું પણ ચાલી શક્તો નથી; કારણ કે ગુરુ અને મુરશિદ બંને દુષ્ટ થયા છે. તારે બારણે અનેક તાળાં પુરાણ, કુરાન, માળા, નસબી, વગેરેનાં લાગેલાં છે. ભેખ અને પક્ષાપક્ષી એ તો માટી જ્વાળા છે; તેથી જ મદન ખેદથી હાય-વોય કરે છે.)

એ પરબ્રહ્મને પામવાનાં જે સાધન છે તેનો ભાર આપણે એટલો બધો વધારી દીધો છે કે તેના ભારથી જ દેવતા દબાઈ ગયા છે. આ ભારને હળવો કરવો એ શિક્ષણનું પ્રથમ કર્તવ્ય છે. જીવનની બધી ધારાઓને મુક્ત કરીને તેમને સહજ માર્ગે વાળવી એ જ શિક્ષણ છે.

ત્યારે હવે પ્રશ્ન ઊઠે કે, શું અંકગણિત, ઇતિહાસ, ન્યાય, વિજ્ઞાન આદિ સામાન્ય શિક્ષણની જરૂર નથી? જરૂર છે, પરંતુ ધ્યાનમાં રાખવું જોઈએ કે એ બધું સાધન છે, યંત્ર છે. જો યંત્ર જીવંત હોય તો યંત્રનો અર્થ છે, નહિ તો તે નિરર્થક છે.

મૃતદેહને ગમે તેટલો શણગારવામાં આવે છતાં તે કોઈ રીતે માનવહૃદયને નહિ આકર્ષી શકે; ઊલટું, તેથી મૃતદેહ વધારે બીભત્સ બનશે. કેવળ હળ કે બળદનાં સાધનથી ખેતી નહિ થઈ શકે. ખેડૂત વિના તે બધાં સાધનો નકામાં છે. આ રીતે જે બાળકના જીવનમાં ચૈતન્યનું રક્ષણ થાય તો બીજાં બધાં સાધન-સામગ્રી સાર્થક બને, કલ્યાણકારી નીવડે.

અને, આ સાધનનો મહિમા પણ નાનોસૂનો નથી. માનવજીવનમાં નવજીવનનો પ્રાણસંચાર થાય ત્યાં સુધી રાહ જોવી જોઈએ. એ પ્રબોધની આશાએ જ બધાં સાધન તૈયાર રાખવાં જોઈએ.

એક વાર એક બાઉલે બીજા બાઉલને પૂછ્યું: 'મારા હૃદયમાં પ્રેમનો ઉદ્રેક થતો નથી; તો સંધ્યા, ઉપાસના, નામ, જપ, તપ વગેરે છોડી દઉં તો શો વાંધો?' ત્યારે તેણે જવાબ આપ્યોઃ 'એમ કરવાથી કાંઈ લાભ નથી. એ માર્ગે ચાલતાં ચાલતાં સાચા જીવનની રાહ જો. સંધ્યાં-પૂજા વગેરે માત્ર માર્ગ છે, મૂળ નથી; પણ માત્ર તેમ માનવાથી તેમને તરછોડવા ઈષ્ટ નથી. નદીમાં પાણીનું પૂર આવે નહિ ત્યાં સુધી ઊંડા ખાડા નકામા છે; પણ પાણી આવ્યું નથી એમ

માનીને એ ખાડા ધૂળથી પૂરી દઈએ તો જ્યારે ચોમાસામાં પાણીનું અશ્વૈર્ય વરસશે ત્યારે તેને ઝીલનારો આધાર ક્યાંથી લાવશો? આપણે પ્રવાહનો માર્ગ બંધ કરી દઈએ તો પછી જ્યારે ભગવત્કૃપાથી ધારા પ્રવાહિત થાય ત્યારે તે ધારા ક્યાંથી વહી શકે? એ વખતે પેલા નકામા ખાડાનું પણ મૂલ્ય સમજાય છે.'

આવી રીતે શાળાઓ, સંસ્થાઓ, શિક્ષણ પદ્ધતિઓ પણ જ્યાં સુધી પ્રાણસંચાર પામે ત્યાં સુધી આવશ્યક છે. પણ તે વિના વ્યર્થ છે. જેમ ઘરમાં કદાચ આગ લાગે એ અટકળથી પ્રથમથી જ આપણે કૂવો ખોદાવી રાખીએ છીએ તેમ બાળક જન્મે તે પહેલાં તેની સાધન-સામગ્રી તૈયાર રાખવી જોઈએ, દેવની પધરામણી માટે સિંહાસન સજ્જ રાખવું જોઈએ; પણ, યાદ રાખવું કે, દેવ વિનાનું ખાલી સિંહાસન અર્થહીન છે. માત્ર સિંહાસનની પૂજાથી કોઈ સાચું ભક્તહૃદય પૂર્ણ થઈ શકતું નથી.

આપણા શિક્ષણમાં આથી ઊલટું જ ચાલે છે. આપણાં શિક્ષણમંદિરોમાં સિંહાસનના બધા પૂજકોને એ દેવતા કદાચ અલક્ષ્ય રીતે પ્રવેશ કરીને તે સિંહાસને બેસી જાય, માટે દંડધારી બનીને ચોકી કરતા ઊભા રહે છે! તેમને દેવતા હણાય તેની ચિંતા નથી, માત્ર સિંહાસનનું રક્ષણ થવું જોઈએ! શિવલિંગનો નાશ કરવા માટે તેઓ જાણે દાનવો સમા ઊભા રહે છે. સાધ્ય સાધનનો ભેદ તેમના મનમાં જણાતો નથી!

'જાણવું' (to know) એ સિંહાસનની,-બાહ્ય જગતની, દેવતાના વાહનની વાત થઈ. 'થવું' (to become) એ દેવતાની, આંતર જગતની વાત છે. એક બાઉલના કહેવા પ્રમાણે સત્ય થવું એટલે શિંગોડાની પેઠે નહિ પરંતુ ફણસની પેઠે થવા જેવું છે. ફણસને જેમ અંદરથી જ કાંટા ઊગે છે, શાહુડીને જેમ અંદરથી જ સીસોળિયાં પ્રગટે છે, માણસને જેમ આંતરહર્ષથી બાહ્ય રોમાંચ થાય છે, તેમ આંતર સત્ય મન, વાણી, કર્મમાં આવિષ્કાર પામવું જોઈએ. એટલા માટે 'જાણવું' એ બાહ્ય જગતનું, અને 'થવું' તે આંતર જગતનું સત્ય છે. બહારના જગતનું 'જાણવું' તે આંતર જગતના 'થવા'ને સહાયક બનવું જોઈએ. તેથી ઊલટું થાય, એટલે કે ગૌણ પ્રધાનને દબાવી દે, સહાયક યંત્ર યંત્રીને પીસી નાખે તો સાધનાની દુર્દશા થાય. એ દુર્દશામાંથી મુક્ત થવાનું ને મુક્ત કરવાનું પ્રત્યેક ગુરુનું કર્તવ્ય છે.

શિક્ષણે માનવનાં સઘળાં બંધનો તોડવાં જોઈએ. હાથ-પગની બેડીઓ તોડવાનું મંદિર એ જ શિક્ષણનું મંદિર છે. તે મુક્તિસ્થાન છે. જ્યાં હાથપગની બેડી તોડવાની હોય ત્યાં બીજાં બંધનોને પેસવાનો અવકાશ નથી. પહેલાં યુરોપમાં નાઈટ્સ (Knights), નામના વ્રતધારી પુરુષો બખ્તર પહેરીને યુદ્ધમાં જતા. પોતાના રક્ષણને માટે તેઓ બખ્તરને વધારેને વધારે દુર્ભેદ્ય કરતા ગયા. છેવટે તે લોઢાનું બનાવ્યું. આ બખ્તરનો ભાર એટલો બધો વધી ગયો કે, ક્રૂઝેડની લડાઈમાં એ બખ્તરથી જ ઘણાનો નાશ થયો. કોઈ યોદ્ધો ઊભો ઊભો લડતો હોય, તેને જો શત્રુનો કોઈ માણસ પાડી નાખે તો તે પોતાના બખ્તરના ભારને લીધે જ ઊભો થઈ શકતો નહિ. કોઈ મદદ કરે ત્યારે ઊભો થઈ શકે. એટલે, કદાચ કોઈ યોદ્ધો શત્રુથી બચી શકે પણ પોતાના બખ્તરના ભારથી બચી શકતો નહિ.

ત્યાર પછી, નવયુગમાં(Renaissance) શરૂ થયેલી નવી યુદ્ધપ્રણાલિમાં બખ્તરનો બહિષ્કાર થયો. નૂતનવીર નૅપોલિયન એમ માનતો કે, સાધન મોટી વાત નથી. શસ્ત્ર મોટી વાત નથી, પુરુષ મોટી વાત છે. તેથી જ તે આખા યુરોપનો પરાજય કરી શક્યો. યુરોપના છેલ્લા યુદ્ધમાં પણ શસ્ત્રનો ભાર વધી ન જાય તેની ખાસ સંભાળ રખાતી. એક પક્ષ બીજા પક્ષને મારે છે, એટલે કે સાધનનો ભાર પુરુષને મારે છે એ સત્ય યુદ્ધમાં સમજાવા લાગ્યું છે. પરંતુ શિક્ષણમાં હજુ એ વાત સમજાઈ લાગતી નથી!

કાર્ડિનલ ન્યૂમૅન શિક્ષણની બાબતમાં એક વિચારશીલ મનીષી હતો. તેના સમયમાં શિક્ષણ વિષે એક ભારે કોયડા પૂછાતો. એક માણસ બધા વિષયોમાં શિક્ષણ લે તો તેનું શિક્ષણ છીછરું રહે છે. એક વિષયમાં વિશેષજ્ઞ થવાથી જ શિક્ષણ ઊંડું, ગંભીર બને છે. એ વિશેષ જ્ઞાન દ્વારા મનુષ્ય પોતાનો જીવનનિર્વાહ કરી શકે, અને નૂતન શાસ્ત્રરચના પણ કરી શકે. ધંધામાં જેમ કુંભાર કે સુથાર કે વણકર એમ

એક જ ધંધો કરવાથી તે ધંધામાં કૌશલ આવે છે તેમ વિદ્યામાં પણ કોઈ એક વિદ્યા પ્રાપ્ત કરવાથી તેમાં ઊંડાણ આવે છે. લોકો એમ માનતા કે, ગણિત અને તેની શાખાઓમાં કે વિજ્ઞાન અને તેની શાખાઓમાં વિશેષજ્ઞ થવાની જરૂર છે. પરંતુ આ પ્રમાણે વિશેષજ્ઞ થવા જતાં આત્મશાસ્ત્રમાં મનુષ્યનો અનુભવ ઘણો સંકુચિત થઈ જતો. મનુષ્ય માત્ર કૂપમંડૂક જેવો બની જતો. વૈયાકરણી માત્ર વ્યાકરણ જાણે, ન્યાયશાસ્ત્રી માત્ર ન્યાય જાણે. તેને જગતની બીજી વાતની ખબર પડતી નહિ.

આથી પ્રશ્ન એ ઊઠ્યો કે, માનવબુદ્ધિને સઘળાં શાસ્ત્રોના અભ્યાસથી છીછરી રાખીને પણ સર્વતોમુખી કરવી કે તેને વિશેષજ્ઞ બનાવીને કૂપમંડૂક જેવી કરવી? કાર્ડિનલ ન્યૂમૅને પ્રશ્ન કર્યો: 'મનુષ્યને માટે શાસ્ત્ર છે કે શાસ્ત્રને માટે મનુષ્ય છે?' માત્ર શાસ્ત્રને ગંભીર કરવા ખાતર મનુષ્યને વિશેષજ્ઞ બનાવીને કૂપમંડૂક કરવો તેના કરતાં તે સર્વદેશી બને, પછી ભલે તેનું જ્ઞાન જરા ઓછું ઊંડં હોય, તે ઇષ્ટ ગણાય. પણ તેમણે જણાવ્યું કે, આ બન્નેનો સમન્વય થાય તેવો કોઈ ઉપાય શોધવો ઉચિત છે.

મનુષ્ય કોઈ એક શાસ્ત્રમાં વિશેષજ્ઞ થાય અને સાથેસાથે અન્ય શાસ્ત્રોનો સાધારણ પરિચય પામે. આ પ્રમાણે એક શાસ્ત્રમાં વિશેષજ્ઞ થવાથી તેનો જીવનનિર્વાહ ચાલે, તેમ જ તે શાસ્ત્રમાં નવી શોધો થઈ શકે, અને બીજા શાસ્ત્રોના પરિચયથી તેની સર્વાંગી પૂર્ણતા થતી જાય. આથી કાર્ડિનલ ન્યૂમૅને સાંપ્રદાયિક

શિક્ષણશાળાને બદલે સર્વદેશીય વિદ્યાપીઠ સ્થાપી. એ વિદ્યાપીઠની પ્રતિષ્ઠા કરતી વખતે તેણે ઉપર પ્રમાણે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.

પૅરિસ વિદ્યાપીઠના પિતા ઍબૅલાર્ડ(Abelard) નો પણ એવો જ આદર્શ હતો. તેના પહેલાં મધ્યયુગમાં પૅરેસેલ્સસ નામના એક પાગલ દાર્શનિકે પણ એવી જ વાત કરી હતી. ગ્રીક ફિલસુફ પ્લૅટો પછી નિયોપ્લૅટોનિક શાળાના સમયમાં પ્લૉટિનસનું પણ એ જ મંતવ્ય હતું. પ્લૅટો અને તેની પૂર્વના આચાર્યોએ પણ એ જ વાત કરી હતી. યુરોપ એ વાત ભૂલી ગયો ન હતો, પણ ઍબૅલાર્ડે તે આદર્શને ફરીથી જાગ્રત કર્યો.

ભારતવર્ષના શિક્ષણના સાધકને માટે પણ એ વાત નવી નથી. ખેડૂતનો ધંધો પણ એ જ રીતનો છે. તે ખેતરમાં એક સ્થળે ઊંડે ખાડો કરે છે, કૂવો કરે છે અને બાકીની જમીનને એકસરખી રીતે ખેડે છે. જો તે કૂવો કરીને બેસી રહે તો ન ચાલે અને કૂવા વિના એકસરખું ખેડાણ કરે તે પણ ન ચાલે. બન્નેની જરૂર છે. તેવી રીતે શિક્ષણમાં એક વિષયમાં વિશેષજ્ઞ થવું જોઈએ અને બીજા વિષયનો સામાન્ય પરિચય હોવો જોઈએ. જીવનનો કાળ મર્યાદિત છે, તેથી ઘણા રસિક વિષયો જાણવાના રહી ગયા એમ દુઃખ થાય. પણ બધા વિષયનું થોડું-ઘણું જ્ઞાન હોવાથી અંધતા તો ચાલી જ જાય. માટે સાધકોએ જીવનના જળનું પાન કરવા એક વિષયમાં તો ઊંડા ઊતરવું જોઈએ.

તે ગંભીર જળનું સ્થાન શોધવામાં ગુરુએ શિષ્યને મદદ કરવી જોઈએ. ઘણા અનુભવને અંતે જ તે સ્થાનનો નિર્ણય કરી શકાય. માત્ર વ્યાકરણની કારિકાનાં નિયમિત પઠનથી તે થઈ શકે નહિ. શિષ્યની કઈ ભૂમિમાં પાણીનાં ઊંડાં ઝરણ છે તે ગુરુએ શોધી કાઢવું જોઈએ. ગુરુ માત્ર કૂપનું સ્થાન નક્કી કરે અને શિષ્ય ગંભીરતર જળને સ્પર્શ કરે. ક્વચિત ગુરુનો કૂપ એક હોય, અને શિષ્યનો બીજો પણ હોય. ગુરુની સાધના જોઈને શિષ્ય પોતાના ક્ષેત્રમાં પણ એવી જ ગંભીરતા પ્રાપ્ત કરે. પરંતુ શિષ્યે આત્મપ્રયાસ તો પોતે જ કરવો રહ્યો. તે સમયે શિષ્ય અને તેની સાધના એ બે જ હોય. ગુરુ સહાય કરવા જાય તો તે નિરર્થક બને. જેમ પુરોહિત વરકન્યાના હાથ મેળવી આપ્યા પછી તેમનાં ધર્મજીવન અને પ્રેમજીવનની શુદ્ધ સાધનામાં નિરુપયોગી છે, તેમ ગુરુ પણ શિષ્યને ક્યાં સુધી સહાય આપે તેનો નિર્ણય થવો જોઈએ.

## ૧૧. સંસ્થા સમાચાર

**સંકલન : પ્રશાંત મહેતા**

---

### લોકભારતી સમાચાર

- તા.૦૨ના રોજ B.Voc.નાં વિદ્યાર્થીઓને ભાવનગર મુકામે યોજાયેલ અમૃત આહાર મહોત્સવની મુલાકાતે મોકલવામાં આવ્યા.
- તા.૦૨ અને ૦૩ નિયામકશ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ભાવનાબહેન પાઠક માઈધાર અને મણાર કેન્દ્રની મુલાકાતે જઈ આવ્યાં. માઈધારના વિદ્યાર્થીઓ સમક્ષ શ્રી હસમુખભાઈએ બ્રહ્માંડ અંગેની કેટલીક પાયાની વાતો ઑડિયો-વીડિયો માધ્યમ દ્વારા રસપ્રદ રીતે રજૂ કરી.
- તા. ૦૨થી ૧૬ સુધી લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના સેમેસ્ટર-૫ના વિદ્યાર્થીઓનો ગ્રામ નિવાસ કાર્યક્રમ જે તે વિદ્યાર્થીઓના આસપાસનાં ગામો અને એન.જી.ઓ.માં યોજાઈ ગયો. આ કાર્યક્રમનું સંકલન શ્રી અલ્કેશભાઈ ચૌહાણ અને શ્રી યોગેશભાઈ ત્રિવેદીએ કર્યું.
- તા.૦૪ના રોજ B.Voc.ના વિદ્યાર્થીઓનો લોકભારતીની પાછળની ટેકરીઓમાં જઈને પ્રકૃતિદર્શન કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. તેમાં કાર્યકરોની સક્રિય ભાગીદારીથી વિદ્યાર્થીઓને વન્ય જીવસુષ્ટિનું નિરીક્ષણ કરવાની અમૂલ્ય તક સાંપડી. બપોર પછી આ અંગેનો બૌદ્ધિક કાર્યક્રમ યોજાયો જેમાં મ.કૃ.ભાવનગર યુનિવર્સિટીમાંથી પધારેલા શ્રી દિક્પાલસિંહજી જાડેજા, ડૉ. ઈન્દ્રભાઈ ગઢવી, ડૉ. પ્રવીણસિંહજી ડોડિયા તથા ડૉ. આશીષભાઈ શુક્લા વગેરેએ પ્રકૃતિ, પરંપરા વગેરે બાબતે રસપ્રદ રીતે વાતો રજૂ કરી. શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ ઉમળકાથી આગેવાની, માર્ગદર્શન અને આયોજનમાં સક્રિય ભાગીદારી કરી.
- તા.૦૭ અને ૦૮ના રોજ શ્રી નલિનભાઈ પંડિતના માર્ગદર્શન તળે ચારેક સ્વૈચ્છિક સંસ્થાઓના ચાલીસેક ગણિત-વિજ્ઞાનના શિક્ષકોનો એક વર્કશોપ યોજાઈ ગયો.
- તા.૦૭થી ૦૯ ત્રણ દિવસની જીસીઈઆરટીના નેજા નીચે ડાયેટ-ભાવનગરના આયોજન તળે વાર્તાલેખનનનો એક ત્રિદિવસીય વર્કશોપ યોજાઈ ગયો. કાર્યક્રમમાં શ્રી રક્ષાબહેન દવે, શ્રી સાંઈરામ દવે અને શ્રી અરુણભાઈ દવેએ માર્ગદર્શક ભૂમિકા ભજવી. સમાપન કાર્યક્રમમાં જીસીઈઆરટીના નિયામકશ્રી ટી.એસ. જોશી સાહેબ ઉપસ્થિત રહ્યા. ગુજરાતભરમાંથી લગભગ ૪૪ જેટલાં શિક્ષક-શિક્ષિકાઓએ સક્રિય ભાગીદારી કરી.
- તા.૦૭ના રોજ સાંજે ૦૮-૧૫ કલાકે સારસ્વતભાવનમાં વાર્તાલેખન શિબિરમાં પધારેલા જાણીતા લોકસાહિત્યકાર અને શિક્ષણવિદ શ્રી સાંઈરામ દવેનો લોકસાહિત્યનો એક મનોરંજન કાર્યક્રમ યોજાઈ ગયો. કોવિડના લાંબા વાતાવરણ પછી યોજાયેલ આ કાર્યક્રમ સૌ માટે હળવાફુલ થવાનો બની રહ્યો.
- તા.૦૭, ૦૮ના રોજ 'મોજીલું ગણિત કાર્યશાળા' લોકવિજ્ઞાન કેન્દ્રમાં યોજાઈ. જેમાં શ્રી ભાવનાબહેન અને શ્રી અજયભાઈ પંડ્યાએ સક્રિય ભાગીદારી કરી.
- તા. ૭, ૮, ૯ના રોજ ગિજુભાઈની વાર્તા આધારિત વાર્તા લેખન કાર્યશાળા લોકભારતીમાં યોજાઈ જેમાં શ્રી કવિતાબહેન વ્યાસ, શ્રી જગદીશગિરિ ગોસાઈ અને શ્રી અમિતભાઈ સાસાણી જોડાયાં.
- તા.૦૯ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલાના વાર્ષિકોત્સવ દિન અને પૂ. ન.પ્ર.બુચ પુણ્યતિથિ નિમિત્તે યોજાએલ સાદગીપૂર્ણ કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી ભાવનાબહેન પાઠક, શ્રી રમેશભાઈ ખેર, શ્રી નિગમભાઈ શુક્લ અને અન્ય કેટલાક કાર્યકરો ઉપસ્થિત રહ્યાં.

- તા.૦૯ અને ૧૦ના રોજ અખિલ ભારતીય સાહિત્ય પરિષદના મુખ્ય સંગઠક શ્રી શ્રીધર પડારકરજી અને મહામંત્રી શ્રી ઋષિકુમાર મિશ્રાજી તથા સાગર યુનિવર્સિટી-મધ્યપ્રદેશના કુલપતિ અને લોકભારતીના શુભેચ્છક શ્રી બળવંતભાઈ જાની લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા. ગુજરાત વિદ્યાપીઠના અધ્યાપક શ્રી સંજયભાઈ મકવાણા અને ભાવનગર યુનિવર્સિટીના અધ્યાપક શ્રી વિપુલભાઈ પુરોહિત તેઓ સાથે જોડાયા.
- તા.૧૦ના રોજ લોકભારતીના વાર્ષિકોત્સવ દિન (માગશર વદ બારશ) નિમિત્તે સાયં પ્રાર્થનામાં શ્રી અરુણભાઈ દવેએ પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપ્યું.
- તા.૧૧થી ૨૪ દરમિયાન લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષના વિદ્યાર્થીઓની સેમેસ્ટર- ૩ની પરીક્ષાઓ સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ પૂર્ણ કરવામાં આવી.
- ગયા ચોમાસામાં સારો વરસાદ થયો હતો તે કારણે સૌ લોકભારતી-કાર્યકરોએ ભેગાં મળીને એક હરખભોજન કરવાનું આયોજન વિચારેલું, તે કોવિડ-૧૯ની કારણે મુલતવી રાખવામાં આવેલું. તા.૧૨ના રોજ સાંજના આ હરખભોજન ગોઠવાયું, તેમાં સૌ કાર્યકરોએ ઉત્સાહથી ભાગ લીધો.
- તા.૧૩મીની રાત્રે રાજેન્દ્ર ટેકરી ઉપર સમગ્ર લોકભારતી પરિવાર સમક્ષ શ્રી હસમુખભાઈ દેવમુરારિએ રસપ્રદ રીતે આકાશદર્શન કરાવ્યું.
- તા.૧૪મીના રોજ મકરસંક્રાંતિ નિમિત્તે બપોર પછી ૦૩-૩૦ કલાકે સમગ્ર લોકભારતી પરિવારજનો શેરડી આસ્વાદ માટે ગોશાળા પરિસરમાં એકઠા થયા અને શેરડી-આસ્વાદ માણ્યો.
- તા.૧૫મીના રોજ રાત્રે માઈધાર મુકામે વિદ્યાર્થીઓને આકાશદર્શન કરાવવા શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી ભાવનાબહેન પાઠક, શ્રી ધરતીબહેન જોગરાણા અને શ્રી મિત્તલબહેન ખેર જઈ આવ્યાં.
- B.Voc.ના વિદ્યાર્થીઓને તા.૧૬ જાન્યુઆરીથી ૧૬ માર્ચ સુધીના સમયગાળા માટે જુદાંજુદાં ફાર્મ, ફેક્ટરીઓ, સંસ્થાઓ, ખેડૂતો, પ્રોસેસિંગ યુનિટ્સમાં પ્રત્યક્ષ તાલીમ મેળવવાના હેતુસર ઈન્ટર્નશીપ માટે મોકલવામાં આવ્યા.
- તા.૧૯ અને ૨૦ બે દિવસની 'મોજીલું શિક્ષણ'ની એક કાર્યશાળા લોકવિજ્ઞાન કેન્દ્રના આયોજન તળે યોજાઈ ગઈ. તેનું સમગ્ર આયોજન શ્રી ભાવનાબહેન પાઠક અને તેની ટીમે કર્યું. કાર્યશાળાનું સંપૂર્ણ સંચાલન શ્રી બિંદુબહેન ઝાલાએ કર્યું.
- તા.૧૯થી ૨૩ દરમિયાન શ્રી વિનીતભાઈ સવાણી જિલ્લાના ૩૦ આગેવાન ખેડૂતો તથા નર્સરીવાળાને લઈ કળશ સીડ્સ, ઝાલના (મહારાષ્ટ્ર) ખાતે શાકભાજીની અવનવી વેરાયટીના પાક પ્રદર્શન નિહાળવા જઈ આવ્યા.
- તા. ૨૦ના રોજ B.Voc.નાં ઈન્ટર્નશીપ અર્થે લોકભારતીમાં રોકાયેલા ચાર વિદ્યાર્થીઓ દ્વારા સંચાલિત પ્રાકૃતિક પીણાં વેચાણ કેન્દ્રનો લોકભારતી ખાતે પ્રારંભ કરવામાં આવ્યો.
- તા.૨૦થી ૨૨ ત્રણ દિવસની ગુજરાતભરના રમત-શિક્ષકોની ઈન્ટીગ્રેટેડ આર્ટ વિષયક એક તાલીમ શિબિર શ્રી અરુણભાઈના ચાવીરૂપ વ્યાખ્યાન સાથે લોકભારતી ખાતે યોજાઈ ગઈ. તેનું આયોજન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભાવનગરના શ્રી હીરેનભાઈ ભટ્ટ, શરદભાઈ અને તેની સમગ્ર ટીમે કર્યું.
- તા.૨૧ના રોજ નાબાર્ડ દ્વારા આયોજિત 'એગ્રી-ક્લીનિક' વર્કશોપમાં શ્રી નિગમભાઈ શુક્લ ભાગીદાર થયા.
- તા.૨૧થી બી.આર.એસ.ના બીજા વર્ષ તથા D.El.Ed. ના બીજા વર્ષનું શૈક્ષણિક કાર્ય દસ મહિના બાદ શરૂ થઈ શક્યું તેના અનુસંધાને વિદ્યાર્થીઓનો સ્વાગત કાર્યક્રમ યોજાયો. સૌ અધ્યાપકોએ તાલીમાર્થીઓને શુભેચ્છાઓ આપી.
- તા.૨૧થી લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ

વર્ષના વિદ્યાર્થીઓ પ્રથમ વખત પરિસરમાં સેમેસ્ટર પરીક્ષા દેવા માટે આવ્યા. તેઓનો સંસ્થા અભિમુખતા અને આવકાર કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી હસમુખભાઈ સુથાર અને શ્રી જયવંતસિંહજી ગોહિલે સંસ્થાનાં મૂલ્યો, પરિચય, ભાવાવરણ, શિક્ષણ પ્રણાલી વગેરે વિશે વિધવિધ પદ્ધતિએ વાર્તાલાપ આપ્યા.

- તા.૨૨ના રોજ શ્રી નિગમભાઈ શુકલ તથા શ્રી પ્રદીપભાઈ ક્યાડા ૩૪મી ઝર્ક મીટિંગમાં ભાગ લેવા માટે તરઘડિયા(રાજકોટ) મુકામે જઈ આવ્યા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ૬૭ ખેડૂતોની જમીનની માટીની ચકાસણી-પૃથ્થકરણ કરીને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા.
- તા.૨૨ના રોજ શ્રી અજવાળીબહેન દલસુખભાઈ ગોધાણીના નિધનના સમાચાર આવ્યા. સાયં પ્રાર્થનામાં શ્રી અરુણભાઈ દવેએ અજવાળીબહેન વિશે વિગતે પરિચય આપ્યો અને સૌએ મૌન રહીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.
- તા.૨૨ અને ૨૩ના રોજ સિહોર તાલુકા કક્ષાના ઓનલાઈન Toys Fair ૨૦૨૦-૨૧માં તજજ્ઞ તરીકે શ્રી અજયભાઈ પંડ્યા અને શ્રી જગદીશગિરિ ગોસાઈએ મૂલ્યાંકન કામગીરી કરી.
- તા.૨૩ અને ૨૪ બે દિવસ શ્રી ભરતભાઈ ના. ભટ્ટ અભિવાદન ગ્રંથ સંપાદન સમિતિની એક બેઠક લોકભારતી મુકામે મળી ગઈ. તેમાં શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શ્રી રમેશભાઈ દવે, શ્રી ચૈતન્યભાઈ ભટ્ટ, શ્રી હાજીભાઈ બાદી, શ્રી રુચિરાબહેન-શૈલજાબહેન-તુષારભાઈ વ્યાસ, શ્રી મેહુલભાઈ ભટ્ટ, શ્રી બળવંતભાઈ તેજાણી, શ્રી મહેશભાઈ પઢિયાર વગેરે ઉપસ્થિત રહ્યાં અને ગ્રંથનિર્માણનું સારું એવું કાર્ય સંપન્ન કર્યું.
- તા.૨૪ના રોજ અધ્યાપન મંદિરમાં સંમેલનમાં પૂર્વ વિદ્યાર્થી શ્રી મેહશભાઈ પઢારિયાએ પોતાના લોકભારતીના સંસ્મરણો વાગોળ્યા. લોકભારતીના અન્ય દસેક પૂર્વ વિદ્યાર્થીઓએ અધ્યાપન મંદિરની મુલાકાત લીધી.
- તા.૨૪ના રોજ ચલાળામાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થા-નાગરદાસ દોશી સેવા ટ્રસ્ટની એક બેઠક લોકભારતી ખાતે મળી ગઈ. તે બેઠકમાં ડૉ. ભરતભાઈ મિસ્ત્રી, શ્રી મહેશભાઈ કુંડળ, શ્રી અરુણભાઈ દવે, શ્રી મયૂરભાઈ દવે વગેરે ઉપસ્થિત રહ્યા.
- પ્રજાસત્તાકદિન નિમિત્તે તા.૨૬મી જાયુઆરીના રોજ સવારે બરાબર ૦૮-૦૦ કલાકે કોવિડ-વોરિયર પ્રતિનિધિ અને મહિલા પ્રતિનિધિ તરીકે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-સણોસરાના પૂર્વ આરોગ્ય અધિકારી ડૉ. હેતલબહેન લીંબાણીના હસ્તે ધ્વજ વંદન કરાવવામાં આવ્યું. ધ્વજવંદન બાદ તેઓએ પ્રસંગને અનુરૂપ ટૂંકું વક્તવ્ય રજૂ કર્યું. ત્યારબાદ સારસ્વતભવનમાં ગણતંત્ર દિવસ કાર્યક્રમ યોજાયો તેમાં સમૂહમાં ગીતગાન પછી શ્રી વિશાલભાઈ ભાદાણીએ પાવર પૉઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પ્રજાતંત્ર વિશેની સમજણ આધુનિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કરી.
- તા.૨૭મીના લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના બી.આર.એસ.ના વિદ્યાર્થીઓનું સેમેસ્ટર-૬ સરકારશ્રીની કોવિડ-૧૯ માર્ગદર્શિકા મુજબ પરિસર પર શરૂ કરવામાં આવ્યું.
- રાજકોટની ઇન્દુભાઈ પારેખ સ્કૂલ ઑફ આર્કિટેક્ચરનાં છેલ્લા સેમેસ્ટરની વિદ્યાર્થિની અને લો.ભા.ના પૂર્વ કાર્યકર સ્વ. શ્રી ધનસુખભાઈ શેઠની પૌત્રી શ્રી વ્યોમા શેઠ તા.૨૭થી પંદરેક દિવસ માટે તેના ‘આર્કિટેક્ચર ઑફ લોકભારતી’ વિષયના અભ્યાસાર્થે નિવાસાર્થે આવી ગઈ.
- ઉપરોક્ત વિદ્યાર્થિની વ્યોમાનાં માતુશ્રી પૂર્વીબહેન શેઠ કે જેઓ રાજકોટની રાજકુમાર કૉલેજમાં નૃત્ય શિક્ષિકા અને સૃજન સ્કૂલ ઑફ ડાન્સના ડિરેક્ટર છે અને શાસ્ત્રીય નૃત્ય ભરતનાટ્યમના નૃત્યાંગના છે, તેઓનો તા.૨૭મીના રોજ સાયં પ્રાર્થનાના અનુસંધાને દસેક મિનિટનો નૃત્યનો કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા.૩૦મી જાન્યુઆરી ગાંધીનિર્વાણ દિન નિમિત્તે સવારે ૦૮-૦૦થી ૧૦-૦૦ સુધી સમગ્ર

લોકભારતી પરિવાર સંસ્થાના જુદાજુદા વિસ્તારમાં સફાઈકાર્યમાં લાગ્યો અને લોકભારતીની સફાઈ અને સુઘડતા નીખરી ઊઠી. શહીદદિન નિમિત્તે બરાબર ૧૧-૦૦ કલાકે સમગ્ર લોકભારતી પરિવારે પોતે જ્યાં હોય ત્યાં બે મિનિટનું મૌન રાખીને દેશ માટે શહીદ થયેલા શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી. સાંજે ગાંધીનિર્વાણ દિન કાર્યક્રમ સારસ્વતભવનમાં ૦૪-૧૫થી યોજાયો, તેમાં બે વિદ્યાર્થી પ્રતિનિધિઓએ પોતાનો પ્રાસંગિક સ્વાધ્યાય રજૂ કર્યો. ગાંધીજી અંગેની બેએક વીડિયો ક્લિપ્સ બતાવવામાં આવી. શ્રી વિશાલભાઈ જોશીએ પ્રાસંગિક વાચન કર્યું અને શ્રી હસમુખભાઈ દેવમુરારિએ સમાપન કર્યું. બરાબર ૦૫-૧૭ કલાકે પ્રાર્થના-ભજન-ધૂનથી કાર્યક્રમ સંપન્ન કરાયો.

- તા.૩૧ના રોજ લો.ભા. વ્યવસ્થાપક મંડળની એક બેઠક મળી જેમાં વ્યવસ્થાકીય બાબતો ચર્ચવામાં આવી અને યોગ્ય વહીવટી નિર્ણયો કરવામાં આવ્યા.
- શ્રી અરુણભાઈ દવે લોકભારતી કેંપસ પર શરૂ થયેલી તાલીમી શિબિરોમાં વિશેષ વ્યસ્ત રહ્યા. બી.વૉક.ના વિદ્યાર્થીઓના કેન્દ્રનિવાસની વ્યવસ્થાએ પણ ઘણો સમય લીધો. તા.૭-૮-૯ ત્રણ દિવસ બાળવાર્તા લેખન અને મોજીલું ગણિત શિબિરો સમયાંતરે ચાલી. તા.૯મીએ સાદગીપૂર્ણ રીતે ગ્રામદક્ષિણામૂર્તિનો વાર્ષિકોત્સવ ઉજવ્યો. સંસ્થાના મૂલ્યોને વર્તમાન સમયમાં મૂલવીને પ્રવચન આપ્યું. તા.૧૦મીએ લોકભારતીના વાર્ષિકોત્સવ પ્રસંગે પ્રાસંગિક પ્રવચન આપ્યું. તા. ૧૭મીએ દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનની બેઠકમાં ભાવનગર હાજરી આપી. તા. ૧૮મીએ ગાંધીજીવન પદયાત્રાની વર્ષગાંઠે યોજાએલ સ્નેહમિલનમાં પ્રાસંગિક સંબોધન કર્યું. તા.૧૯-૨૦-૨૧ દરમિયાન મોજીલું શિક્ષણની તાલીમ શિબિરને માર્ગદર્શન આપ્યું. તા.૨૨મીએ ઝૂમ પર ગ્રામદક્ષિણામૂર્તિની ટ્રસ્ટીમંડળ બેઠક સુપેરે સંપન્ન કરી. તા.૨૪મીએ શ્રી નાગરભાઈ દોશી સ્મારકનિધિની બેઠક લોકભારતી ખાતે યોજીને તા.૨૬મી અને ૩૦ના કાર્યક્રમોમાં પ્રેરક હાજરી આપી. તા.૨૭મીએ વહીવટી કામો સંદર્ભે માઈધાર મુલાકાત લીધી.

**આંબલા સમાચાર**

- તા.૦૯ના રોજ સંસ્થાના વાર્ષિકોત્સવ તથા પૂ. બુચદાદાની પુણ્યતિથિ નિમિત્તે સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ સાદાઈથી શ્રી અરુણભાઈના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી ભાવનાબહેન પાઠક, શ્રી નિગમભાઈ શુકલ, શ્રી વિશાલભાઈ ભાદાણી તથા લોકભારતીના કાર્યકરો હાજર રહ્યા.
- તા.૧૪ના રોજ ઉતરાયણ નિમિત્તે ગોશાળામાં સૌ કાર્યકરોની સક્રિય ભાગીદારીથી સમૂહ સફાઈનો કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા.૧૫ના રોજ ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ હાજર થયા અને સરકારી ગાઇડલાઇન પ્રમાણે અભ્યાસ શરૂ થયો.
- તા. ૨૨ના રોજ ટ્રસ્ટી મંડળની ઓનલાઇન મીટિંગ યોજાઈ ગઈ. જેમાં ટ્રસ્ટીશ્રીઓ શ્રી અરુણભાઈ દવે, શ્રી મધુકરભાઈ પારેખ, શ્રી પ્રકાશભાઈ શાહ, શ્રી કપિલભાઈ શાહ, શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ તથા શ્રી સુરસંગભાઈ ચૌહાણ જોડાયા.

**મણાર સમાચાર**

- રાજકોટની આર.કે. કૃષિ યુનિવર્સિટીના ૩૦ વિદ્યાર્થીઓનું એક ગ્રુપ તા.૧ના રોજ અહીંની ખેતી તથા કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રને પ્રત્યક્ષ જોવા, સમજવા માટે આવી ગયું. તેમની સાથે પરિચય મીટિંગ તથા વાર્તાલાપ યોજવામાં આવ્યો.
- તા.૧૧ના રોજ સરકારશ્રીની સૂચના પ્રમાણે ધો.૧૦ અને ધો.૧૨નાં છાત્ર-છાત્રાઓનું શિક્ષણ કાર્ય કોવિડની ગાઇડલાઇનું સંપૂર્ણપણે પાલન

કરીને શરૂ કરવામાં આવ્યું.

- તા.૧૪ના રોજ ઉત્તરાયણ નિમિત્તે ગોશાળામાં સફાઈ અને શેરડીનો કાર્યક્રમ સૌ કાર્યકરો સાથે યોજવામાં આવ્યો. તેમ જ સમગ્ર કાર્યકરો તરફથી ૫ ગુણ ખાણદાણ ગોશાળાને આપવામાં આવ્યું.
- શ્રી વી.વી. મણવર શિક્ષણ મહાવિદ્યાલય, ડુમિયાણીની ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી ત્રણ બહેનો ત્રણ માસના શિક્ષણ નિવાસ માટે આવેલ છે.
- એન.એસ.એસ.ના સ્વયંસેવકો તેમ જ સ્ટાફ દ્વારા તા.૨૩ના રોજ શ્રી સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતી ઉજવવામાં આવી. કાર્યક્રમનું સંચાલન શ્રી કંચનબહેન થડોદાએ કર્યું.
- મતદાન જાગૃતિ દિવસની ઉજવણી તા.૨૫ના રોજ કોવિડ-૧૯ની ગાઇડલાઇનને જાળવીને સૌએ શપથ ગ્રહણ કરી ઉજવી.
- આપણા શિક્ષક શ્રી વિનોદભાઈ વાઘેલાની કૃતિ 'ઇલેક્ટ્રિક સફાઈ મશીન'ની તાલુકા કક્ષાના ટોય ફેરમાં રજૂ કરવામાં આવી, જે કૃતિ તાલુકા કક્ષાએ કેટેગરી-૪ માધ્યમિક વિભાગમાં પ્રથમ નંબરે પસંદ થઈ. ત્યારબાદ જિલ્લા કક્ષાએ પણ પ્રથમ નંબરે પસંદ થઈ. હવે રાજ્યકક્ષાએ આ કૃતિને મોકલવામાં આવશે.
- ૨૬મી જાન્યુઆરી નિમિત્તે પ્રભાતફેરી, પરેડ, ધ્વજવંદન, સફાઈ વગેરે કાર્યક્રમો દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.
- ભાવનગર જિલ્લાની માધ્યમિક-ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં આ વરસે (વર્ષ ૨૦૨૦-૨૧) શ્રેષ્ઠ શાળા તરીકે મણાર લોકશાળાની પસંદ થઈ. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા પ્રજાસત્તાકદિન નિમિત્તે આ જાહેરાત કરવામાં આવી. શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ તેમ જ ૧ લાખ રૂપિયાની ધનરાશિ શિક્ષણ વિકાસ માટે માનનીય કેબીનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા હસ્તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉપરાંત સાંસદ મા.શ્રી ભારતીબહેન શિયાળની ઉપસ્થિતિમાં આચાર્યશ્રી ડાહ્યાભાઈ ડાંગરને અર્પણ કરવામાં આવી.
- મણાર લોકશાળાને શ્રેષ્ઠ શાળા તરીકે જાહેર થતાં અનેક શુભેચ્છકો તથા સ્નેહીજનો અને પૂર્વ કાર્યકરો, પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા શુભેચ્છા અને ધન્યવાદની વર્ષા થઈ. સૌ શુભેચ્છકોનો આભાર.
- સમ્રાટ સમાચાર ચેનલ દ્વારા આપણી શાળાની મુલાકાત લેવામાં આવી, તેની ચેનલ ઉપર અહીંના નિયામક, આચાર્ય તથા વિદ્યાર્થીઓના ઇન્ટરવ્યૂ પણ પ્રસારિત કરવામાં આવ્યા.
- ધોરણ ૯ અને ૧૧ની પાંચમી એકમ કસોટીનાં પરિણામ ઓનલાઇન આપવામાં આવ્યાં.
- ધો.૧૦ અને ૧૨ની છઠ્ઠી એકમ કસોટી તા.૨૭ અને ૨૮ના રોજ શાળામાં લેવામાં આવી અને ધો.૯ અને ૧૧ની એકમ કસોટી ઓનલાઇન યોજવામાં આવી.
- લોકભારતી ગ્રામવિદ્યાપીઠ દ્વારા શરૂ કરાએલ બી.વૉક અભ્યાસક્રમના ૮ વિદ્યાર્થીઓ અહીંના કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રમાં ત્રણ મહિનાની તાલીમ માટે આવ્યા.
- ભાવનગર જિલ્લાના પોલીસવડા શ્રી રાઠોડસાહેબ અહીંના કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રની ઉડતી મુલાકાતે આવી ગયા.
- ૩૦મી જાન્યુઆરી ગાંધી નિર્વાણ દિન નિમિત્તે પ્રાર્થના સભા, બે મીનિટનું મૌન અને સફાઈ જેવા કાર્યક્રમો યોજાયા. આ કાર્યક્રમમાં શ્રી પ્રવીણભાઈ મહેતા અને શ્રી સુરસંગભાઈ ચૌહાણે ગાંધી જીવન અને કવન ઉપર પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું.
- કોરોનાને કારણે 'મોજીલું શિક્ષણ' પ્રોજેક્ટ બંધ હતો તે તા.૧થી શરૂ થઈ ગયો છે. અહીંના બંને શિક્ષણ મિત્રો શાળાઓ બંધ હોવા છતાં પ્રોજેક્ટના ગામોમાં જાય છે અને અનૌપચારિક રીતે સ્વૈચ્છાએ જે બાળકો આવે તેમને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાવે છે.

## સ્વૈચ્છિક સંસ્થાઓના ગણિત-વિજ્ઞાન શિક્ષકોની તાલીમ શિબિર





## બી.વૉક.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વિવિધ પ્રકારની વિવિધ સ્થળોએ થઈ રહેલી પ્રત્યક્ષ તાલીમ

















To.

From :

**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*
**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुदित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।
**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. १५०/- प्रति अंक रु. १५/-